# ભગવાન મહાવીરના
# ઉપદેશ ગ્રંથ
# ‘‘આગમ’’

પ્રેરક :

યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

: સંપાદક :

ગુણવંત બરવાળિયા

Bhagwan Mahavir Na Updesh Granth

**"Aagam"**

Edited by :

**Gunvant Barvalia**

Jan. 2012

'આગમ'

આગમ મહોત્સવ : જાન્યુ. ૨૦૧૨

પ્રેરક – સંશોધક :

યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

સંપાદન :

ગુણવંત બરવાળિયા

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**

PARASDHAM

પારસધામ, તિલક રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૭૭.

Phone : 022 - 32043232

PAWANDHAM

પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી (વે). મુંબઈ – ૪૦૦ ૦૬૭.

Phone : : 022 - 32092277

# ડ્રીમ ટુ ડેસ્ટીની

**બંધ** આંખે જોયેલા સ્વપ્ન તો આંખ ખૂલતાં જ ગાયબ થઈ જાય છે. જ્યરો ખુલ્લી આંખે જોયેલા ડ્રીમ પાછળ જો પુરુષાર્થ કરવામાં આવે તો ડ્રીમને ડેસ્ટીની સુધી લઈ જઈ શકાય.

ખુલ્લી આંખે સ્વપ્ન સજાવનાર યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ અનેક સ્વપ્નો ને પોતાની ગજબની સાધના અને અથાગ મહેનત દ્વારા ન માત્ર સાકાર કર્યાં છે, પણ અર્હમ યુવા ગ્રુપ, લુક-એન-લર્ન, પારસધામ, પાવનધામ, પવિત્રધામ પછી હવે સજાવ્યું છે એક મહાસ્વપ્ન ... ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથો - 'આગમ'નું ઇંગ્લિશમાં અનુવાદ...!!

હજુ તો ગયા ડિસેમ્બરમાં પારસધામ - ઘાટકોપર ઉપક્રમે ગુજરાતી આગમ ગ્રંથોનું પુનઃપ્રકાશન કરાવ્યું એના લોકાર્પણ અવસરે ભવ્ય ''આગમ મહોત્સવ'' દ્વારા ઘર-ઘર અને જન-જન સુધી આગમ ગ્રંથો પહોંચાડવાનો ઉપદેશ આપ્યો... પ્રેરણા કરી અને અદ્‌ભુત સફળતા પ્રાપ્ત કરી...

આ વર્ષ જાન્યુઆરી-૨૦૧૨માં પાવનધામ કાંદિવલી ખાતે ભવ્ય 'આગમ મહોત્સવ'નું આયોજન થયું. હવે એ જ આગમો આજના યંગસ્ટર્સ અને વિદેશ સુધી પહોંચાડવા એને ઇંગ્લિશમાં અનુવાદ કરવાનું બીડું ઝડપ્યું.

પૂ. ગુરુદેવના આ ડ્રીમને ડેસ્ટીની સુધી લઈ જવા, સંસ્કૃત, પ્રાકૃત અને ઇંગ્લિશ ભાષાઓનું અને જૈન ધર્મનું જ્ઞાન ધરાવતાં દેશ-વિદેશના અને વિવિધ પ્રાંતોના પચાસથી વધુ વિદ્વાનોનો સહયોગ પ્રાપ્ત થયો છે તો આ મહામિશનના સંપાદન અને પ્રકાશન કાર્યમાં દરેક સંપ્રદાય અને દરેક ફિરકાઓના ગુરુ ભગવંતો અને સાધ્વી વૃંદનું માર્ગદર્શન સાંપડશે.

પૂ. ગુરુદેવના આ કાર્યમાં કોઈ તનથી, કોઈ મનથી, કોઈ સમયથી, કોઈ સંપત્તિથી, કોઈ કલાથી તો કોઈ સલાહથી જોડાઈ રહ્યાં છે.

ઇંગ્લિશમાં અનુવાદિત થયેલાં આ આગમ ગ્રંથો પુસ્તકાલયો, દેશ-વિદેશની યુનિવર્સિટીઓ, જૈન સેન્ટર્સ, વિશ્વની દરેક લાઈબ્રેરીઓ આદિ અનેક જગ્યાએ મોકલવામાં આવશે. આ ઉપરાંત ઇન્ટરનેટ પર પણ આ આગમ ઉપલબ્ધ થશે.

આવો ...

આગમ દ્વારા વિશ્વને ભગવાન મહાવીરનો પરિચય કરાવવાના પૂ. ગુરુદેવના આ સમ્યક્ પુરુષાર્થમાં આપણે પણ યથાશક્તિ આપણું યોગદાન આપીએ. પૂ. ગુરુદેવના ડ્રીમને ડેસ્ટીની સુધી લઈ જવા કંઈક અંશ સહયોગી બનીએ... પરમાત્માના આ કાર્યમાં સહકાર આપીએ ....!!

નાના બાળકથી લઈ વડીલ સુધી, સામાન્ય માનવીથી લઈ શ્રેષ્ઠીવર્ય સુધી સર્વના ભાવ અને સર્વની ભક્તિને સ્નેહથી સ્વીકારવામાં આવશે.

– ગુણવંત બરવાળિયા

*

# સેવાદાન અનુદાન

**શું આપ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ના**

**'આગમ અનુવાદ અભિયાન''માં સેવા પ્રદાન કરવા ઈચ્છો છો ?**

## આપ કયા પ્રકારની સેવા કરવા ઈચ્છો છો ?

* આગમનું ઈંગ્લિશમાં અનુવાદ ...
* કૉમ્પ્યુટરાઈઝ્ડ ઈંગ્લિશ ટાઈપિંગ
* પ્રિન્ટિંગ પેપર્સ ...
* આગમનનું પ્રૂફ રિડિંગ ...
* ગ્રાફિક ડિઝાઈનિંગ...
* પ્રિન્ટિંગ પ્લેટ્સ ...
* પ્રિન્ટિંગ, બાઈન્ડિંગ આદિ પ્રેસવર્ક
* પેકેજિંગ અને ટ્રાન્સપોર્ટેશન ...
* વેબ માસ્ટર ...
* વેબ ડિઝાઈનિંગ...
* આગમનો પ્રસાર ...
* આગમન વિચષક લેખ ...
* આગમની હસ્તલિખિત પ્રતોની શોધ...
* આગમથી વર્તમાન જીવનની વિકાસયાત્રા...
* આગમ અનુરૂપ સાહિત્ય લાવવા..
* આગમલક્ષી ડી.વી.ડી. લાવવી..
* સર્જનાત્મક વિચારો ...
* મિશન મૅનેજમેન્ટ...
* વીડિયો એડિટર...
* ટ્રાન્સલેશન.

**શ્રુતસેવાના આ કાર્યમાં આપનો આર્થિક સહયોગ આવકાર્ય છે**

**સંપર્ક : 9969003333, 9820038664**

**પારસધામ, ઘાટકોપર : 022-32043232**

**પાવનધામ : કાંદિવલી : 022-320092277**

# આગમ પરિચય

**પ્ર**બુદ્ધ કરુણાના કરનારા ભગવાન મહાવીરે ઉપ્પનેઈવા, વિગમેઈવા અને ધુવેઈવા આ ત્રિપદી દ્વારા દેશના આપી, ગણધર ભગવંતો દ્વારા આ ઉપદેશનો આગમરૂપે જનસામાન્ય બોધરૂપે ગુંથન થયો.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષ પછી પૂ. શ્રી દેવર્ધીગણીને અનુભૂતિ થઈ કે કાળક્રમે માનવીની સ્મૃતિ ઓછી થતી જાય છે, જેથી પૂજ્યશ્રીએ ભગવાન મહાવીરનો આ દિવ્ય વારસો જળવાઈ રહે તે માટે વલ્લભીપુરમાં ૫૦૦ સાધુ મહાત્માઓના સહયોગથી સતત ૧૩ વર્ષના પુરૂષાર્થથી લેખનકાર્ય દ્વારા લિપિબધ્ધ કર્યો...

પૂર્વાચાર્યોએ શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારા ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમોનું સંપાદન, સંશોધન, સંવર્ધન અને સંકલન કરી અદ્ભુત યોગદાન આપ્યું છે.

સમગ્ર માનવજાતના કલ્યાણને માટેની હિતચિંતાનો ભાવ, અકારણ કરૂણાના કરનારા પ્રભુ મહાવીરને સતત દેશના આપવા પ્રેરે છે. તેને કારણે માત્ર જૈન સાહિત્યને જ નહીં પરંતુ વિશ્વના દર્શન સાહિત્યને એક અમૂલ્ય ભેટ મળે છે.

આગમનું ચિંતન, સ્વાધ્યાય અને પરિશિલન અજ્ઞાનના અંધારા દૂર કરી જ્ઞાનનો દીવો પ્રગટાવે છે. જૈન તત્ત્વજ્ઞાનનું આચારશાસ્ત્ર તથા વિચાર દર્શનના સુભગ સમનવ્ય સાથે સંતુલિત તેમ જ માર્મિક વિવેચન આગમમાં છે, તેથી તેને જૈન પરંપરાનું જીવનદર્શન કહી શકાય...

પાપ-પ્રવૃત્તિ અને કર્મબંધનમાંથી મુક્ત થઈને પંચમગતિના શાશ્વત સુખો કઈ રીતે પામી શકાય તે અહિંસાના પરમ ધ્યેયની પુષ્ટિ કરવા સદ્ગુણોની પ્રતિષ્ઠા આ સંપૂર્ણ સૂત્રોમાં કરી છે.

આગમના નૈસર્ગિક તેજપૂંજમાંથી એક નાનકડું કિરણ મળે તો પણ આપણું જીવન પ્રકાશમય થઈ જાય. આત્માને કર્મમુક્ત થવાની પાવન પ્રક્રિયામાં પ્રવાહિત કરતાં આગમ સૂત્રો, આત્મ સુધારાણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

ગણધર ભગવંતોએ ભગવાનની વાણીને ઝીલી સૂત્રબદ્ધ કરેલા આગમો,

જીવનના કલ્યાણમંગલ માટે, વ્યક્તિને ઉર્ધ્વપંથના યાત્રી બનાવવા માટે પ્રેરણાના પ્રકાશ પાથરે છે.

અનાદિકાળથી આત્મા ઉપર લાગેલી કર્મરજને સાફ કરવાથી પ્રક્રિયા એટલે આત્મસુધારણા ! આત્મા પર કર્મ દ્વારા વિકૃતિ અને મલિનતાના થર જામ્યા છે, જેથી હું મારા આત્માના સાચા સ્વરૂપને જોઈ શકતો નથી. અપાર શક્તિના સ્વામી આત્માના દર્શન થઈ જાય તો સંસારના દુઃખો અને જન્મ-મરણની શૃંખલામાંથી મુક્તિ મળે.

આ સૂત્રોમાં ભગવાન મહાવીરે અધ્યાત્મ અને તત્વજ્ઞાનની વાતો સાથે વૈજ્ઞાનિક અનુબંધ વિચારનો અદ્‌ભુત સમન્વય કર્યો છે. મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન અને પર્યાવરણને લગતી જે વિગતો દર્શાવી છે તે જોતાં ભગવાન મહાવીરમાં પરમ વૈજ્ઞાનિકના દર્શન થાય છે.

આગમ એટલે જિનેશ્વર ભગવાનનું પ્રવચન, મોક્ષમાર્ગનું નિરુપણ અને આત્મવિદ્યાનો મૂળ સ્ત્રોત છે. જિનાગમ અધ્યાત્મ જ્ઞાનનો તો અનુપમ કોષ છે જ, ઉપરાંત વિશ્વની તમામ વિદ્યાઓનો અજોડ સંગ્રહ છે.

ભૌતિકવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, ખગોળ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, ગણિત, અર્થશાસ્ત્ર, જ્યોતિષ, કલાઓ અને વિવિધ ક્ષેત્રના જ્ઞાનનો મહાસાગર છે.

આગમ, અહિંસા, સંયમ અને તપ તરફ જીવનું પ્રયાણ કરાવનાર છે. આ=આત્મા તરફ ગમ=ગમન કરાવે તે આગમ છે.

આગમશાસ્ત્રો જૈનશાસ્ત્રના બંધારણનો પાયો છે. જૈન આગમરૂપી આ દસ્તાવેજમાં જ્ઞાન, દર્શન અને ચરિત્ર રૂપ ત્રિરત્નની માલિકી આપવાના સિદ્ધાંત છે, નિયમો અને આચારોનું માર્ગદર્શન આપવામાં આવેલ છે. એમાં જણાવેલ આચારપાલન માનવીની આત્મસુધારણા અવશ્ય કરાવી શકે.

ગણધર ભગવંતો તીર્થંકર પ્રભુના શ્રીમુખે ત્રિપદી સાંભળી, અંગસૂત્રોનો આધાર લઈ આચાર્ય ભગવંતોએ રચેલા શાસ્ત્ર જેમાં દ્વાદશાંગી રૂપ મૂળ બાર અંગસૂત્રો અભિપ્રેત છે.

દ્વાદશાંગીને સમવાયસૂત્રમાં ‘શાશ્વતી’ કહી છે. તે ભૂતકાળમાં હતી, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ રહેશે. તેથી તે અચળ, ધ્રુવ, શાશ્વત, અક્ષય અને નિત્ય છે.

એક અન્ય માન્યતા મુજબ આગમ સાહિત્યને ચાર ‘અનુયોગ’માં વિભક્ત

કરેલ છે. **અનુયોગ એટલે શું ?** 'અનુ' અને 'યોગ' એમ બે શબ્દોના સંયોગથી 'અનુયોગ' શબ્દ નિર્મિત થયો છે. તેની પાંચ પરિભાષા મળે છે.

૧) અયોજનને અનુયોગ કહેવામાં આવે છે. અનુયોજન એટલે જોડવું, એકબીજાને સંયુક્ત કરવું. શબ્દ અને અર્થને સંબંધિત કરવા તે.

૨) જે ભગવત કથનથી સંયોજિત કરે તે અનુયોગ.

૩) સૂત્રની સાથે અનુકૂળ, અનુરૂપ કે સુસંગત અર્થનો સંયોગ તે અનુયોગ.

૪) સૂત્ર સાથે અર્થનો યોગ તે અનુયોગ.

૫) સૂત્ર સાતે અનુકૂળ અર્થની યોજના તે અનુયોગ. શિષ્યોને વિવિધ ઉપાયો, વાક્યો, યુક્તિઓથી સૂત્રાર્થને સમજાવવા તે અનુયોગ છે.

અનુયોગના વિવિધ રીતે ભેદ-પ્રભેદ જોવા મળે છે, પરંતુ મુખ્ય ચાર વિભાગ મળે છે.

**અનુયોગના ચાર પ્રકાર :**

૧) **ચરણકરણાનુયોગ :** શ્રાવકો અને સાધુઓના ચારિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષા સંબંધી વર્ણન ચરણાકરણાનુયોગ કહેવાય છે. શ્રાવક અને સાધુના આચારને વર્ણવતા અનુયોગને ચરણકરણાનુયોગ કહેવામાં આવે છે.

૨) **ધર્મકથાનુયોગ :** અહિંસા, સંયમ, તપ વગેરે ધર્મો સંબંધી કથાઓ, ત્રિષષ્ટીશ્લાઘનીય પુરુષો તથા અન્ય મહાપુરુષોના માધ્યમથી જ્ઞાનાદિ ધર્મને વર્ણવતા અનુયોગને ધર્મકથાનુયોગ કહે છે.

૩) **ગણિતાનુયોગ :** ગણિતના માધ્યમથી વિષયને સ્પષ્ટ કરવામાં આવતો હોય તો તેને ગણિતાનુયોગ કહે છે. કાળ, ક્ષેત્ર વગેરેની ગણનાનો સમાવેશ ગણિતાનુયોગ કહેવાય છે.

૪) **દ્રવ્યાનુયોગ :** જીવાદિ દ્રવ્યો, નવતત્ત્વાદિ વિષયોના વર્ણનને દ્રવ્યાનુયોગ કહેવામાં આવે છે.

૧૧ અંગસૂત્રો, ૧૨ ઉપાંગ, ૪ મૂળસૂત્રો, ૪ છેદસૂત્રો અને એક આવશ્યક સૂત્ર મળીને બત્રીસ સૂત્રો થાય છે. (દૃષ્ટિવાદ સૂત્ર વિચ્છેદ ગયું છે)

મૂર્તિપૂજક સંપ્રદાયમાં દસ પ્રકિર્ણક, પંચકલ્પભાષ્ય, મહાનિશીથ તથા પિંડનિર્યુક્તિ મળીને ૪૫ સૂત્રો છે.

****

## શ્રી આચારાંગ સૂત્ર

इमेण चेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ?
जुद्धारिहं खलु दुल्लहं ।
जहेत्थ कुसलेहिं परिण्णाविवेगे भासिए ।

આ આત્મામાં રહેલા કર્મશત્રુઓની સાથે યુદ્ધ કર, બીજાની સાથે યુદ્ધ કરવામાં તને શું લાભ ? ખરેખર ભાવયુદ્ધને યોગ્ય સાધન મળવા જ દુર્લભ છે. જે આ જૈન શાસનમાં તીર્થંકરોએ આત્મયુદ્ધના સાધનરૂપે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચારરૂપ પરિજ્ઞા–વિવેકનું પ્રતિપાદન કર્યું છે.

# (૧) શ્રી આચારાંગ સૂત્ર

## આત્માથી પરમાત્મા સુધીની યાત્રાનું માર્ગદર્શન

**ભ**ગવાનના આત્મજ્ઞાનમાંથી પ્રગટ થયેલું કેવલજ્ઞાન અને કેવળજ્ઞાનમાંથી પ્રગટ થયેલા રહસ્યો આગમમાં દર્શમાન થાય છે. ભગવાન મહાવીરે સાડાબાર વર્ષની ઉત્કૃષ્ઠ તપસાધનાથી પોતાના મન, વચન અને કાયા પર પૂર્ણપણે નિગ્રહ કરી આત્મસિદ્ધિ દ્વારા જે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને તે કેવળજ્ઞાન દ્વારા જે રહસ્યો અનુભવ્યાં, પ્રગટચાં અને જગતજીવોને જે દુઃખી થતા જોયા તેથી તેના મુખમાંથી સહજતાથી ભવ્ય જીવોના કલ્યાણ અને શ્રેયનો માર્ગ પ્રગટ થયો તેમાંનું પ્રથમ જે આગમ પ્રગટ થયું તે શ્રી આચારાંગ સૂત્ર.

કેવળ જ્ઞાનની જ્ઞાન અવસ્થામાં ભગવાને સર્વ જીવોના કલ્યાણ માટે ઉપદેશ આપવાની શરૂઆત કરી તેનો સર્વ પ્રથમ ઉપદેશ શ્રી આચારાંગ સૂત્ર દ્વારા આપ્યો. આત્માની ઓળખ અને હું આત્માથી ભિન્ન છું તેવા પ્રકારની આત્મદશા પર ભગવાને આચારાંગ સૂત્રમાં વર્ણન કર્યું છે. આત્માના વિષય પર જેમને ઊંડાણપૂર્વક જ્ઞાનપ્રાપ્તિ કરવી હોય, તેને માટે આચારાંગ સૂત્ર ઉપકારક બને છે. આ સૂત્રમાં માનવીય વૃત્તિઓ તે વૃત્તિઓને કારણે જાગતો સંસાર અને તે વૃત્તિઓથી કેવી રીતે મુક્ત થવું તેના પર ભગવાન મહાવીરનું માર્ગદર્શન છે, સૂત્રમાં નવ અધ્યયનો છે. જેમને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું છે, સંસારથી મુક્ત થઈ જે સાધકદશાનો સ્વીકાર કરવો છે, તે સાધકદશાની જીવનચર્યા કેવા પ્રકારની હોવી જોઈએ તેના ઉપર અત્યંત ઉપકારક નિર્દેશ આપ્યો છે. આચારંગ સૂત્ર વાંચનાર વ્યક્તિને પોતાના આત્મા પ્રતિ જાગૃત દશા પ્રગટાવવાનો પુરુષાર્થ કરવાની પ્રેરણા મળે છે. આમ આચારંગ સૂત્ર ભગવાન મહાવીરે આપેલી દેશનામાં સર્વપ્રથમ છે અને તે જ સર્વ જ્ઞાનનું મૂળ છે.

આત્મજ્ઞાન પામ્યા વગર જગતનું કોઈ પણ જ્ઞાન અજ્ઞાન ગણાય છે. માટે આત્મજ્ઞાન પામવાના ઇચ્છુક સાધકોએ આચારાંગ સૂત્રનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

આત્માને આત્મા વડે પામવા આત્મા જે આચરે તે આચારાંગ. આ સૂત્રનાં ૭ અન્ય નામો પણ વૃત્તિકાર દર્શાવે છે. આચારાંગ એ સાધુ-સાધ્વીના

સંયમજીવનનો પાયો છે. સાધુના આચારધર્મનું અને ચારિત્રધર્મનું નિરુપણ મળે છે. ''આચરવું તે આચાર છે, અને જ્ઞાનાદિક્ના સેવનનું જે સૂત્રમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે આચારાંગ છે.'' ભગવાન મહાવીરસ્વામીના સમયથી નવ દીક્ષિતોને આચારાંગ સૂત્રનું અધ્યયન સર્વ પ્રથમ કરાવવામાં આવતું હતું.

વૈજ્ઞાનિકોએ વનસ્પતિમાં જીવ હોવાની શોધ કરી. શ્રી આચારાંગમાં ભગવાને આગળ વધીને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ છે તેવી વાત કહી છે. વનસ્પતિને સંવેદના છે તેવી સંવેદના પાણીને પણ છે. મનુષ્ય પાસે સ્પર્શ ઇન્દ્રીય છે તેવી જ સ્પર્શની સંવેદના પૃથ્વી અને પાણી પાસે છે. પૃથ્વીમાં જીવ છે તેથી જ પહાડોમાં વધઘટ થાય છે.

ભૂસ્તરશાસ્ત્રીઓના શંશોધનમાં જણાયું છે કે પહાડોના કદમાં વધઘટ થતી હોય છે.

ફોરનેટ નામના મેગેઝીનમાં 'Mountain that Grwos' નામનો લેખ પ્રગટ થયેલો જેમાં માત્ર પર્વતોની બાહ્યવૃદ્ધિ નહીં પણ આંતરિક વૃદ્ધિની વાત પ્રગટ થયેલ હતી. એ વાત સ્વાભાવિક છે કે જીવ હોય ત્યાં જ આવી આંતરિક વૃદ્ધિ સંભવી શકે.

સાધનો દ્વારા વ્યક્તિ સુખ મેળવે પરંતુ વગર સાધનો દ્વારા જે સુખ મેળવે તેમાં પરમ આનંદની અનુભૂતિ થાય છે. શ્રી આચારાંગમાં ભગવાન કહે છે કે ભોગમાં સુખનો અનુભવ થાય છે, તેના કરતાં યોગમાં સુખયુક્ત આનંદની અનુભૂતિ થાય છે.

****

* જ્ઞાનનો વિકાસ જ વ્યક્તિને સામાન્યમાંથી વિશિષ્ટ બનાવે છે.

શ્રી સૂયગડાંગ સૂત્ર

एवं खु णाणिणो सारं, जं ण हिंसइ किंचणं ।
अहिंसा समयं चेव, एतावंतं वियाणिया ॥

વિશિષ્ટ વિવેકી પુરુષને માટે આ જ સાર–ન્યાયસંગત(નિષ્કર્ષ) છે કે તે કોઈપણ જીવની હિંસા ન કરે. અહિંસાના કારણે બધા જીવો પર સમતા રાખવી આટલું જાણવું જ જોઈએ અથવા અહિંસાનો આ સિદ્ધાંત સમજવો જોઈએ.

# (૨) શ્રી સૂયગડાંગ સૂત્ર

## જૈનદર્શનની શ્રેષ્ઠતાનું ન્યાયયુક્ત વર્ણન

**આત્મજ્ઞાન**ની પ્રાપ્તિ પછી જ્યારે સાધક આત્મશુદ્ધિ કરવાનો પ્રરુષાર્થ ઉપાડે છે ત્યારે તે જગતના અનેક દર્શનોમાં અટવાય છે. આત્મજ્ઞાન પ્રાપ્તિ માટે કેવા પ્રકારનો પુરુષાર્થ કરવો જેથી હું આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી શકું. આવો પ્રશ્ન જ્યારે ઉઠે છે ત્યારે જગતના અનેક ધર્મો, દર્શનો અને અનેક પ્રકારની માન્યતાઓ તેની વિચારણામાં ઉઠે છે, અને જ્યારે આવા પ્રકારની વિચારણાઓ તેના મનમાં થાય છે ત્યારે તે જગતની અનેક માન્યતાઓનું તે દર્શન કરે છે ત્યારે ઘણી વાર સાધક અટવાઈ જાય છે અને જ્યારે તે અટવાઈ જાય ત્યારે અનેક પ્રકારના પ્રશ્નો તેના હૃદયમાં ઉદ્‌ભવે છે ત્યારે મારે શું કરવું ? આવા સંજોગોમાં ભગવાન મહાવીર ઉપકારક દૃષ્ટિબિંદુ આપે છે. જગતના અનેક દર્શનો - માન્યતાઓ જગતની અનેક પ્રકારની આત્મશુદ્ધિની માન્યતાઓમાં સર્વજ્ઞ પ્રભુમહાવીરે યોગ્ય દિશા કેવી હોવી જોઈએ તેનું પૂર્ણ નિરૂપણ શ્રી સુયગડાંગ સૂત્રમાં કરેલું છે.

જગતના અન્ય દર્શનોથી જૈન દર્શન ક્યાં અને કેવી રીતે અલગ પડે છે. તેનાં કારણો શું છે અને જૈનદર્શનની વિશિષ્ટતાઓ શું છે તેના અત્યંત ઉપકારક વર્ણન સુયગડાંગ સૂત્રમાં આવે છે. અનેક ધર્મોની માન્યતાઓથી જૈન દર્શનની માન્યતા કેવી રીતે અલગ પડે છે તેની ઉપર વિશેષ વર્ણન આ સૂયગડાંગ સૂત્રમાં આવે છે. આ સૂત્રમાં નર્ક અને નર્કની વેદનાનું વર્ણન અને ભગવાન મહાવીરની વિલક્ષણતાઓનું વર્ણન આ સૂત્રમાં આવે છે. અનેક ધર્મઅભ્યાસુ આત્માઓ, તત્ત્વચિંતન કરતા આત્માઓ માટે સૂયગડાંગ સૂત્ર પૂર્ણતત્ત્વ ચિંતનની દશાઓ પ્રગટ કરે, જ્યારે કોઈ પણ આત્મા પૂર્ણપણે ચિંતન દિશામાં આગળ વધે છે ત્યારે તે વિવિધ પ્રકારની માન્યતામાં અટવાઈ ન જાય તેવા દૃષ્ટિબિંદુ આ સૂત્રમાં મળે છે.

આ આગમમાં આર્દ્રકુમારની વાત દ્વારા સંયમ પહેલાં ભવિષ્યવાણી થયેલ કે તું દીક્ષા ભલે લે પણ તારા ૧૨॥ (સાડાબાર) વર્ષના ભોગવલી કર્મ બાકી છે તે ભોગવવા સંસારમાં પાછું આવવું પડશે ને તેમ જ થયું.

ભગવાન મહાવીરે કહ્યું કે તાર્કિકપણે ગંગાસ્નાનથી મોક્ષ મળતો હોય તો ગંગામાં રહેલી બધી જ માછલીને મોક્ષ મળી જાય. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્નાન એ બાહ્યશુદ્ધિનું કારણમાત્ર છે, આત્મશુદ્ધિની પ્રક્રિયા નથી. દેહશુદ્ધિનું મહત્ત્વ ગૌણ છે. મોક્ષમાર્ગમાં આત્મશુદ્ધિનું જ મહત્ત્વ છે.

ભગવાને એક બહુ જ માર્મિક વાત કહી છે કે રસ્તે જતી ઝાડુવાળી કે કામવાળી પણ સાધુને સાચી સલાહ આપે તો સાધુએ એ સલાહ માની લેવી જોઈએ.

વર્ણ વ્યવસ્થા પ્રજ્ઞાનું કારણ નથી. ભગવાનની આ વાતમાં, પ્રભુમાં આપણને એક સમાજચિંતક કે સમાજશાસ્ત્રીનાં દર્શન થાય છે.

*   *   *   *

**શ્રુતજ્ઞાનને અભિવંદના**

શ્રુતજ્ઞાન તુજને આજ મારા ભાવભર્યા નમસ્કાર છે
ને સમ્યક્ રૂપે પરિણમો એ ભાવ વારંવાર છે
મને પ્રકાશ દીધો મુક્તિમાર્ગે તારો મહાઉપકાર છે
ને હજુએ તારી હાજરી પૂર્ણ મને કરનાર છે.



**दस णक्खत्ता णाणस्स वुड्ढिकरा पण्णत्ता, तं जहा–**
**मिगसिरमद्दा पुस्सो, तिण्णि य पुव्वाइं मूलमस्सेसा।**
**हत्थो चित्ता य तहा, दस वुड्ढिकराइं णाणस्स**

દશ નક્ષત્ર જ્ઞાનની વૃદ્ધિ કરનારા છે, તે આ પ્રમાણે છે– (૧) મૃગશિર (૨) આર્દ્રા (૩) પુષ્ય (૪) પૂર્વાષાઢા (૫) પૂર્વ ભાદ્રપદા (૬) પૂર્વા ફાલ્ગુની (૭) મૂળ (૮) અશ્લેષા (૯) હસ્ત (૧૦) ચિત્રા. આ દશ નક્ષત્ર જ્ઞાન વૃદ્ધિ કરાવનારા છે.

પ્રસ્તુત સૂત્રથી સ્પષ્ટ થાય છે કે જ્ઞાન વૃદ્ધિમાં નક્ષત્રનો સંયોગ પણ સાધકતમ કારણ છે. આ જૈન સિદ્ધાંતની વિશાળતા અને અનેકાંતિકતાનો આદર્શ છે. નક્ષત્રો પોતપોતાના મંડલ પર પોતાની ગતિ પ્રમાણે પરિભ્રમણ કરતા રહે છે. નક્ષત્ર ૨૮ છે. નક્ષત્રોની ગતિ ચંદ્રની ગતિથી તીવ્ર છે માટે એક એક નક્ષત્ર ચંદ્ર સાથે થોડા સમય ચાલીને આગળ વધી જાય છે. આ રીતે એક મહીનામાં સર્વે નક્ષત્ર ચંદ્ર સાથે સંયોગ કરી અર્થાત્ સાથે ચાલીને આગળ નીકળી જાય છે. તેઓનો ચંદ્ર સાથે સંયોગનો જે સમય હોય તે અલગ-અલગ મહત્ત્વ ધરાવે છે. આ કારણે સૂત્રોક્ત દસ નક્ષત્રનો ચંદ્ર સાથે સંયોગ હોય ત્યારે જ્ઞાનનો પ્રારંભ આદિ કરવો તે જ્ઞાનવર્ધક હોય છે.

## (૩) શ્રી ઠાણાંગ સૂત્ર

### વિશ્વના તમામ વિષયોનું સંખ્યાત્મક જ્ઞાનવર્ણન

ભગવાન મહાવીરે જગતના જીવોની અલગ અલગ પ્રકારની રૂચિ જાણી હતી. તેને ગણિત, ઈતિહાસ, ભૂગોળ, ખગોળ, જીવવિજ્ઞાન ઉપરના અનેક વિષયોનાં રહસ્યોનું વર્ણન બતાવ્યું છે.

જે સાધકો જગતના જ્યોતિષ, જીવવિજ્ઞાન વિશે જાણવું હોય, જગતની અનેક પ્રકારની વાસ્તવિકતા જાણવાનો પુરુષાર્થ ઉપાડયો હોય તેવા સાધકો માટે ૧થી ૧૦ સુધીની સંખ્યામાંનું નિરૂપણ ઠાણાંગ સૂત્રમાં મળે છે. જગતનાં એવાં કેટલાંક રહસ્યો છે જે રહસ્યો ઠાણાંગ સૂત્રમાં રહેલાં છે.

ગણિતના આધારે વિષયો સમજવાની ઋચિ હોય તેવા સાધકો માટે ઠાણાંગ સૂત્ર અત્યંત ઉપકારક બને છે.

૧થી ૧૦ સંખ્યાના વિષયોને અલગ અલગ રીતે ગોઠવવામાં આવેલ છે.

ઠાણાંગ સૂત્ર યાદ રાખવામાં અતિ સહજ છે. નાની નાની કેટલીય બાબતોના આ સૂત્રમાં ભંડાર છે.

દસમાં અધ્યયનમાં દસ રાષ્ટ્રધર્મોનો ઉલ્લેખ છે. રાષ્ટ્રધર્મ જાણવાની જિજ્ઞાસાવાળા સાધકો માટે ઉપયોગી છે.

વરસાદ ન આવતો હોય તો કેમ લાવવો, કઈ નદીમાં કેટલું પાણી રહેશે, ગંગામાં ગાડાનું અડધું પૈડું ડૂબે તેટલું છઠ્ઠા આરામાં પાણી રહેશે તેવી ભવિષ્યવાણી ભગવાને કરી છે.

આ સૂત્રમાં ભગવાને ૧૦ નક્ષત્રમાં જ્ઞાનની વૃદ્ધિની વાત દર્શાવી છે. જેને જ્ઞાન ન ચડતું હોય તેણે ૧૦ નક્ષત્રોમાં વિદ્યાપ્રાપ્તિનો પુરુષાર્થ વિશેષ કરવા કહ્યું. આ નક્ષત્રો - વૃશ્ચિક, આર્દ્રા, પુષ્ય, પુર્વાસના, પૂર્વભાદ્રપદા, પૂર્વફાલ્ગુની, મૂળ, આશ્લેષા, અશ્વ અને ચિત્રા.

નક્ષત્રમાંથી જે કિરણો નીકળે છે તે આપણા બ્રેઈનને અસર કરે છે. આ નક્ષત્રના સમયમાં ખુલ્લામાં કે ટેરેસ પર વિદ્યાપ્રાપ્તિનો પ્રયોગ કરવાનો હોય છે.

આમાં આત્મરક્ષાના ત્રણ ઉપાય બતાવ્યા છે. સંઘર્ષ થાય તેને

સમજાવવું - પછી મૌન રહેવું અને અંતે જગ્યા છોડી દેવી. સંઘર્ષ પ્રત્યક્ષ હોવાથી વધે. દૂર થવાથી હીટનું કન્વર્ઝન ઘટે જેથી સંઘર્ષ ઘટે તેવો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપિત કર્યો છે.

અહીં ધરતીકંપનાં કારણો બતાવ્યાં છે. ભૂતળમાં મોટી મોટી પ્લેટો ખસી જાય એટલે ભૂકંપ આવે છે. પૃથ્વી નીચે ત્રણ ગાવ લાંબા પહોળા અજગર જેવા જીવો સાપ જેમ હલનચલન કરે તેથી ભૂકંપ આવે છે. ભૂકંપ આવવાના ઘણાં કારણોમાંનું આ એક કારણ છે. ભૂતળમાં રહેલાં આવાં મહાકાય પ્રાણીઓ ભૂસ્તરશાસ્ત્રીઓ માટે સંશોધનનો વિષય છે.

*   *   *   *



**अट्ठ मयट्ठाणा पण्णत्ता तं जहा-**
**जाइमए कुलमए बलमए रुवमए तवमए सुयमए**
**लाभमए इस्सरियमए ।**

મદસ્થાન આઠ છે, યથા – જાતિ મદ, કુળ મદ, બલમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ (વિદ્યાનો અહંકાર), લાભમદ અને ઐશ્વર્યમદ.

મનુષ્ય જે સ્થાન અથવા કારણથી અભિમાન કે અહંકાર કરે છે, તેને મદ સ્થાન કહે છે. જાતિમદ– માતૃપક્ષની શ્રેષ્ઠતાનો અહંકાર, કુળમદ– પિતૃવંશની શ્રેષ્ઠતાનો અહંકાર, બલમદ– પોતાના બળ, શક્તિ, તાકાતનો અહંકાર, રૂપમદ– પોતાના વર્ણ,ગંધાદિ તથા મુખાદિ લાવણ્ય, નમણાશ આદિ રૂપ સૌંદર્ય નો અહંકાર, તપમદ– દીર્ઘ, ઉગ્ર તપશ્ચર્યા કરી શકતા હોય, તો તેનો અહંકાર, શ્રુતમદ– વિદ્યાનો અહંકાર. વિભિન્નકળાઓમાં પ્રવીણતા–કુશળતાનો અહંકાર, લાભમદ– ધન–સંપતિ આદિની પ્રાપ્તિનો અહંકાર, ઐશ્વર્યમદ–પ્રભુતા, પદ, પ્રતિષ્ઠા આદિનો અહંકાર.

# (૪) શ્રી સમવાયાંગ સૂત્ર

## અનેક પ્રકારના વિષયોના સમન્વયનું વિશિષ્ટ દષ્ટિબિંદુ

ભગવાન મહાવીરે પોતાની જે જ્ઞાનધારા વહાવી તેમાં ચોથું આગમ સમવાયંગ સૂત્ર છે.

અનેક પ્રકારના વિષયોનું સંકલન આ સૂત્રમાં આવે છે.

વિરોધી વિષયોનો સમન્વય કઈ રીતે કરવો તેના પર અનેક દૃષ્ટિબિંદુ ભગવાને સમવાયાંગ સૂત્રમાં આપેલાં છે.

જગતની કોઈ પણ પરિસ્થિતિમાં કેવી રીતે સમતા રાખી શકાય તેના પર માર્ગદર્શન આપેલ છે.

એકથી અસંખ્યની સંખ્યા પર વિવિધ વિષયોનું વિવેચન કર્યું છે.

ભગવાન માને છે કે વાળ વિકારનું કારણ છે માટે ભગવાને વિકાર ઉપશમનનો સમય બતવ્યો છે. તેવા સમયે ''ગોલોમ''થી વધારે વાળ ન રાખી શકાય તેવી વૈજ્ઞાનિક વાત આ સૂત્રમાં કરી છે.

નક્ષત્ર તારા ગતિ જ્યોતિષની ચર્ચા કરી છે.

આ સૂત્રમાં સાધુ - સાધ્વીજીની વિહારચર્યાના કલ્પો બતાવ્યા છે.

સમવાયાંગ સૂત્ર ઠાણાંગ સૂત્રની જેમ એકથી અસંખ્ય સંખ્યાના વિષયોનો ભરપૂર ખજાનો છે.

સમવાયાંગ સૂત્રમાં જગતના અનેક વિષયોના દૃષ્ટિબિંદુને સ્પષ્ટ કરી આપણા પર પરમ ઉપકાર કર્યો છે.

દેવોનું જેટલા સાગરોપમનું આયુષ્ય હોય એટલા હજાર વર્ષે આહાર લે અને એટલા પખવાડિયે શ્વાસ લે.

ઓગણીશમા તીર્થંકર પરમાત્માએ રાજ્ય સ્વીકારી ભોગવી સંયમજીવન સ્વીકાર્યું છે તેનું વર્ણન છે.

વિજ્ઞાને એક સૂર્ય અને એક ચંદ્રની વાત કરી છે. ભગવાન કહે છે કે બે સૂર્ય છે અને બે ચંદ્ર છે. આજે આપણે જે સૂર્ય જોઈએ છીએ તે કાલે ન હોય પરંતુ કાલે બીજો સૂર્ય હોય અને પહેલા દિવસનો સૂર્ય પરમ દિવસે દેખાશે. વિજ્ઞાન માટે આ સંશોધનનો વિષય છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ જાણવાની જિજ્ઞાસાવાળા સાધકોએ સમવાયાંગનો અભ્યાસ કરવો જોઈએ. ****

**तहारूवं णं भंते ! समणं वा माहणं वा पज्जुवासमाणस्स**

**किं फला पज्जुवासणा? गोयमा ! सवणफला ।**

પ્રશ્ન– હે ભગવન્ ! તથારૂપ [જેવો વેશ છે, તદનુરૂપ ગુણવાળા]ના શ્રમણ અથવા માહણની પર્યુપાસના કરનાર મનુષ્યને, તેની પર્યુપાસનાનું શું ફળ પ્રાપ્ત થાય છે ?

ઉત્તર–હે ગૌતમ ! તથારૂપના શ્રમણ–માહણના પર્યુપાસકને તેની પર્યુપાસનાનું શ્રવણ– સત્–શાસ્ત્ર–શ્રવણરૂપ ફળ પ્રાપ્ત થાય છે.

**से णं भंते ! सवणे किंफले ? णाणफले ।**

પ્રશ્ન– હે ભગવન્ ! તે શ્રવણનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! શ્રવણનું ફળ જ્ઞાન છે અર્થાત્ શાસ્ત્રશ્રવણથી જ્ઞાનલાભ થાય છે.

**से णं भंते ! णाणे किंफले ? विण्णाणफले ।**

પ્રશ્ન– હે ભગવન્ ! તે જ્ઞાનનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્ઞાનનું ફળ વિજ્ઞાન છે. જ્ઞાનથી હેય અને ઉપાદેય તત્ત્વના વિવેકની પ્રાપ્તિ થાય છે.

**से णं भंते ! विण्णाणे किंफले ? पच्चक्खाणफले ।**

પ્રશ્ન– હે ભગવન્ ! તે વિજ્ઞાનનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન છે. હેય પદાર્થોનો ત્યાગ છે.

से णं भंते ! पच्चक्खाणे किंफले ? संजमफले ।

પ્રશ્ન– હે ભગવન્ ! પ્રત્યાખ્યાનનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! પ્રત્યાખ્યાનનું ફળ સંયમ–સર્વ સાવદ્ય ત્યાગરૂપ સંયમ અથવા પૃથ્વીકાયાદિનો ૧૭ પ્રકારનો સંયમ છે.

से णं भंते ! संजमे किंफले ? अणण्हयफले ।

પ્રશ્ન– હે ભગવન્ ! સંયમનું ફળ શું છે ?

ઉત્તર– હે ગૌતમ ! સંયમનું ફળ અનાશ્રવત્વ છે. નવા કર્મોનો બંધ ન થવો.

से णं भंते ! अणण्हए किं फले ? तवफले ।

પ્રશ્ન– હે ભગવન્ ! અનાશ્રવનું ફળ શું છે ?

ઉત્તર– હે ગૌતમ ! અનાશ્રવનું ફળ તપ છે.

से णं भंते ! तवे किं फले ? वोदाणफले ।

પ્રશ્ન– હે ભગવન્ ! તપનું ફળ શું છે ?

ઉત્તર– હે ગૌતમ ! તપનું ફળ વ્યવદાન છે અર્થાત્ કર્મનાશ છે.

से णं भंते ! वोदाणे किं फले ? अकिरियाफले ।

પ્રશ્ન– હે ભગવન્ ! વ્યવદાનનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! વ્યવદાનનું ફળ અક્રિયાપણુ છે.

से णं भंते ! अकिरिया किं फला? सिद्धिपज्जवसाणफला पण्णत्ता गोयमा !

सवणे णाणे य विण्णाणे, पच्चक्खाणे य संजमे ।
अणण्हए तवे चेव, वोदाणे अकिरिया सिद्धि ॥

પ્રશ્ન– હે ભગવન્ ! અક્રિયાપણાનું ફળ શું છે ?

ઉત્તર– હે ગૌતમ ! અક્રિયાપણાનું ફળ સિદ્ધિ છે.

# (૫) શ્રી ભગવતી સૂત્ર

## ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નો અને તેના સમાધાનનું વર્ણન

ભગવાન મહાવીરની ઉપદેશધારામાં પાંચમું અંગરસૂત્ર છે શ્રી ભગવતી સૂત્ર.

અતિ જ્ઞાનથી ગર્વિત એવા બ્રાહ્મણપુત્ર જ્યારે ભગવાન મહાવીરના પ્રથમવાર દર્શન કરીને ભગવાનની જ્ઞાનદૃષ્ટિને કારણે અહોભાવભરેલા હૃદયે ભગવાનના શરણમાં પોતાનું મસ્તક મૂકીને જીવન સમર્પિત કરે છે અને ત્યાર પછી ભગવાનથી પણ ૧૨ વર્ષ મોટા રહેલા એ બ્રાહ્મણપુત્રે ગણધર તરીકેનું પદ પ્રાપ્ત કરીને જીનશાસનમાં શાસ્ત્રગૂંથનની શરૂઆત કરાવેલી. વડીલ એવા શિષ્યે બાળક બનીને ભગવાનને પ્રશ્નો પૂછેલા એ આવા અનેક પ્રશ્નોનું સમાધાન ભગવાન મહાવીરે જગતજીવોના કલ્યાણ અને હિતને દૃષ્ટિમાં રખીને જવાબ આપેલા છે એવા ૩૬૦૦૦ પ્રશ્નોના જવાબ આ ભગવતી સૂત્રમાં આવે છે. વિશ્વના અનેક વિષયોને ભગવાન મહાવીરે આ આગમમાં સ્પર્ષેલા છે. પોતાના વિરોધી દ્વારા કેવા પ્રકારની વિટંબના ઊભી કરવામાં આવેલી અને ભગવાન મહાવીરે કેવી અદ્ભુત સમતાને આત્મસાત કરી હતી તેનું વર્ણન આ સૂત્રમાં છે.

સાધુજીવનની ચર્યા, અણુ-પરમાણુંનું વર્ણન વૈજ્ઞાનિક ઢબે પરમ વૈજ્ઞાનિક પ્રભુ મહાવીરે કરેલ છે.

આ સૂત્રમાં અનેક શતકો છે. ભગવાન મહાવીરના જમાઈ જમાલીની વાત પણ આ સૂત્રમાં આવે છે. પ્રથમ શિષ્ય ગૌશાલકની વાત પણ આમાં આવે છે. કોઈના પણ શરીરમાં ક્યારેય દેવી કે દેવ પ્રવેશ ન કરી શકે પરંતુ દેવ-દેવી વ્યક્તિને વશ કરી શકે છે તેનું વર્ણન છે.

ગીતાર્થ ગુરુ ભગવંતનાં ચરણોમાં બેસીને આ ગ્રંથરત્નના કોઈ એક પદની પણ ચિંતનાત્મક વાચના સાંભળવી એ પણ જીવનનો અનોખો લ્હાવો છે. આ એક જ સૂત્રની વાચના આખી જિંદગી પૂરી થઈ જાય તો પણ કદાચ ન પૂરી થાય કે ન તો સંપૂર્ણતા અનુભવી શકાય. પ્રત્યેક પદે ચિંતનની, અર્થની નવી નવી સમજૂતી ગીતાર્થ ગુરુ ભગવંત સમજાવી શકે એવી આ મહારચના છે.

શબ્દાતીત રચના છે. આમાંનો એકાદ ભાવ પણ જો આચરણમાં મૂકી શકાય તો પણ આ માનવજીવન સાર્થક બની રહેશે.

૬ મહિનાથી વાદળ વધુ રહી ન શકે. ૬ મહિનામાં તે વિસરાળ થઈ જાય. હવામાન અને ચોમાસાના વર્તારામાં આ વાત બહુ ઉપયોગી છે. પ્રાણીઓના ગર્ભ વધુમાં વધુ ૮ વર્ષ અને માનવીનો ગર્ભ વધુમાં વધુ ૧૨ વર્ષ રહી શકે તે વિગતો છે.

ઘોડો દોડે ત્યારે અલગ પ્રકારનો અવાજ કરે છે. તે અવાજ ક્યાંથી આવે છે ? ઘોડાના હાર્ટ (હૃદય) અને લીવર (કાળજુ) વચ્ચે કર્કટ નામનો વાયુ ઉત્પન્ન થાય છે અને ઘોડો દોડે ત્યારે એ વાયુ બહાર નીકળે તેનો અવાજ થાય છે. આ દર્શાવે છે કે ભગવાનને પ્રાણીઓના શરીરની રચના અને પ્રક્રિયાનું સૂક્ષ્મજ્ઞાન હતું.

બધા તીર્થંકરોના સાધુ રંગીન વસ્ત્રા પહેરતા. ભગવાને શ્વેત વસ્ત્રો પહેરવાનો આદેશ કર્યો.

ગરમી અને તાપમાં રંગીન વસ્ત્રોમાં વધુ ગરમી લાગે અને શ્વેત વસ્ત્રોમાં ઓછી લાગે. આ રીતે પ્રભુએ ગ્લોબલ વોર્મિંગની આગાહી કરી કે ભવિષ્યમાં પૃથ્વીનું તાપમાન વધશે. આમ અઢી હજાર વર્ષ પહલાં પ્રભુએ પૃથ્વીના વૈશ્વિક તાપમાનનો વરતારો કર્યો.

સામાન્ય માનવીના જીવનમાં બનતી ઘટનાઓ પાછળનાં રહસ્યોને ભગવાન મહાવીરે ભગવતી સૂત્રમાં પ્રગટ કર્યાં છે.

જ્ઞાનપિપાસુ માટે ગૌતમ ગણધરના પ્રશ્નોના સમાધાન જ્ઞાનભંડાર સમાન છે. ભગવતી સૂત્રના વાંચન દ્વારા જીવનનું ધ્યેય અને દૃષ્ટિબિંદુ સમજાય છે. સાધકોની જ્ઞાનદૃષ્ટિ વિશિષ્ટપણે ખીલે છે. આ સૂત્રનું નામ ભગવતી છે. જેમ મા બાળક માટે અત્યંત ઉપકારક હોય છે તેમ આગમ ભગવતી જ્ઞાન સાધકો માટે અત્યંત ઉપકારક છે.

****

श्री ज्ञाताधर्मकथा सूत्र

महुरेहिं णिउणेहिं, वयणेहिं चोययंति आयरिया ।
सीसे कहिंचि खलिए, जह मेहमुणिं महावीरो

જેમ ભગવાન મહાવીર સ્વામીએ મેઘમુનિને સ્થિર કર્યા તેમ કોઈ પણ પ્રસંગે શિષ્ય સ્ખલિત થઈ જાય તો આચાર્ય તેને મધુર તથા નિપુણ વચનોથી સંયમમાં સ્થિર થવા માટે પ્રેરિત કરે છે.

# (૬) શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર

## જનસમાજને ધર્મ અને સદાચારની સમજણ આપતી કથાઓ

ભગવાન મહાવીરે જગતના અનેક પ્રકારના જીવોની ઋચિઓનું દર્શન કરેલું છે, અને તેની અલગ પ્રવૃત્તિ પ્રમાણે અલગ અલગ બોધવાક્યોથી સાધકોને જ્ઞાન તરફ, જીવનમૂલ્યો તરફ વાળેલાં છે અને એવા જ એક આગમનું નામ છે જ્ઞાતાધર્મકથા. આ સૂત્રમાં જનસામાન્ય વાર્તાઓ, લોકભોગ્ય કથાઓ દ્વારા બોધ આપેલ છે.

ભગવાનના સમયમાં ત્રણ કરોડ વાર્તાઓ હતી પરંતુ વર્તમાને જીવન જીવવાની કળા ૧૯ વાર્તા દ્વારા, બની ગયેલી ઘટનાઓના આધારે કરેલી છે.

આ આગમમાં મહાપુરુષોના જીવનની સત્યઘટનાઓ અને ઔપદેશિક કથાનકોનો વિપુલ સંગ્રહ છે. આ ધર્મકથાનું શ્રવણ, બાલજીવોને ધર્મપ્રીતિ પ્રેરનારું બની રહે. ધર્મમાર્ગમાં સ્થિર કરનારું બની રહે.

જીવન જીવવાનાં અનેક દૃષ્ટિબિંદુ આપેલાં છે. પોઝિટીવ થિંકિંગ કઈ રીતે રાખવું, સમુદાયની વચ્ચેના જીવનમાં સમુદાયધર્મ કઈ રીતે નિભાવવો, પરિવારમાં વડીલોનું સ્થાન કેવું હોવું જોઈએ, નાનાએ મોટાનું કઈ રીતે સન્માન આપવું જોઈએ .

આ સૂત્રમાં ભગવાન મહાવીરે ક્રિએટીવ પરસન કઈ રીતે પ્રગતિ કરી શકે છે, અંદરની જ્ઞાનશક્તિને વાપરવાથી કઈ રીતે સફળતા મળે છે તેનું વર્ણન છે.

આ સૂત્રમાં વડીલો દ્વારા નાનાનો નિગ્રહ કેમ કરવો, કોઈ પણ દુઃખની ક્ષણને સુખમાં કઈ રીતે પલટાવી શકાય તેનું વર્ણન કરેલું છે.

ભગવાન મહાવીરે આકર્ષણ અંતે પતનનું કારણ બને છે તે માર્મિક સત્યને અનેક કથામાં વર્ણન દ્વારા સિદ્ધ કર્યું છે. જ્ઞાતાધર્મકથા કથા સાહિત્યની દૃષ્ટિએ ઉત્તમ રહેલું છે, પરંતુ તે સમયના નગરોની રચના, તે સમયનાં મકાનોની રચના અને સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર આ કથાઓમાં બતાવેલી છે.

વાસ્તુશાસ્ત્ર, નગરરચના, જીવનવ્યવસ્થા, જીવનશૈલીમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો અને તેનું સમાધાન જાણવાની ઇચ્છાવાળાઓએ જ્ઞાતા ધર્મકથા સૂત્ર વાંચવું જોઈએ.

જ્ઞાતાધર્મ કથામાં દર્શાવેલી તે સમયની જીવનશૈલી આજે પણ ઉપકારક છે તે કથા વાંચતા જરૂર સમજાઈ જશે.

જીવન જીવવાનાં મૂલ્યો માટેનું કથાસાહિત્યનું ઉત્તમ આગમ છે.

અહીં કેટલાક મનોવૈજ્ઞાનિક રહસ્યોનું ઉદ્‌ઘાટન થયું છે. શ્રીકૃષ્ણ યુદ્ધ કરવા જતી વેળાએ આત્મવિશ્વાસથી કહે છે, હું જીતીશ અને તેમ જ થાય છે. આ પોઝિટીવ થિન્કિંગની વાત છે. બે મિત્રોને મોરનાં ઇંડા મળે છે. પહેલો મિત્ર સતત ચિંતવે છે કે આ ઇંડામાંથી એક સુંદર બચ્ચું જરૂર બહાર આવશે. બીજાને વિશ્વાસ નથી. તે વિચારે છે કે કદાચ બચ્ચું બહાર ન પણ આવે. પહેલાને સુંદર બચ્ચું મળે છે. શંકા છે તેને મૃતપ્રાયઃ મળે છે. આ નકારાત્મક વિચારોનું પરિણામ દર્શાવે છે.

માનવીય વૃત્તિ છે કે તેને જે વસ્તુની ના પાડવામાં આવે તેને તે કરવાનું વધુ મન થાય છે. તે વાત જિનપાલ અને જિનરક્ષિતની કથામાં છે.

આપણા પૂર્વના વધુ દુઃખો કે અન્યના વધુ દુઃખોની સરખામણી વર્તમાન દુઃખો સાથે કરતાં આપણું વર્તમાનનું દુઃખ નાનું લાગશે, તે મેઘકુમારની કથા દ્વારા સમજાવવામાં આવ્યું છે.

* * * *

* વિજ્ઞાન પ્રયોગથી સાબિત કરે, સત્પુરુષો તેને નિજ જ્ઞાન-પ્રજ્ઞાથી સિદ્ધ કરે

सद्दहामि णं भंते ! णिग्गंथं पावयणं, पत्तियामि णं भंते ! णिग्गंथं पावयणं,रोएमि णं, भंते ! णिग्गंथं पावयणं, एवमेयं भंते! तहमेयं भंते ! अवितहमेयं भंते ! इच्छियमेयं भंते ! पडिच्छियमेयं भंते ! इच्छिय- पडिच्छियमेयं भंते! से जहेयं तुब्भे वयह त्ति कट्टु, जहा णं देवाणुप्पियाणं अंतिए बहवे राईसर-तलवर-मांडबिय-कोडुंबिय-सेट्ठि-सेणावई-सत्थवाहप्प भिइया मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइया, णो खलु अहं तहा संचाएमि मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए । अहं णं देवाणुप्पियाणं अंतिए पंचाणुव्वइयं सत्त-सिक्खावइयं दुवालसविहं गिहिधम्मं पडिवज्जिस्सामि । अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं करेह।

હે ભગવાન ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું. નિર્ગંથ પ્રવચન આમ જ છે, તથ્ય છે, સત્ય છે, ઇચ્છિત છે, પ્રતીચ્છિત છે, સ્વીકૃત છે, ઇચ્છિત-પ્રતીચ્છિત છે, જેવું આપે કહ્યું, તેવું જ છે.

હે દેવાનુપ્રિય ! જે રીતે આપની પાસે અનેક રાજા, ઈશ્વર—ઐશ્વર્યશાળી, તલવર, માંડબિક, કૌટુંબિક, શ્રેષ્ઠી, સેનાપતિ તેમજ સાર્થવાહ વગેરે મુંડિત થઈને ગૃહવાસનો ત્યાગ કરી અણગારના રૂપમાં પ્રવ્રજિત થયા, તે રીતે હું મુંડિત થઈને (ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી અણગાર ધર્મમાં) પ્રવ્રજિત થવા અસમર્થ છું. માટે આપની પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત આદિ બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ(શ્રાવકધર્મ) ગ્રહણ કરવા ઇચ્છું છું. આ પ્રમાણે આનંદે કહ્યું ત્યારે ભગવાને કહ્યું—હે દેવાનુપ્રિય ! જે રીતે આપને સુખ થાય તેમ કરો, વિલંબ ન કરો.

# (૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર

## દશ શ્રેષ્ઠ શ્રાવકોની શ્રાવકચર્યાનું વર્ણન

ભગવાન મહાવીરના શ્રેષ્ઠતમ દશ શ્રાવકોની જીવનશૈલીનું વર્ણન આ આગમમાં છે. આત્મજ્ઞાનમાં આગળ વધતા શ્રાવકો માટે બે માર્ગ હોય છે. આ સંસારમાં રહીને સાધના કરવાનો માર્ગ અને સાધુજીવનનો સ્વીકાર કરવાનો.

સંસારમાં રહીને ઉત્કૃષ્ટ જીવન જીવનાર દસ શ્રાવકોનું વર્ણન આ આગમમાં આવે છે. સંસારમાં રહીને સાધના, ત્યાગ કરી રીતે કરી શકાય, ભગવાન મહાવીરના ઉપાસકો કેવા દ્રઢધર્મી હતા, કેવા પ્રિયધર્મી હતા, ધર્મ પ્રત્યે રોમરોમમાં કેવા પ્રકારની શ્રદ્ધા ધરાવતા હતા તેનું વર્ણન આ આગમમાં આવે છે.

શ્રાવકોની જીવનશૈલીમાં તેમની વ્યાપારની પદ્ધતિ કેવા પ્રકારની હતી, તેનાં રોકાણોની પદ્ધતિ કેવા પ્રકારની હતી, કયા ક્ષેત્રમાં તેનું રોકાણ હતું, તેની આવક કયા પ્રકારની હતી. ભગવાન મહાવીરના શ્રાવકો ન્યાયપૂર્વકના સાધનો દ્વારા આવક કરતાં જેને ન્યાયસંપન્ન વૈભવ કહેવાતો અને આવકનો વ્યય - સદ્‌વ્યય કેવા પ્રકારનો હતો તેનું વર્ણન પણ આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરે પોતાના શ્રાવકોની ગોપાલનની પ્રવૃત્તિ આ જ આગમમાં બતાવી છે. કારણ કે ભગવાન મહાવીરના શ્રાવકો પાસે ૨૦થી ૨૫ હજાર ગાયો હતી. ભગવાન મહાવીરે ગાયને ઉત્તમ લક્ષ્મીનું પ્રતીક છે અને ઉત્તમ લક્ષ્મીનું કારણ છે તેનું રહસ્ય આ જ આગમમાં બતાવેલ છે.

જેના ઘરમાં ગાય છે ત્યાં આસુરી સંપિત્તનું આગમન નથી થતું તે આ જ સૂત્ર દ્વારા ફલિત થાય છે.

ભગવાન મહાવીરે ઉપાસકોની જીવનવ્યવસ્થામાં પત્ની, માતા અને પુત્રોનું સ્થાન કેવું હોય છે અને વાનપ્રસ્થ આશ્રમ કેવા પ્રકારનો હોય તે આ સૂત્રમાં બતાવ્યું છે.

જે સંસારમાં રહીને ભગવાન મહાવીરના ધર્મની ઉપાસના કરી આત્મકલ્યાણ કરવા માગે છે તેમના માટે ઉપાસકદશાંગ સૂત્રનું અધ્યયન અત્યંત હીતકારક છે.

ભગવાન મહાવીરે પોતાના શ્રાવકોનું પોતાના મુખેથી વર્ણન કરી શ્રાવકોને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે તે ઉપાસક દશાંગ સૂત્રથી પ્રગટ થાય છે.

****

कण्हाइ ! अरहा अरिट्ठणेमी कण्हं वासुदेवं एवं वयासी- मा णं तुमं देवाणुप्पिया ! ओहयमणसंकप्पे जाव झियाह । एवं खलु तुमं देवाणुप्पिया ! तच्चाओ पुढवीओ उज्जलियाओ णरयाओ अणंतरं उव्वट्टित्ता इहेव जंबुद्दीवे दीवे भारहे वासे आगमेसाए उस्सप्पिणीए पुंडेसु जणवएसु सयदुवारे णयरे बारसमे अममे णामं अरहा भविस्ससि । तत्थ तुमं बहूइं वासाइं केवलिपरियागं पाउणेत्ता सिज्झिहिसि बुज्झिहिसि मुच्चिहिसि परिणिव्वाहिसि सव्वदुक्खाणं अंतं काहिसि ।

અર્હતશ્અરિષ્ટનેમિ પ્રભુ આશ્વાસન આપતા પુનઃ આ પ્રમાણે બોલ્યા– હે દેવાનુપ્રિય ! તમે આર્તધ્યાન નહીં કરો. નિશ્ચયથી હે દેવાનુપ્રિય ! કાલાંતરમાં તમે ત્રીજી પૃથ્વીથી(નરકથી) નીકળીને આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીકાળમાં પુંડ્ર જનપદના શતદ્વાર નામના નગરમાં "અમમ" નામના બારમા તીર્થંકર થશો. ત્યાં ઘણા વર્ષો સુધી કેવળી પર્યાયનું પાલન કરી સિદ્ધ–બુદ્ધ–મુક્ત થશો.

# (૮) શ્રી અંતગડ સૂત્ર

## સહનશીલતાથી સફળતા સુધીની યાત્રા

ભગવાન મહાવીર જે ઉપદેશ ધારા વહાવી તે આઠમું અંગસૂત્ર છે અંતગડ સૂત્ર. ભગવાન મહાવીરના પૂર્વે અને તેના સમયમાં પણ કેટલાંક સાધકો આત્મસાધના કરી અને સિદ્ધિને પામ્યા હતા. આવા અનેક સાધકો સાધનાની ઉત્કૃષ્ઠ દશામાં પહોંચે ત્યારે તેની માનસિકતા કેવી હોય છે, તેના વિચારોની દશા કેવી હોય છે અને તેના આધારે તેનો પુરુષાર્થ કેવો હોય છે તેનું વિશેષ વર્ણન અંતગડ સૂત્રમાં છે.

સાધકે સાધનાની સિદ્ધિ મટે જીવનના અંત સમય સુધી પુરુષાર્થ ન છોડવો, આશા ન છોડવી, પરંતુ સાધના પુરુષાર્થનું સાતત્ય કાયમ રાખવું તે વાત કહીને બીજી એક માર્મિક વાતનો ઉલ્લેખ અહીં જોવા મળે છે. શ્રાવક સુદર્શન ''નમો જીણાણં જીઅભયાણં''ના જાપ કરે છે. સેંકડો કિલો વજનનું શસ્ત્ર તેના પર ફેંકવામાં આવે છે પરંતુ તે શસ્ત્ર તેને વાગતું નથી.

જપસાધનાને કારણે શ્રાવક સુદર્શનની આસપાસ એક સુરક્ષાચક્ર રચાય છે જે તેને બચાવે છે.

આ ઘટનાનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરતાં જણાશે કે અદૃશ્ય પદાર્થ દૃશ્યને રોકી શકે છે. સુરક્ષાનો એક અદૃશ્ય ફોર્સ આપણી આસપાસ રચાય છે જે મેટલ (ધાતુ)ને પણ અંદર પ્રવેશવા દેતું નથી. ગોશાલકે ભગવાન સામે ફેંકેલી તજોલેશ્યા વખતે પણ આવું જ થયું.

ગજસુકુમાર માથે અંગારા મૂકવામાં આવ્યા, તેને પીડા ન થઈ. સાધુજીઓ લોચ કરે ત્યારે પહેલી ચાર-પાંચ લટ ખેંચે ત્યારે દુ:ખ-પીડા થાય, પછી તે પીડા ઓછી થાય. એનો અર્થ એ થયો કે આપણી ભીતર 'એનેસ્થેસિયા' સક્રિય થાય છે. આપણી અંદર પીડાશામક રસાયણ સર્જાય છે જે નેચરલ એનેસ્થેસિયા છે. અંદરમાં એવું કોઈક તત્ત્વ સર્જાય છે જે તત્ત્વ આપણી સહનશીલતાની ક્ષમતાને વિકસાવે છે. આ સંશોધનનો વિષય છે. આ સૂત્રમાં દર્શાવેલા સર્વ અંતકૃત કેવળીઓને આપણા વંદન.

આ સૂત્રમાં ભયંકર પાપી વ્યક્તિ પણ સાધના દ્વારા ધર્મનું શરણું અંગીકાર

કરી સિદ્ધિને વરી શકે છે. તે અર્જુનમાળીના જીવન વર્ણન દ્વારા જાણી શકાય છે. ભગવાન મહાવીરે નિર્દેશેલ કે રાજકુમારો પણ વૈભવ છોડી, સત્યને પામવા સામેથી કષ્ટો સ્વીકારી પીડાને આવકારી સંયમ સાધના અંગીકાર કરે છે, તેમાં કેવી સહનશીલતા પ્રગટ કરે છે તેનું વર્ણન આ સૂત્રમાં મળે છે.

સહનશીલતાથી સફળતા સુધીનો માર્ગ ભગવાન મહાવીરે આ જ આગમમાં બતાવ્યો છે. અંતગડસૂત્ર આમ તો કથાસાહિત્ય હોવા છતાં તેમાં આવતી દરેક કથા જીવનમૂલ્યો પ્રગટ કરતી વાર્તા છે. તે સમયની જીવનવ્યવસ્થામાં દરેક વડીલનું સ્થાન મર્યાદા, લગ્નવ્યવસ્થા કેવી હતી તે આ સૂત્રમાં આવે છે.

જે સાધકોને પોતાના જીવનમાં કેવા પ્રકારના ધર્મ અને સંસારને વણી આગળ વધવું છે તેમના માટે અંતગડસૂત્રનું વાંચન ઉપકારક છે.

****

तए णं से सेणिए राया समणस्स भगवओ महावीरस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठ तुट्ठे समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता, वंदइ णमंसइ वंदित्ता णंमसित्ता जेणेव धण्णे अणगारे तेणेव उवागच्छइ उवागच्छित्ता धण्णं अणगारं तिक्खुत्तो आयाहिणं पायाहिणं करेइ करित्ता वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता एवं वयासी–

धण्णे सि णं तुमं देवाणुप्पिया ! सुपुण्णे सि णं तुमं देवाणुप्पिया, सुकयत्थे सि णं तुमं देवाणुप्पिया, कयलक्खणे सि णं तुमं देवाणुप्पिया, सुलद्धे णं देवाणुप्पिया  तव माणुस्सए जम्मजीवियफले त्ति कट्टु वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ करेत्ता वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता जामेव दिसं पाउब्भूए, तामेव दिसं पडिगए ।

ત્યાર પછી શ્રેણિક રાજાએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કહેલા આ અર્થને સાંભળી, તેના પર વિચાર કરી, હર્ષિત અને સંતુષ્ટ થઈ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણ આવર્તન–પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને જ્યાં ધન્ય અણગાર હતા ત્યાં આવ્યા, આવીને ધન્ય અણગારને ત્રણ આવર્તન સાથે વંદન–નમસ્કાર કર્યા, વંદન – નમસ્કાર કરી તે આ પ્રમાણે કહેવા લાગ્યા–

હે દેવાનુપ્રિય ! આપ ધન્ય છો, આપ પુણ્યશાળી છો, આપ કૃતાર્થ છો, આપ સુકૃતલક્ષણ છો ! હે દેવાનુપ્રિય ! તમે મનુષ્યજન્મ અને મનુષ્યજીવનને સફળ કર્યું છે.

આ પ્રમાણે કહીને તેણે ધન્ય અણગારને ફરી વંદન, નમસ્કાર કર્યા અને વંદન, નમસ્કાર કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં ગયા, જઈને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન તથા નમસ્કાર કરીને જે દિશામાંથી આવ્યા હતા તે દિશા તરફ ચાલ્યા ગયા.

# (૯) શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર

## દેહ પ્રત્યેનું મમત્વ ઘટાડતા તપસાધકોનું દિવ્ય દર્શન

ભગવાન મહાવીરની ઉપદેશ ધારામાં નવમા આગમનું નામ છે. અનુતરોવવાઈ સૂત્ર સાધક જ્યારે સાધનાના ક્ષેત્રમાં આગળ વધે છે ત્યારે તે સાધનાના ક્ષેત્રમાં સફળ થાય જ એવું નથી, પરંતુ જેઓ અત્યંતપણે કષ્ટોને સહન કરી પોતાની સહનશીલતાનો પરિચય આપે છે તેવા સાધકો જ સિદ્ધિ સુધી પહોંચી શકે છે.

અનુતરોવવાઈ સૂત્રમાં ભગવાને પરમશ્રેષ્ઠી ધન્ના અણગારના જીવનનું વર્ણન કર્યું છે. તપસાધક ધન્નાએ સંસારનો ત્યાગ કરીને આત્માને પામવા માટેની અંદરમાંથી ઉત્કૃષ્ઠ દઢતાને કેળવે છે ત્યારે તેના માટે દેહ નગણ્ય અને ગૌણ બની જતો હોય છે. સાધક ધન્ના અણગાર જ્યારે સાધનાના ઊંડાણ સુધી પહોંચી જાય છે ત્યારે તેના દેહનું મમત્વ એટલું બધું છૂટી જતું હોય છે કે તે સહજતાથી તપસાધનામાં આગળ વધે છે. આ તપસાધનાથી તેનો દેહ હાડપિંજર સમાન થઈ જાય છે. એક એક હાડકા અને નસ ગણી શકાય અને ઊંડી ઉતરી ગયેલી આંખોમાંથી જાણે દેહની હાડપિંજર અવસ્થા હોવા છતાં પણ આંખોની ચમક બતાવતી હતી કે હજી હું આત્મસાધક છું. દેહની દશા નબળી પડે છે તેમ તેમ મારી આત્મદશા સબળી બને છે. તેઓ અત્યંતપણે આત્મવિશ્વાસ આ આગમમાં ઝબકી રહ્યો છે. જેમણે તપ-સાધના કરી આત્મસિદ્ધિ કરવી છે તેને માટે વિશેષ માર્ગદર્શન આ આગમમાં મળે છે.

આ સૂત્રમાં કહ્યું છે કે મનુષ્ય માત્ર ખોરાકથી જ જીવી શકે એવું નથી. પ્રકાશ અને હવાથી પણ જીવી શકે છે સૂર્યપ્રકાશથી લાંબો સમય જીવી શકાય તેવા દાખલા છે. માત્ર ચોખાનો એક દાણો લઈ લાંબા સમય જીવી શકાય છે. ધન્ના અણગાર થોડું ખાઈ અને લાંબું જીવ્યા તે ઉદાહરણ છે. આ વાતો શરીરવિજ્ઞાનના સંશોધનનો વિષય છે.

કેવા પ્રકારની તપસ્યા કરવાથી આપણાં કર્મનો ક્ષય થાય છે અને કેવા પ્રકારની તપસ્યા કરવાથી આપણા મોહને આપણે નિર્બળ બનાવી શકીએ છીએ તેનું વિશેષ વર્ણન આ આગમમાં આવે છે. ભગવાન મહાવીરે

સાધકોની ઉત્કૃષ્ઠ તપસાધના વખતની મનોદશાને આ આગમમાં પ્રગટ કરી છે અને દેહ પ્રત્યેનું મમત્વ ઘટાડતા સાધકો કેવા પ્રકારની આત્મસાધનામાં જોડાય છે તેનું વર્ણન પણ આ આગમમાં જ આવે છે. જ્યારે સાધક આત્મસાધના તરફ આગળ વધે છે ત્યારે દેહ પ્રત્યેનું મમત્વ સહજતાથી છુટી જતું હોય છે. જેમનું દેહ મમત્વ વધારે છે તેવા સાધકો માટે અનુત્તરોવવાઈ સૂત્ર વાંચવું ખૂબ જ ઉપકારક બને છે. જ્યારે પોતાના દેહ પ્રત્યેનું મમત્વ ઘટે છે ત્યારે જ આત્મજ્ઞાન અને આત્મસિદ્ધિ થઈ શકે છે, આવો ઉચ્ચતમ બોધ આ સૂત્ર દ્વારા મળે છે.

* * * *

* જ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે.

सव्वगइपक्खंदे, काहिंति अणंतए अकयपुण्णा ।
जे य ण सुणंति धम्मं, सोऊण य जे पमायंति

જે પુણ્યહીન પ્રાણી ધર્મનું શ્રવણ કરતા નથી અથવા શ્રવણ કરીને પણ તેનું આચરણ કરવામાં પ્રમાદ કરે છે; તે અનંતકાળ સુધી ચાર ગતિઓમાં ગમનાગમન(જન્મ–મરણ) કરતા રહે છે.

अणुसिट्ठं वि बहुविहं, मिच्छदिट्ठिया जे णरा अहम्मा।
बद्धणिकाइयकम्मा, सुणंति धम्मं ण य करेंति

જે પુરુષ મિથ્યાદષ્ટિ છે; અધાર્મિક છે; જેણે નિકાચિત(અત્યંતગાઢ) કર્મનો બંધ કર્યો છે; તે અનેક પ્રકારથી શિક્ષા મળવા પર ધર્મને સાંભળે છે પરંતુ તેનું આચરણ નથી કરતા.

किं सक्का काउं जे, णेच्छइ ओसहं मुहा पाउं ।
जिणवयणं गुणमहुरं, विरेयणं सव्वदुक्खाणं

સમસ્ત દુઃખોનો નાશ કરવાને માટે શ્રી જિનેશ્વર ભગવાનના ગુણયુક્ત વચન મધુર વિરેચન– ઔષધ છે. પરંતુ નિઃસ્વાર્થ ભાવથી દેવામાં આવેલા આ ઔષધને જે પીવાને ઈચ્છતા નથી, તેના માટે શું કહી શકાય ?

पंचेव य उज्झिऊणं, पंचेव य रक्खिऊण भावेणं ।
कम्मरय-विप्पमुक्कं, सिद्धिवर-मणुत्तरं जंति

જે પ્રાણી પાંચ(હિંસા આદિ આશ્રવો)નો ત્યાગ કરી પાંચ(અહિંસા આદિ સંવરો)ની ભાવપૂર્વક રક્ષા કરે છે. તે કર્મરજથી સર્વથા રહિત થઈ સર્વોત્તમ સિદ્ધિ(મુક્તિ)પ્રાપ્ત કરે છે.

# દસમું શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

## સત્ય, અહિંસા આદિ ગુણો દ્વારા વિધેયાત્મક શક્તિની પ્રાપ્તિ

ભગવાન મહાવીરે પોતાની ઉપદેશધારામાં જગતનાં અનેક રહસ્યો ઉદ્‌ઘાટિત કરેલાં છે અને એવા જ એક રહસ્યથી ભરપૂર આગમ છે પ્રશ્ન વ્યાકરણ સૂત્ર. ભગવાન મહાવીર અનેક પ્રકારની સિદ્ધિઓ, વિદ્યાઓ અને લબ્ધિઓ, ઉર્જાઓને કઈ રીતે પ્રાપ્ત કરવી, કઈ રીતે પ્રગટ કરવી તેનું વિશેષ વર્ણન આ આગમમાં બતાવેલ છે.

આ આગમમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ પાંચ મહાપાપોનું સવિસ્તર વર્ણન તથા તેવા ત્યાગરૂપ મહાવ્રતોનું સ્વરૂપ હાલમાં મળે છે. પ્રાચીનકાળમાં આ આગમમાં અનેક વિદ્યાઓ, મંત્રો અને અતિશયોની વાત હતી. અનેક યાંત્રિક પદ્ધતિઓ આ આગમમાં હોવાની વિગત પણ પ્રાપ્ત થાય છે પરંતુ એ વિદ્યાનો, એ મંત્રનો દુરુપયોગ ન થાય, કુપાત્ર એના અકલ્યાણ માટે ઉપયોગ ન કરે તે આશયથી આ સૂત્રની એ પ્રાચીનવિદ્યાને ગુરુએ સંગોપી દીધી છે. આ અનઅધિકારી શિષ્યને જ્ઞાનનો પરિચય ન કરાવવાની જૈન પદ્ધતિ વિશેષ વંદનીય છે. અને આ જ કારણે આચાર્યોએ આ આગમના વિષયો બદલી નાખ્યા.

પ્રશ્ન-વ્યાકરણ સૂત્રમાં હિંસા-હિંસાનાં કારણો, બચવાના ઉપાયો અને હિંસાના પરિણામ અને અહિંસાના સુફળનું વર્ણન આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરે પ્રતિબોધ આપેલ આ આગમમાં જીવનની એવી કેટલીક સ્થિતિઓ પ્રગટ થાય છે જે દરરોજ આપણા માટે અહિતકારક છે. તો કેટલીક વૃત્તિઓ હિતકારક છે તેનું વર્ણન છે. પ્રશ્ન-વ્યાકરણ આ સૂત્ર વર્તમાને મંત્રોને તેના રહસ્યો નથી પ્રગટ કરતું પરંતુ એમાં એવા કેટલાંક રહસ્યો રહેલાં છે, જે આજે પણ સાધકો માટે ગુરુપરંપરામાંથી યંત્ર, મંત્ર, તંત્ર, જ્યોતિષ, વિદ્યા અને લબ્ધિ અને ચમત્કારિક શક્તિનું પ્રદાન કરનાર છે.

આ સૂત્રને કારણે જિજ્ઞાસુ સાધકો શબ્દાર્થ અને ભાવાર્થ સુધી તો પહોંચે છે પરંતુ ગુરુકૃપાથી ગુઢાર્થ સુધી પણ પહોંચી જાય છે. જ્યારે તે ગુઢાર્થ સુધી પહોંચે છે ત્યારે તેને આનંદની અનુભૂતિ થાય છે કે જે શબ્દ સામાન્ય લાગતા હતા તેમાં કેટલાં રહસ્યો છે. આ સૂત્રમાં ભગવાને પોઝિટિવ એનર્જીની પ્રાપ્તિ માટેનું વિશેષ વર્ણન કરેલું છે.

જે સાધકોને અહિંસા, સત્ય આદિ આત્મગુણો અને હિંસા, જૂઠ આદિ દુર્ગુણો વિશે વિશેષ જાણવામાં રસ હોય તેણે આ સૂત્રનો અભ્યાસ કરવો. ****

तए णं तस्स सुमुहस्स गाहावइस्स तेणं दव्वसुद्धेणं
दायगसुद्धेणं पडिगाहग
सुद्धेणं तिविहेणं तिकरणसुद्धेणं सुदत्ते अणगारे
पडिलाभिए समाणे संसारे परित्तीकए मणुस्साउए
णिबद्धे गेहंसि य से इमाइं पंच दिव्वाइं पाउब्भूयाइं,
तं जहा-
वसुहारा वुट्ठा, दसद्धवण्णे कुसुमे णिवाडिए,
चेलुक्खेवे कए,
आहयाओ देवदुंदुभीओ, अंतरा वि य णं आगासे
'अहो दाणं अहो दाणं' घुट्ठे य।

ત્યાર પછી તે સુમુખ ગાથાપતિએ શુદ્ધ દ્રવ્ય(નિર્દોષ આહારદાન)થી અને દાયક શુદ્ધ(ગોચરીના નિયમ યોગ્ય પવિત્ર દાતા), લેનાર શુદ્ધ(મહાતપસ્વી શ્રમણ એવી ત્રિવિધિ શુદ્ધિ) ત્રિકરણ શુદ્ધિથી અર્થાત્ મન, વચન અને કાયાની સ્વાભાવિક ઉદારતા, સરળતા અને નિર્દોષતાથી સુદત્ત અણગારને આહારદાન આપ્યું. સુમુખ ગાથાપતિએ વિશુદ્ધ ભાવનાથી શુદ્ધ આહારદાનના નિમિત્તે જન્મ–મરણની પરંપરાને અતિઅલ્પ કરી મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો. તેના ઘરમાં પાંચ દિવ્ય(દેવો દ્વારા કરવામાં આવનારા) પ્રગટ થયા તે આ પ્રમાણે છે– (૧) સુવર્ણવૃષ્ટિ (૨) પાંચ વર્ણનાં ફૂલોની વૃષ્ટિ (૩) ધ્વજા પતાકા (૪) દેવદુંદુભિઓ (૫) આકાશમાં "અહોદાનં, અહોદાનં" આ પ્રકારની ઉદ્‌ઘોષણા.

# અગિયારમું શ્રી વિપાક સૂત્ર

## જીવ માટે પાપ પીડાની અને સત્કર્મો સુખની આમંત્રણપત્રિકા છે

ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથોમાં અગિયારમાં ગ્રંથનું નામ છે વિપાક સૂત્ર. વિપાક સૂત્રની વ્યાખ્યા જ કર્મફળ કારણરૂપ છે.

શાતાવેદનીય કર્મ કેવા પ્રકારે અનુકૂળતાને કારણરૂપ છે અને અશાતા વેદનીય કર્મ કેવા પ્રકારે પ્રતિકૂળતાનું કારણ છે તેના પર ઊંડાણભરેલું કથાસાહિત્ય આ વિપાક સૂત્રમાં આવે છે.

સંસારની અલગ અલગ વૃત્તિઓ કઈ રીતે વ્યક્તિને પાપ તરફ જોડી દે છે, વ્યક્તિની સ્વાર્થવૃત્તિ કઈ રીતે કર્મબંધનું કારણ બને છે તેના પરનું વિશેષ વર્ણન આ જ વિપાક સૂત્રમાં બતાવેલું છે.

જો ત્યાગનો માર્ગ અને ત્યાગની ભાવના પોતાની પાસે છે, તેમાંથી બીજાને કાંઈક આપવું. હું બીજા માટે કઈ રીતે સુખ-સહાયક બની શકું અને બીજાને સહાયતા આપવાથી મને સુખ મળશે એવા પ્રકારની ભાવનાઓનું પોષણ આ જ આગમમાં કરવામાં આવે છે.

જીવન જીવતા અનેક માનવી પોતાની ક્રૂરતાને કારણે બીજા પર અત્યાચાર કરીને સ્વયંને પીડાનું કારણ કઈ રીતે બની જાય છે તેનું વર્ણન પણ આ વિપાક સૂત્રમાં બતાવ્યું છે, તો બીજા માટે ઉપકારક બનીને પોતાને માટે સુખકારક કઈ રીતે બનવું તેનું વર્ણન પણ આ જ સૂત્રમાં બતાવ્યું છે.

ભગવાને સુખવિપાક અને દુઃખવિપાક આ બે પ્રકારની અનુભૂતિઓથી સાધકો કઈ રીતે પર રહી શકે તેનું વર્ણન પણ આ સૂત્રમાં છે. કર્મના ફળને કારણે અજ્ઞાની જીવો અનુકૂળતામાં કેવા આનંદિત અને પ્રતિકૂળતામાં કેવો પીડિત થાય છે તેનું વર્ણન પણ આ જ આગમમાં કરવામાં આવ્યું છે.

જીવનશૈલીમાં પાપથી બચવું છે, સત્કર્મોથી જીવનને વિભૂષિત કરવું છે, કેવા પ્રકારની વિચારણા ધરાવતા સાધકો માટે વિપાક સૂત્રનું માર્ગદર્શન અત્યંતપણે ઉપકારક સાબિત થાય છે. વિપાક સૂત્રથી ભગવાને માનવીની આંખ ખોલી નાખી છે. જો તું પાપથી જોડાયેલો રહીશ તો તું પાપને નહીં પણ પીડાને આમંત્રણ આપે છે, પણ જ્યારે તું બીજાને સુખ આપીશ ત્યારે તું સ્વયંની અનુકૂળતાને આમંત્રણ આપે છે એવો વિશેષ બોધ આ આગમમાં આપેલ છે. જીવન જીવવાનાં અનેક દૃષ્ટિબિંદુને આ સૂત્ર ઉજાગર કરે છે. * * * *

जस्स णं देवाणुप्पिया दंसणं कंखंति, जस्स णं देवाणुप्पिया दंसणं पीहंति, जस्स णं देवाणुप्पिया दंसणं पत्थंति, जस्स णं देवाणुप्पिया दंसणं अभिलसंति, जस्स णं देवाणुप्पिया णामगोयस्स वि सवणयाए हट्ठतुट्ठ जाव हियया भवंति, से णं समणे भगवं महावीरे पुव्वाणुपुव्विं चरमाणे, गामाणुग्गामं दूइज्जमाणे चंपाए णयरीए उवणगरग्गामं उवागए, चंपं णगरिं पुण्णभद्दं चेइयं समोसरिउकामे ।

तं एवं देवाणुप्पियाणं पियट्ठयाए पियं णिवेदेमि, पियं भे भवउ ।

હે દેવાનુપ્રિય ! જેમના દર્શનની આપને સતત ઝંખના છે, જેમના દર્શનની આપ સતત સ્પૃહા–ઉત્કંઠા રાખો છો, જેમના દર્શનની આપ વારંવાર પ્રાર્થના કરો છો અને જેમના દર્શન કરવાની આપ હંમેશાં ઈચ્છા રાખો છો, જેનું નામ ગોત્ર સાંભળતા જ આપને આનંદ થાય છે, મનમાં પ્રસન્નતાનો અનુભવ થાય છે યાવત્ હૃદય હર્ષથી ખીલી ઉઠે છે. તે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી તીર્થંકરોની પરંપરા અનુસાર વિહાર કરતાં, ગ્રામાનુગ્રામ વિચરતાં ચંપાનગરીની નજીકમાં પધાર્યા છે. હવે ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધારશે. આ સમાચાર આપ દેવાનુપ્રિયને માટે પ્રિયકારી છે. હું તે પ્રિય સમાચારનું નિવેદન કરું છું. તે આપને પ્રિયકારી થાઓ.

# બાર ઉપાંગ સૂત્રો

આગમ અને શાસ્ત્રો મૂળભૂત રીતે અંગસૂત્રો રૂપ ગણાય છે, પરંતુ અંગસૂત્રો વિશાળ હોવાથી આચાર્યોએ તે સમયના આત્મજ્ઞાન સાધકો માટે સરળતાથી સમજવા માટે ઉપાંગ સૂત્રોની રચના કરી હતી. આમ ભગવાન મહાવીરના અંગમાંથી જ પ્રગટ થયેલા ઉપાંગો તે પણ સમગ્ર જ્ઞાનસાધકો માટે ઉપકારક જ છે.

## પહેલું ઉપાંગ સૂત્ર : શ્રી ઉવવાઈ સૂત્ર

### આપણાં કર્મો જ આપણી સદ્‌ગતિ કે દુર્ગતિનું કારણ છે

ઉવવાઈ સૂત્રમાં ભગવાન મહાવીરે કેવા પ્રકારના કર્મોથી કયાં સ્થાનમાં ઉત્પત્તિ પામે છે તેનું વર્ણન ક્રેલ છે. તમારું કર્મ તમારી જ ગતિનું કારણ બને છે, તેવા દૃષ્ટિબિંદુથી ભગવાન મહાવીરે ઈશ્વર કર્તાહર્તા નથી પરંતુ આપણાં કર્મો જ આપણા ભાગ્યવિધાતા બને છે તેવી વિશિષ્ટ જ્ઞાનદૃષ્ટિ આ આગમથી પ્રગટ કરેલી છે.

આ જ ઉવવાઈ સૂત્રમાં ભગવાન મહાવીરના પરમશિષ્ય કોણિકની ભગવાન પ્રત્યે સમર્પણતાનું વર્ણન આવે છે. ભગવાનના દર્શન માત્ર કરવાથી કોણિક રોમરોમ રોમાંચિતતા અનુભવતો હતો અને જ્યારે ભગવાન મહાવીરના સમાચાર લઈને કોઈ સાધક તેની સમીપ આવતો, તો તે અત્યંત પ્રસન્ન થઈને કોણિક રાજા પોતાના ગળામાં પહેરેલો કરોડોની કિંમતનો હાર તેને ભેટ ધરી દેતો તેવી ઉત્કૃષ્ઠ પ્રભુભક્તિનું વર્ણન આ જ આગમમાં મળે છે. જે સાધકો પરમાત્માભક્તિ કે ગુરુભક્તિના વિષયમાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવવા ઇચ્છતા હોય, તેઓને માટે ઉવવાઈ સૂત્રનું વાંચન અત્યંત ઉપકારક છે. આ જ ઉવવાઈ સૂત્રની અંદર તે સમયની નગરી, ઉદ્યાનો અને ઉદ્યાનોમાં કેવા પ્રકારનું વાવેતર થતું અને વૃક્ષોનું સંવર્ધન થતું તેનું વર્ણન આવે છે. કેવી રીતે આસપાસનાં વૃક્ષો પોઝિટિવ એનર્જી સર્જે છે એ તેવા વાતાવરણમાં ભગવાન મહાવીર આવાં વૃક્ષોની વચ્ચે કેવા પ્રકારની સાધના કરતાં હતાં તેનું વર્ણન

પણ ઉવવાઈ સૂત્રમાં આવે છે.

ઉવવાઈ સૂત્ર ભગવાન મહાવીરની ઉચ્ચત્તમ જ્ઞાનદશાનું વર્ણન કરે છે. સાથે સાથે ભગવાનની સાથે રહેનાર હજારો સાધુ-સાધવીઓ કેવા પ્રકારની દેહાકૃતિ ધરાવતાં, આત્મસિધ્ધિ ધરાવતાં હતાં, તેમનું તેજ કેવું હતું અને તેમની જીવનશૈલી કેવી હતી તેનું ઉત્કૃષ્ટ વર્ણન છે.

આમ ઉવવાઈ સૂત્રમાં અનેક વિષયોનો ખજાનો છે. તેમાં મુખ્યતઃ મહારાજ કોણિકની ભગવાન પ્રત્યેની ભક્તિનું ઉત્કૃષ્ઠ દશાનું વર્ણન આવે છે.

જેમને ભક્તિમાર્ગમાં ઊંડાણપૂર્વક આગળ વધવું હોય તેમને માટે ઉવવાય સૂત્રનું વાંચન અત્યંત ઉપકારક બની રહે છે.

*  *  *  *

> * ગુરુનું સાન્નિધ્ય એ આત્મજ્ઞાન પ્રગટ કરવાનો પાવન અવસર છે.

तए णं केसी कुमारसमणे चित्तं सारहिं एवं वयासी- एवं खलु चउहिं ठाणेहिं चित्ता! जीवा केवलिपण्णत्तं धम्मं णो लभेज्जा सवणयाए, तं जहा-

आरामगयं वा उज्जाणगयं वा समणं वा माहणं वा णो अभिगच्छइ णो वंदइ णो णमंसइ णो सक्कारेइ णो सम्माणेइ णो कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासेइ, णो अट्ठाइं हेऊइं पसिणाइं कारणाइं वागरणाइं पुच्छइ । एएणं ठाणेणं चित्ता ! जीवा केवलिपण्णत्तं धम्मं णो लभंति सवणयाए ॥१॥ उवस्सयगयं समणं वा तं चेव जाव एएण वि ठाणेणं चित्ता !
जीवा केवलिपण्णत्तं धम्मं णो लभंति सवणयाए

गोयरग्गगयं समणं वा माहणं वा जाव णो पज्जुवासेइ, णो विउलेणं असण-पाण- खाइम-साइमेणं पडिलाभेइ, णो अट्ठाइं जाव पुच्छइ । एएणं वि ठाणेणं चित्ता ! जीवे केवलिपण्णत्तं धम्मं णो लभइ सवणयाए

जत्थ वि य णं समणेण वा माहणेण वा सद्धिं अभिसमागच्छइ तत्थ वि णं हत्थेण वा वत्थेण वा छत्तेणं वा अप्पाणं आवरित्ता चिट्ठइ, णो अट्ठाइं जाव पुच्छइ । एएण वि ठाणेणं चित्ता ! जीवे णो लभइ केवलिपण्णत्तं धम्मं सवणयाए

ત્યાર પછી કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથિને કહ્યું– હે ચિત્ત ! જીવ ચાર કારણોથી કેવળી પ્રરૂપિત ધર્મ સાંભળવાનો લાભ મેળવી શકતા નથી. તે આ પ્રમાણે છે–

(૧) જે મનુષ્યો આરામ કે ઉદ્યાનમાં પધારેલા શ્રમણ-માહણની સામે જતા નથી, તેમને વંદન, નમસ્કાર, સત્કાર, સન્માનાદિ કરતા નથી, તેમને કલ્યાણ સ્વરૂપ, મંગલસ્વરૂપ, ધર્મદેવ સ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ માનતા નથી; તેમની સેવા શુશ્રૂષા કરતા નથી; અર્થભૂત– જીવાદિ પદાર્થો વિષયક પ્રશ્નો પૂછતા નથી; મોક્ષના હેતુભૂત– મુક્તિના ઉપાયો પૂછતા નથી; જિજ્ઞાસાવશ પ્રશ્નો, સંસાર બંધના કારણો, તત્ત્વનું સ્વરૂપ જાણવા તેની વ્યાખ્યાને પૂછતા નથી; હે ચિત્ત ! તે મનુષ્યો કેવળી કથિત ધર્મ શ્રવણનો લાભ મેળવી શકતા નથી. અર્થાત્ જે મનુષ્યો વંદનાદિ કોઈ પણ નિમિત્તે શ્રમણ નિર્ગ્રંથોના સંપર્કમાં આવતા નથી, તેને ધર્મ શ્રવણનો લાભ મળતો નથી અને તેથી જ તેઓ ધર્મ શ્રવણથી વિમુખ રહે છે.

(૨) જે મનુષ્યો ઉપાશ્રયમાં પધારેલા શ્રમણ-માહણાદિની સામે જતાં નથી, તેમને વંદન નમસ્કારાદિ કરતા નથી યાવત્ તત્ત્વસ્વરૂપ જાણવા વ્યાખ્યાદિ પૂછતા નથી તે મનુષ્યો કેવળી કથિત ધર્મ શ્રવણનો લાભ મેળવી શકતા નથી.

(૩) જે મનુષ્યો ગોચરીએ નીકળેલા શ્રમણ-માહણની સામે જતા નથી યાવત્ તેમની સેવા-શુશ્રૂષા કરતા નથી, વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી પ્રતિલાભિત કરતા નથી(આહારાદિ વહોરાવતા નથી), જીવાદિ પદાર્થ વિષયક પ્રશ્ન પૂછતા નથી, તે મનુષ્યો કેવળી કથિત ધર્મ શ્રવણનો લાભ લઈ શકતા નથી.

(૪) જે મનુષ્યો શ્રમણ-માહણ સામે મળી જાય તો પણ પોતાની જાતને છૂપાવી રાખવા હાથ, છત્ર કે વસ્ત્ર વડે પોતાને ઢાંકી રાખે, જીવાદિ પદાર્થ વગેરે વિષયક કાંઈ પૂછતા નથી, શ્રમણોની પાસે આવતા નથી તે મનુષ્યોને ધર્મ શ્રવણનો લાભ મળતો નથી.

## બીજું ઉપાંગ : રાજપ્રશ્નીય સૂત્ર : શ્રી રાયપસેણિય સૂત્ર

### આત્મતત્વને પ્રગટ કરતાં ગૂઢ રહસ્યો

ભગવાન મહાવીરે ઉચ્ચ કક્ષાના સાધકોની સાધક દશા કેવા પ્રકારની હોય છે તે રાયપસેણીય સૂત્રમાં દર્શાવ્યું છે.

રાયપસેણીય સૂત્ર તે રાજા પરદેશીનું જીવનદર્શન કરાવતું આગમ છે. એક અત્યંતપણે અજ્ઞાની આત્મા, કેવા પ્રકારનાં ક્રૂર કર્મોને સર્જે છે પરંતુ જ્યારે એને સદ્‌ગુરુનો સંગ થાય છે, સદ્‌ગુરુની કૃપા મળે છે અને સદ્‌ગુરુના જ્ઞાનથી ભાવિત થાય છે ત્યારે અજ્ઞાની અને ક્રૂર એવો આત્મા પણ કેવી રીતે પરમજ્ઞાન તરફ આગળ વધે છે, પરમ સમતાનો અનુભવ કરે છે અને જીવનની દરેક કઠોર પરિસ્થિતિઓનો સ્વીકાર કરે છે તેનું વર્ણન આ રાયપસેણીય સૂત્રમાં આવે છે.

રાયપસેણીય સૂત્ર આત્મજ્ઞાનને પ્રગટ કરતું આગમ છે. આત્મજ્ઞાનના વિષય પર આ આગમમાં રાજા પરદેશીની જિજ્ઞાસા અને ગુરુ કેશીસ્વામિના સમાધાન પર વિશેષ વર્ણન આવે છે.

રાજા પરદેશી હંમેશાં આત્મતત્વને નકારતો હતો. તેવા રાજાને ગુરુ કેશીસ્વામીએ આત્મતત્વમાં શ્રદ્ધા પ્રગટાવી, આત્મ સમીપ જવાનો માર્ગ બતાવ્યો છે તેનું વર્ણન છે. જેઓને આત્મતત્વમાં ઊંડાણપૂર્વક જાણવાની જિજ્ઞાસા હોય તેવા સાધકો માટે રાયપસેણીય સૂત્ર અત્યંત ઉપકારક છે.

રાયપસેણીય સૂત્ર રાજા પરદેશીની આત્મસિદ્ધિનું કારણ છે. આમ રાયપસેણીય સૂત્રમાં આત્મશુદ્ધિથી આત્મસિદ્ધિના માર્ગની પ્રરુપણા કરી છે. ભગવાન મહાવીરે આ આગમ દ્વારા અનેક અજ્ઞાની આત્માઓને રાઈટ આઈડેન્ટિટી તરફ લઈ જવાનો સત્ય માર્ગ બતાવ્યો છે.

સંત સમાગમ, વ્યક્તિ ઉપર કેવો મહાન ઉપકાર કરે છે અને તેને દેવલોકના સુખો અપાવી, એક જ ભવમાં પરમાત્મપદ પ્રાપ્ત કરાવી આપે છે એ હકીકત ખૂબ રસમય રીતે અહીં આલેખન પામી છે. સહુને માટે પ્રેરણાદાયક બની રહી છે.

પોતાની રાઈટ આઈડેન્ટિટી જાણવા ઇચ્છુક સાધકો મટે રાયસેણીય સૂત્ર ઉપકારક બની રહેશે. ****

इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णेरइयाणं
सरीरया किं संघयणी पण्णत्ता ?
गोयमा ! छण्हं संघयणाणं असंघयणी, णेवट्ठी, णेव
छिरा, णवि ण्हारु, जे पोग्गला अणिट्ठा जाव
अमणामा ते तेसिं सरीरसंघायत्ताए परिणमंति।
एवं जाव अहेसत्तमा।

પ્રશ્ન– હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નારકીઓના શરીરોનું ક્યું સંહનન હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! છ પ્રકારના સંહનનમાંથી તેને એક પણ પ્રકારનું સંહનન નથી. તેના શરીરમાં હાડકાંઓ નથી, નસો(શિરાઓ) નથી, સ્નાયુ નથી, જે પુદ્ગલ અનિષ્ટ અને અમનોજ્ઞ હોય છે, તે તેના શરીરરૂપમાં એકત્રિત થઈ જાય છે. આ પ્રમાણે સપ્તમ પૃથ્વી સુધી કહેવું જોઈએ.

इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णेरइयाणं
सरीरगा केरिसगा वण्णेणं पण्णत्ता?
गोयमा ! काला कालोभासा जाव परमकिण्हा
वण्णेणं पण्णत्ता । एवं जाव अहेसत्तमाए।

પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નારકીઓના શરીરનો વર્ણ કેવો હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! કાળો, કાળી કાંતિવાળો(કાળી છાયા) યાવત્ અત્યંત કાળો હોય છે. આ પ્રમાણે સપ્તમ પૃથ્વી સુધીના નારકીઓના

વર્ણ જાણવા જોઈએ.

**इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णेरइयाणं**
**सरीरया केरिसया गंधेणं पण्णत्ता?**
**गोयमा ! से जहाणामए अहिमडे इ वा,**
**तं चेव जाव अहेसत्तमा ।**

પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નારકીઓના શરીરની ગંધ કેવી હોય છે?

ઉત્તર– હે ગૌતમ ! જેમ કોઈ મરેલો સર્પ હોય ઇત્યાદિ પૂર્વવત્ કથન કરવું જોઈએ. સપ્તમ પૃથ્વી સુધીના નારકીઓની ગંધ આ પ્રમાણે જ જાણવી જોઈએ.

**इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णेरइयाणं सरीरया**
**केरिसया फासेणं पण्णत्ता?**
**गोयमा ! फुडितच्छविविच्छविया**
**खर-फरुस-झाम-झुसिरा फासेणं पण्णत्ता ।**
**एवं जाव अहेसत्तमा ।**

પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નારકીઓના શરીરનો સ્પર્શ કેવો હોય છે?

ઉત્તર– હે ગૌતમ ! તેના શરીરની ચામડી ફાટેલી હોવાથી તથા ઉઝરડા અને કરચલી પડેલી હોવાથી, કાંતિ રહિત, કઠોર, બળેલી વસ્તુની જેમ ખરબચડી અને છીદ્રવાળી છે. (પાકેલી ઈંટની જેમ ખરબચડું શરીર છે) આ પ્રમાણે સપ્તમ નરક પૃથ્વી સુધી કહેવું જોઈએ.

# ત્રીજું ઉપાંગ શ્રી જિવાભિગમ સૂત્ર

## જીવ વિજ્ઞાનનો અમૂલ્ય દસ્તાવેજ

ભગવાન મહાવીરે જગતજીવોની વિવિધ પ્રકારની વૃત્તિઓ, ઋચિઓ અને અલગ અલગ પ્રકૃતિને ધ્યાનમાં રાખીને જે જ્ઞાનભાવોનું દર્શન કરાવ્યું છે, તે આગમનું નામ છે જિવાભિગમ સૂત્ર.

અભિગમ એટલે કે ઊંડાણપૂર્વકનું જ્ઞાન. જીવો જગતમાં કેટલા પ્રકારના છે તેનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન જીવાભિગમ સૂત્રમાં આવે છે. આ જ આગમમાં અનેક આત્માઓ કેવી રીતે જીવસૃષ્ટિને સમજી શકે છે અને જીવસૃષ્ટિના વિવિધ વિભાગરૂપે અલગ અલગ પ્રકૃતિરૂપે અલગ અલગ શરીરમાં જાતિ અને કુળમાં કેવી રીતે જીવે છે તેનું વિશેષ વર્ણન આ જિવાભિગમ સૂત્રમાં કરવામાં આવ્યું છે.

જિવાભિગમ સૂત્ર જીવ અને અજીવનાં રહસ્યોને પ્રગટ કરે છે. આ સૂત્રમાં પરમાણું, પદાર્થો અને પદાર્થોની વિવિધ અવસ્થાઓનું વર્ણન છે. પદાર્થની શક્તિ અને આત્મશક્તિ બન્નેનો સમન્વય કેવા પ્રકારનો હોય છે તેનું વર્ણન છે.

આ સૂત્રમાં જગતમાં કેટલા પ્રકારના જીવો છે અને તે જીવોની કેવી પ્રકારની જીવનશૈલી છે, તેનું વર્ણન છે.

ભગવાને જીવવિજ્ઞાન અંગે આ આગમમાં હજારો પાનાં ભરાય એટલું વિશિષ્ટ વર્ણન આપ્યું છે તે અનન્ય છે, પરંતુ પ્રયોગોથી પણ સાબિત ન થાય તેવા પરમ સત્યને આ આગમમાં પ્રગટ કરવામાં આવેલ છે. આમ જિવાભિગમ સૂત્ર તે જીવવિજ્ઞાનનો એક ઊંડાણભરેલો દસ્તાવેજ છે જે સાધકોને જીવવિજ્ઞાન વિશે જાણવું હોય તેને માટે આ આગમ ઉપકારી છે.

****

कइपइट्ठिए णं भंते ! कोहे पण्णत्ते ?
गोयमा ! चउपइट्ठिए कोहे पण्णत्ते,
तं जहा–आयपइट्ठिए, परपइट्ठिए,
तदुभय पइट्ठिए, अप्पइट्ठिए ।

પ્રશ્ન– હે ભગવન્ ! ક્રોધ શેના આધારે હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! ક્રોધ ચાર નિમિત્તો પર પ્રતિષ્ઠિત (આધારિત) હોય છે, તે આ પ્રમાણે છે– (૧) આત્મપ્રતિષ્ઠિત (૨) પર પ્રતિષ્ઠિત, (૩) ઉભય પ્રતિષ્ઠિત અને (૪) અપ્રતિષ્ઠિત.

(૧) આત્મપ્રતિષ્ઠિત ક્રોધાદિ– સ્વયં પોતાના પર જ આધારિત હોય, સ્વયં આચરિત કર્મના ફળ સ્વરૂપે જ્યારે કોઈ જીવ પોતાનું ઈહલૌકિક અનિષ્ટ ફળ જુએ છે, ત્યારે તે સ્વયં પોતાના ઉપર ક્રોધાદિ કરે છે, તે આત્મ પ્રતિષ્ઠિત ક્રોધાદિ છે. આ ક્રોધાદિ પોતાની જાત પર જ કરવામાં આવે છે. (૨) પર પ્રતિષ્ઠિત ક્રોધાદિ – જ્યારે કોઈ જીવ અન્ય વ્યક્તિ કે અન્ય પદાર્થને પોતાના અનિષ્ટમાં નિમિત્ત માનીને ક્રોધાદિ કરે છે, તે પર પ્રતિષ્ઠિત છે અથવા જ્યારે એક વ્યક્તિ આક્રોશ આદિ કરીને બીજી વ્યક્તિને ક્રોધાદિ ઉત્પન્ન કરાવે છે, તેને ઉશ્કેરે છે, ત્યારે તેના પ્રત્યે જે ક્રોધાદિ ઉત્પન્ન થાય છે, તે પર પ્રતિષ્ઠિત ક્રોધાદિ

છે. (૩) ઉભય પ્રતિષ્ઠિત ક્રોધાદિ– જીવ પોતાના અને બીજાના દ્વારા કરેલા અપરાધના કારણે સ્વપર વિષયક ક્રોધાદિ કરે, ત્યારે તે ક્રોધાદિ ઉભય પ્રતિષ્ઠિત હોય છે.

(૪) અપ્રતિષ્ઠિત ક્રોધાદિ :– જ્યારે ક્રોધ આદિ કષાય કોઈપણ પ્રકારના નિમિત્ત વિના, કેવળ ક્રોધ આદિ મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે, ત્યારે તે ક્રોધાદિ અપ્રતિષ્ઠિત કહેવાય છે. આ રીતે અધિકરણના આધારે કષાયના ચાર પ્રકાર છે.

कइहिं णं भंते ! ठाणेहिं कोहुप्पत्ती भवइ ?
गोयमा ! चउहिं ठाणेहिं कोहुप्पत्ती भवइ,
तं जहा– खेत्तं पडुच्च, वत्थुं पडुच्च,
सरीरं पडुच्च, उवहिं पडुच्च ।

પ્રશ્ન– હે ભગવન્ ! ક્રોધની ઉત્પત્તિ કેટલા કારણોથી થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! ચાર કારણોથી ક્રોધની ઉત્પત્તિ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) ક્ષેત્ર–ખેતર કે ખુલ્લી જમીનના નિમિત્તથી, (૨) વાસ્તુ–મકાન આદિના નિમિત્તથી, (૩) શરીરના નિમિત્તથી અને (૪) ઉપધિ–સાધન સામગ્રીના નિમિત્તથી.

# ચોથું ઉપાંગ શ્રી પન્નાવણા (પ્રજ્ઞાપના) સૂત્ર

## પદાર્થવિજ્ઞાન, શરીરવિજ્ઞાન અને ચૈતસિકશક્તિઓના જ્ઞાનનો ખજાનો

રસ અને રૂચિને અનેક દૃષ્ટિબિંદુથી ધ્યાનમાં રાખી શ્રી પન્નાવણા સૂત્રનું વર્ણન કરેલ છે. પન્નવણા સૂત્રનું નામ જ પ્રજ્ઞાપના છે. આપણા અંદરમાં રહેલી પ્રજ્ઞાઓને જે ખિલાવી દે છે તે પ્રજ્ઞાપના સૂત્ર છે. દરેક આત્મામાં જ્ઞાનશક્તિ પડેલી છે પરંતુ અંદરમાં પડેલી એ જ્ઞાનશક્તિને પ્રગટ કરવા માટે ભગવાને પ્રજ્ઞાપના નામના આ સૂત્રમાં અત્યંત ઉપકારકપણે વર્ણન કરેલું છે.

પન્નાવણા સૂત્રમાં એકથી છત્રીસ પદોમાં ઊંડાણપૂર્વક જ્ઞાન આપેલું છે. તેથી આગમ, ‘‘જ્ઞાનનો ગહન ભંડાર’’ છે અને ‘‘લઘુ ભગવતી’’ તરીકે ઓળખાય છે. ખાસ કરીને છ લેશ્યા, ઓરા, યોગ, પરમાણુંની ગતિનું વર્ણન ભૂગોળ અને નૃવંશવિદ્યાની મહત્ત્વની બાબતો સરસ રીતે આલેખન પામી છે. જૈનદર્શનના તાત્ત્વિક પદાર્થોનો ‘સંક્ષિપ્ત વિશ્વકોષ’ આ ઉપાંગ છે. ‘નમો સિદ્ધાણં’ પદથી મંગલાચરણ કર્યા પછી શાસનપતિ ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા છે.

માનવીય ઇન્દ્રીયો કેવા પ્રકારની હોય છે, શરીરો કેવા પ્રકારનાં હોય છે, જીવ અને અજીવની ગતિ કેવા પ્રકારની હોય છે, તેનું વિશેષ વર્ણન પન્નાવણા સૂત્રમાં છે.

જેઓને પદાર્થવિજ્ઞાન અને શરીરવિજ્ઞાન જાણવામાં રસ છે, જેમને આસપાસની ચૈતસિકશક્તિઓ જાણવામાં રસ છે, તેમના માટે પન્નાવણા સૂત્રમાં અગાધ જ્ઞાનનો ખજાનો છે.

ભગવતી સૂત્રનું આ ઉપાંગ સૂત્ર અત્યંતપણે એવાં રહસ્યોને ઉદ્‌ઘાટિત કરે જે માનવજાતિના વિકાસ અને શાંતિ માટે ખૂબ જ ઉપયોગી છે. પન્નાવણા સૂત્રમાં જીવની આસપાસ રહેલી ઓરા અને તે ઓરા કેવા પ્રકારે અસરકારક રહેલી છે તેનું વર્ણન પણ આ જ આગમમાં બતાવેલું છે. આ જ આગમમાં કોઈ પણ પ્રકારના ફોર્સ વગર પણ પરમાણું કેવા પ્રકારની ગતિ કરી શકે છે તેનું વર્ણન છે. જેમને ઊંડાણપૂર્વક વૈજ્ઞાનિક રહસ્યોની જાણકારીમાં રસ છે તેમને માટે પન્નાવણા સૂત્ર અત્યંતપણે ઉપકારક સાબિત થાય છે.

****

तीसे णं भंते ! समाए उत्तमकट्ठपत्ताए
भरहस्स वासस्स केरिसए आयारभाव–पडोयारे भविस्सइ ?
गोयमा ! काले भविस्सइ हाहाभूए, भंभाभूए,
कोलाहलभूए । समाणुभावेण य खरफरुसधूलिमइला,
दुव्विसहा, वाउला, भयंकरा य वाया संवट्टगा य वाइंति,
इह अभिक्खं धूमाहिंति य दिसा समंता रउस्सला
रेणुकलुसतमपडलणिरालोया,
समय लुक्खयाए
य णं अहियं चंदा सीयं मोच्छिहिंति,
अहियं सूरिया तविस्संति ।

પ્રશ્ન– હે ભગવન્ ! તે (છઠ્ઠો) આરો પરાકાષ્ઠા પર પહોંચશે ત્યારે ભરતક્ષેત્રનું સ્વરૂપ કેવું હશે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કાળ(છઠ્ઠો આરો) દુઃખથી પીડિત મનુષ્યોના હાહાકારના શબ્દથી વ્યાપ્ત થશે; પશુઓના ભાંભરવાના શબ્દથી વ્યાપ્ત થશે અને પક્ષી સમૂહના કોલાહલથી વ્યાપ્ત થશે. કાળના પ્રભાવે તે સમયે કઠોર, અતિ કઠોર, ધૂળ-રજથી મલિન, દુઃસહ્ય, વ્યાકુળતા ઉત્પાદક, ભયંકર, પદાર્થોને એક સ્થાનેથી બીજા સ્થાને ફેંકી દે તેવો સંવર્તક નામનો વાયુ વાશે; દિશાઓ સતત ધૂમનું વમન કરશે, દિશાઓ ધૂમિત થશે. સર્વત્ર ધૂળ-રજ છવાઈ જવાથી તે દિશાઓ ઘોર અંધકારના કારણે પ્રકાશ રહિત થશે.

કાળની રૂક્ષતાના કારણે ચંદ્ર અતિ ઠંડી વરસાવશે અને સૂર્ય અતિ તપશે અર્થાત્ કાળ અને શરીરની રૂક્ષતાના કારણે ચંદ્ર-સૂર્યની અતિ ઠંડી, અતિ ગરમી લોકોને પરિતાપ પહોંચાડશે.

# પાંચમું ઉપાંગ શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર

## ભૂગોળ, ખગોળ અને ઈતિહાસના જ્ઞાનનું સંયોજન

ભગવાન મહાવીરે જગતજીવોની રસ અને ઋચિને ધ્યાનમાં રાખીને જેઓને ભૂગોળ અને ખગોળમાં રસ છે તેવા સાધકો માટે પૃથ્વી અને પૃથ્વીમાં રહેલા અલગ અલગ દેશ, તેની ભૌગોલિક રચના વગેરેનું વર્ણન જંબુદ્વીપ પન્નતિમાં બતાવેલ છે. આપણે જે ક્ષેત્રમાં રહીએ છીએ, જે દેશમાં એરિયામાં રહીએ છીએ તેને જંબુદ્વીપ કહેવાય છે. આ જંબુદ્વીપ કેટલો લાંબો, પહોળો છે, આ જંબુદ્વીપમાં શું શું દેખાય છે ? આ જંબુદ્વીપમાં મધ્યમાં મેરુપર્વત છે. તે મેરુપર્વત કેટલો વિશાળ છે, શેનો બનેલો તેનું વર્ણન છે. આ આગમમાં છે. દરિયામાં ઉછળતાં મોજાંઓ અને આ મોજાંઓથી આપણી પૃથ્વીનું રક્ષણ કેવી રીતે થાય છે, સુનામી કઈ રીતે આવે છે ને સુનામી આવે ત્યારે શું થઈ શકે તેનું વર્ણન આ આગમમાં છે. આ આગમમાં પૃથ્વીની રચનાને લગતાં રહસ્યો પ્રગટ કરેલાં છે. ભગવાન મહાવીરે આ આગમમાં જંબુદ્વીપમાં થયેલા અનેક મહાપુરુષોનું વર્ણન કરેલ છે. ઋષભદેવના જન્મ સમયે રાખડી બાંધવા આવેલ ૫૬ દિશાકુમારીનું વર્ણન પણ જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં આવે છે.

ભગવાન ઋષભદેવના વખતની લાખો વર્ષ પૂર્વે ભારતમાં કેવા પ્રકારની જીવનશૈલી હતી તેનું વર્ણન મળે છે.

જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર ભૂગોળ, ખગોળ અને ઈતિહાસનું સંયોજન છે. આ સૂત્રમાં આપણી પૃથ્વી કેવા પ્રકારની છે, તેની સાથે સાથે આત્માથી પરમાત્મા સુધીની યાત્રા કેવી હોવી જોઈએ અને તે જંબુદ્વીપના કયા ક્ષેત્રથી યાત્રા શરૂ થઈ શકે છે તેનું વર્ણન પણ ભગવાને આ આગમમાં બતાવ્યું છે. આમ જેમને ભૂગોળ, ખગોળ, ઈતિહાસમાં રસ છે તેવા સાધકો માટે જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ નામનું આગમ ખૂબ જ ઉપકારક સાબિત થયું છે.

****

ता कहं ते चंदे ससी-चंदे ससी आहिएति वएज्जा ? ता
चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो मियंके विमाणे कंता
देवा कंताओ देवीओ कंताइं
आसण-सयण-खंभ-भंड-मत्तोवगरणाइं, अप्पणावि य णं चंदे
देवे जोइसिंदे जोइसराया सोमे कंते सुभे पियदंसणे सुरूवे
ता एवं खलु चंदे ससी, चंदे-ससी आहिएति वएज्जा ।

પ્રશ્ન– ચંદ્રને 'શશી' (સશ્રી) શા માટે કહે છે ?

ઉત્તર– જ્યોતિષીઓના ઈન્દ્ર, અને જ્યોતિષીઓના રાજા ચંદ્રનું મૃગાંક(મૃગના ચિહ્ન-વાળું) વિમાન છે. તેમાં કાન્ત(સુંદર)દેવ, સુંદર દેવીઓ અને સુંદર આસન, શયન, સ્તંભ, પાત્ર આદિ ઉપકરણ છે તથા જ્યોતિષીઓના ઈન્દ્ર, જ્યોતિષીઓના રાજા ચંદ્ર સ્વયં પણ સૌમ્ય, કાન્ત, સુભગ, પ્રિયદર્શનીય અને સુરૂપ છે. તેથી ચંદ્રને 'શશી' (સશ્રી-શોભાસહિત) કહે છે.

ता कहं ते सूरिए आइच्चे-सूरिए आइच्चे आहिएति
वएज्जा ? ता सूरादिया समयाइ वा आवलियाइ वा
आणापाणूइ वा थोवेइ वा जाव उस्सपिणी ओसप्पिणीइ
वा, एवं खलु सूरे आइच्चे-सूरे आइच्चे
आहिएति वएज्जा ।

પ્રશ્ન– સૂર્યને 'આદિત્ય' શા માટે કહે છે ?

ઉત્તર– સમય, આવલિકા યાવત્ ઉત્સર્પિણી અને અવસર્પિણી પર્યંતના કાલનો આદિભૂત(કારણ) સૂર્ય છે તેથી તેને 'આદિત્ય' કહે છે.

# છઠ્ઠું અને સાતમું શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર

## ગણિત અને જ્યોતિષ વિષયક વર્ણનો

ભગવાન મહાવીરની વહેતી ઉપદેશધારામાં ભગવાન મહાવીરે જે આગમમાં જ્યોતિષ વિષયક વાત કરી છે તે આગમને શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ કહે છે.

ચંદ્રની ગતિ, ચંદ્રના વલયો, ચંદ્રની દિશા, ચંદ્રના ગ્રહનું માપ આદિ અનેક વર્ણનો આ આગમમાં આવેલાં છે. સૂર્યનું વર્ણન, ગતિ, ગરમીની વધઘટ વિગેરે ચંદ્ર અને સૂર્ય પર વિશેષ વર્ણન આવ છે.

ચંદ્ર અને સૂર્ય બન્નેની સાઈઝ, બન્નેની ગતિ કરવાના માપદંડ આ આગમમાં આવે છે.

ચંદ્ર અને સૂર્યપન્નતિમાં સૂર્યગ્રહણનું વર્ણન કરેલ છે. આ સૂત્રમાં ભગવાન મહાવીરે ચંદ્ર અને સૂર્યના આધારે કેવા પ્રકારે વિશિષ્ટ આત્મશક્તિ પ્રાપ્ત કરી શકાય છે, તેનું નિરૂપણ કરેલ છે. આ આગમ જ્યોતિષ વિષયક ખજાનો છે. જ્યારે આજના જ્યોતિષ વિષય સાથે જો ચંદ્ર અને સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રનો મેળ કરવામાં આવે તો આજનું જ્યોતિષ સચોટ સાબિત થઈ શકે. દરેક ગ્રહો, નક્ષત્રો, ગતિ અને ચાલનું વર્ણન પણ આ જ આગમમાં કરવામાં આવેલ છે.

ચંદ્ર અને સૂર્યના અધિષ્ઠાયક દેવો કેવા પ્રકારની ગતિ કરાવે છે અને ચંદ્ર અને સૂર્યના ફરવાનાં કારણો આ આગમમાંથી મળે છે. જ્યોતિષ ખગોળ વિષયમાં રસ ધરાવતા જિજ્ઞાસુઓ માટે, ચંદ્ર સૂર્યપ્રજ્ઞપ્તિ આગમ અત્યંત ઉપકારક સાબિત થાય છે, પરંતુ આ આગમ વાંચવાની અનુજ્ઞા દરેક સાધકને મળતી નથી. ગુરુની અત્યંતપણે કૃપા અને અનુગ્રહ પ્રાપ્ત થાય ત્યાર પછી જ વાંચવાનો અધિકાર મળતો હોય છે. ચંદ્ર અને સૂર્યપ્રજ્ઞપ્તિ આગમ વિશેષરૂપે ગુરુઆજ્ઞા વિના વંચાય નહીં.

****

तए णं सेणिए राया कूणियं कुमारं परसुहत्थगयं
एज्जमाणं पासइ, पासित्ता एवं संपेहेइ(वयासी)-
एस णं कूणिएकुमारे अपत्थियपत्थिए दुरंतपंतलक्खणे
हीणपुण्ण- चाउद्दसिए हिरिसिरिपरिवज्जिए
परसुहत्थगए इह हव्वमागच्छइ ।
तं ण णज्जइ णं ममं केणइ कु-मारेणं मारिस्सइ त्ति
कट्टु भीए तत्थे तसिए उव्विग्गे संजायभये तालपुडगं
विसं आसगंसि पक्खिवइ।
तए णं से सेणिए राया तालपुडगविसंसि आसगंसि
पक्खित्ते समाणे मुहुत्तंतरेण परिणममाणंसि णिप्पाणे
णिच्चेट्ठे जीवविप्पजढे ओइण्णे ।

રાજા શ્રેણિકે, હાથમાં કુહાડી લઈને કોણિકકુમારને આવતો જોયો. તેને મનમાં વિચાર આવ્યો કે– આ કોણિક કુમાર મારો વિનાશ ઈચ્છનારો, કુલક્ષણી, અભાગી, કાળી ચૌદસનો જન્મેલો, નિર્લજ્જ, લોકલાજથી રહિત હાથમાં કુહાડી લઈને અહીં આવી રહ્યો છે. કોને ખબર તે મને કેવા કમોતે મારશે ? આવા વિચારથી ભયભીત બનીને, ત્રસ્ત, ભયગ્રસ્ત, ઉદ્વિગ્ન થઈને પોતાની અંગૂઠીમાં રહેલ તાલપુટ ઝેર મોઢામાં નાખ્યું અર્થાત્ વીંટીમાં રહેલા હીરાને ચૂસી લીધો. તે ઝેર એક પળ માત્રમાં આખા શરીરમાં ફેલાઈ ગયું અને રાજા પ્રાણથી રહિત, નિશ્ચેષ્ટ, નિર્જીવ થઈ ગયા અને જમીન ઉપર પડી ગયા.

# ઉપાંગ ૮ થી ૧૨ : નિરિયાવલિકા પંચમ

## મનોવિજ્ઞાનિક દૃષ્ટિબિંદુ વ્યક્ત કરતું કથાસાહિત્ય

ભગવાન મહાવીરે જગતજીવોની કથા રુચિને ધ્યાનમાં રાખીને જે આગમોનું વર્ણન કર્યું છે તેમાં પાંચ આગમો છે. આ આગમોમાં ભગવાને કથા સાહિત્ય આપ્યું છે. તેમાં (૧) નિરયાવલિકા (૨) કપવંડસિયા (૩)પુષ્પિતા (૪) પુષ્પચુલિકા (૫) બન્હિશા (વૃષ્ણિદશા).

ભગવાન મહાવીરના સમયમાં રાજાઓ કેવા પ્રકારના હતા, રાજશૈલી કેવા પ્રકારની હતી, ભરપૂર ભોગ સૂત્રો વચ્ચે પણ આ રાજાઓ ભગવાનના સંપર્કમાં આવીને પૂર્ણપણે યોગીપુરુષની દશામાં કેવી રીતે આવતાં હતાં તેનું વર્ણન આ નિરિયાવલિકા સૂત્રમાં આપવામાં આવ્યું છે.

આ સૂત્રમાં આપણી ઇચ્છાઓ આપણા માટે કેવી રીતે દુઃખકારક બને છે તે બહુપુત્રિકાની વાર્તા દ્વારા મળે છે. ભગવાન મહાવીરના આ પાંચ આગમો ઉત્તમપણે આપણી આંતરિક મનોવૃત્તિઓનાં દર્શન કરાવે છે. જેમને માનવીય સાયકોલૉજી જાણવામાં રસ છે તેમને માટે આ પાંચ આગમમાંથી અત્યંત ઉપયોગી દૃષ્ટિબિંદુ પ્રાપ્ત થતાં હોય છે. આ પાંચ આગમમાં મનની અડગતા, સ્થિરતા અને મનની ચંચલતા, મનની વિચિત્રતા આ બધી જ દશાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. કેવા પ્રકારની માનસિકતામાં વ્યક્તિ સુખી થાય છે અને કેવા પ્રકારની માનસિકતામાં વ્યક્તિ દુઃખી થાય છે, સુખ-દુઃખનાં કારણમાં મન કેવો ભાગ ભજવે છે તેનું વિશેષ વર્ણન આ નિરિયાવલિકા સૂત્રમાં આવે છે. જેમને મનોવિજ્ઞાનના વિષયમાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવવું હોય તેમને મટે આ પાંચ આગમો કથારૂપે સાહિત્યરૂપે મનોવિજ્ઞાનના અનેક દૃષ્ટિબિંદુને ઉજાગર કરે છે. આમ આ પાંચ આગમો મનોવિજ્ઞાનને જાણવા ઉત્સુક સાધકો માટે ઉપકારક બની રહે છે.

****

जो पव्वयं सिरसा भित्तुमिच्छे,
सुत्तं व सीहं पडिबोहएज्जा ।
जो वा दए सत्तिअग्गे पहारं,
एसोवमासायणया गुरूणं ॥

કોઈ મૂર્ખ વ્યક્તિ પોતાના મસ્તક વડે પર્વતને ભેદી નાંખવાની ઈચ્છા કરે તથા કોઈ સૂતેલા સિંહને જાગૃત કરવાની ઈચ્છા રાખે, તેમજ કોઈ ભાલાની અણી ઉપર હાથ–પગથી પ્રહાર કરે; તેવા સમજણ વિનાના કૃત્યોની ઉપમા ગુરુની આશાતના કરનાર શિષ્યને લાગુ પડે છે અર્થાત્ તે સર્વે ક્રિયાઓ જેમ જીવન માટે હાનિકારક છે, તેમ ગુરુની આશાતના પણ સંયમ જીવન માટે હાનિકારક છે.

गुरुमिह सययं पडियरिय मुणी,
जिणमयणिउणे अभिगमकुसले ।
धुणिय रयमलं पुरेकडं,
भासुरमउलं गइं गओ ॥ त्ति बेमि ॥

આ જિનશાસનને પ્રાપ્ત કરી જે મુનિ સતત ગુરુજનની સેવા કરીને જૈન દર્શનનું રહસ્ય જાણવામાં નિપુણ અને વ્યવહાર વિવેકમાં કુશળ અર્થાત્ સાધુઓની યોગ્ય સેવામાં કુશળ થાય છે તે પોતાના પૂર્વ કૃત કર્મ મલનો નાશ કરી કેવળજ્ઞાન રૂપ પ્રકાશવાળી અતુલ મોક્ષ ગતિને ભૂતકાલમાં પામ્યા છે અને પામે છે.

# ચાર મૂળ સૂત્રો

ભગવાન મહાવીરના આગમો અંગ,ઉપાંગ, મૂળ, છેદ અને આવશ્યક રૂપે પ્રચલિત છે. જેમ વૃક્ષમાં થડનું, મૂળનું, શાખાઓનું અલગ અલગ મહત્ત્વ છે તેમ ભગવાનની વાણી અલગ અલગ સાધકો માટે વિવિધ સૂત્રો દ્વારા ઉપકારક બને છે.

દર્દીઓની ઔષધિમાં કોઈક માટે મૂળ, કોઈક માટે થડ કે શાખાનું સેવન કરવું તે દર્દશામક હોય છે. કેટલાક રોગોમાં છેદ પણ આપવામાં આવતો હોય છે. આમ વૃક્ષના વર્ણન દ્વારા સાધકોની અલગ અલગ દશાઓ અને દષ્ટિઓ અને વિવિધ પ્રકારના દોષોના નિવારણ કરવાની સાધના વિગેરે છે. આગમો અંગ, ઉપાંગ, મૂળ અને છેદ અને આવશ્યક રૂપે પ્રચલિત છે. આ ચાર મૂળ સૂત્રોમાં પ્રથમ મૂળ સૂત્રનું નામ શ્રી દશવૈકાલિક સૂત્ર છે.

## શ્રી દશવૈકાલિક સૂત્ર

### સાધુજીવનની બાળપોથી

ભગવાન મહાવીરની વિદાય પછી શ્રમણ ધર્મમાં આવતી શિથિલતા અને ભોગ – ઉપભોગનાં સાધનોને નિહાળતા તે સમયના આચાર્યો સંપૂર્ણ આગમોનો સાર ઓછા સમયમાં જાણી સાધક દશા કઈ રીતે પ્રાપ્ત કરી શકાય તેને માટે દશવૈકાલિક સૂત્રના આગમની રચના કરી. ભગવાન મહાવીરની પ્રથમ પાટ પર આવેલ. સુધર્માસ્વામી દ્વિતીય પાટ પર આવેલા જંબુસ્વામી, તૃતીય પાટ પર આવેલ પ્રભવસ્વામી અને ચોથી પાટ પર આવેલા શયંભવસ્વામીએ પોતાના સંસારી પુત્ર મનકને દીક્ષા પછી છ મહિનાનું આયુષ્ય છે તેવું જાણીને છ મહિનામાં તે સિદ્ધાંતોનો સાર સમજી શકે તેવા હેતુથી જે આત્મસિદ્ધિકરણ રહસ્ય પ્રગટ કર્યા છે તે દશવૈકાલિક સૂત્ર છે.

દશવૈકાલિક સૂત્રમાં ધર્મનાં અનેક રહસ્યો ઉદ્‌ઘાટિત કરવામાં આવ્યાં છે.

મંત્રવિદ્યાથી કેવી રીતે દેવોને વશ કરી શકાય તેનું વર્ણન પણ આ જ આગમમાં કરવામાં આવ્યું છે. આ આગમમાં રાગથી વૈરાગી થવાના દષ્ટિબિંદુ

આપવામાં આવેલા છે. ભગવાન મહાવીરે સાધુજીવનમાં કેવા પ્રકારના ત્યાગને મહત્ત્વ આપવું જોઈએ તેનું વર્ણન ઉપરાંત આ સૂત્રમાં આચારશૈલી, સાધક દશાને કેવી રીતે ઉચ્ચતમ દશા તરફ લઈ જાય છે તેનું વર્ણન પણ આપેલ છે. સાધકો તનથી આચારનિષ્ઠ હોય પણ વચનથી આચારનિષ્ઠ ન હોય તો તેની સાધકદશા નબળી પડી જતી હોય છે તેથી સાધકોએ ક્યારે બોલવું, કેટલું બોલવું અને કેવી રીતે બોલવું, કેવા પ્રકારની ભાષા સામેવાળા માટે હિતકારક બને છે, કલ્યાણકારક બને છે અને કેવા પ્રકારની ભાષા સામેવાળા માટે અને સ્વયં માટે અહિતકર્તા બને છે તેનું વર્ણન છે. દશવૈકાલિક સૂત્રમાં વિનયની ઉત્કૃષ્ઠ દશા કઈ રીતે આત્મજ્ઞાન પ્રગટ કરે છે તે બતાવ્યું છે. આ સૂત્રના નવમા અધ્યયનમાં તે ગુરુ-શિષ્યના સંબંધની વાત કરી છે. શરૂઆતના સાધકો માટે દશવૈકાલિક સૂત્રનું અધ્યયન પઠન અને કંઠસ્થ કરવાની પરંપરા વર્ષોથી જૈન સમુદાયમાં રહેલી છે. દીક્ષા લેવાના ઇચ્છુક સાધકોને દશવૈકાલિક સૂત્રના ચાર અધ્યયનો કંઠસ્થ કરાવવાની પરંપરા વર્ષોથી જૈન સમુદાયમાં રહી છે.

પરમદાર્શનિક પૂજ્ય જયંતમુનિજી આ આગમ વિશે લખે છે : ''દશવૈકાલિક જૈન આગમનો સાર-સરવાળો છે. 'મોક્ષમાર્ગનો મહાપથ' છે. એટલું જ નહીં, આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રોનું અવગાહન થઈ જાય તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.'

''દશવૈકાલિક સૂત્ર એ મુક્તિધામની મહાયાત્રા છે. આ યાત્રામાં સાધક જોડાઈ શકે છે. સાધક, યાત્રા શરૂ કરે તે પહેલાંથી જ બધી રીતે સાવધાન રહી આત્માને ઉચ્ચ કોટિના સિદ્ધાંતોથી સજ્જ કરે તો તે આ સંયમયાત્રામાં આગળ વધી મુક્તિધામ સુધી પહોંચે છે.

આમ દશવૈકાલિક સૂત્ર શરૂઆતના સાધકો માટે હિતકારક છે ને જીવન જીવવાના દૃષ્ટિબિંદુ આપે છે.

દશવૈકાલિક સૂત્ર ભગવાનના આગમોમાંથી સાર સાર ગ્રહણ કરીને શયંભવસ્વામીએ કરેલો આપણા પરનો મહાન ઉપકાર છે. દશવૈકાલિક સૂત્ર જીવનના અનેક રહસ્યને ઉદઘાટિત કરી આપણી સાધક દશાને ઉત્કૃષ્ઠ બનાવે છે. * * * *

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

असंखयं जीविय मा पमायए,
जरोवणीयस्स हु णत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते,
किण्णू विहिंसा अजया गहिंति

જીવન અસંસ્કૃત છે અર્થાત્ આયુષ્ય તૂટયા પછી સંધાય તેવું નથી માટે પ્રમાદ ન કરવો. વૃદ્ધાવસ્થા આવ્યા પછી કોઈ શરણભૂત થતા નથી માટે વિચાર કરો કે પ્રમાદી, હિંસક, અવિરત અને વિવેકશૂન્ય જીવો મૃત્યુ સમયે કોના શરણે જશે ? અર્થાત્ દુર્ગતિથી બચવા માટે તે જીવોને માટે કોઈ શરણભૂત થતું નથી.

जे पावकम्मेहिं धणं मणुस्सा, समाययंति अमइं गहाय ।
पहाय ते पासपयट्टिए णरे, वेराणुबद्धा णरयं उवेंति

જે મનુષ્યો અજ્ઞાનવશ પાપનાં કામો કરીને ધનનું ઉપાર્જન કરે છે અને ધનને અમૃત તુલ્ય સમજીને ગ્રહણ કરે છે, તેનો સંગ્રહ કરે છે પરંતુ તે ધનને અહીં જ છોડી, રાગદ્વેષની જાળમાં ફસાઈ, વૈરભાવથી બંધાઈ, તે જીવો મરીને નરક ગતિમાં ચાલ્યા જાય છે.

वित्तेण ताणं ण लभे पमत्ते, इमम्मि लोए अदुवा परत्था ।
दीवप्पणट्ठे व अणंत मोहे, णेयाउयं दट्ठुमदट्ठुमेव

પ્રમાદી જીવ આ લોક કે પરલોકમાં ધન વડે રક્ષણ પામતો નથી. અંધારામાં દીવો બુઝાઈ ગયા પછી અજવાળામાં જોયેલો માર્ગ પણ દેખાતો નથી. તેવી જ રીતે પ્રમાદી વ્યક્તિ અનંત મોહના કારણે જ્ઞાનદીપ બુઝાઈ ગયો હોવાથી મોક્ષમાર્ગને જોવા છતાં પણ દેખતો નથી.

# બીજું મૂળ સૂત્ર શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## મોક્ષમાર્ગનો નિર્દેશ કરતી ભગવાન મહાવીરની અંતિમ વાણી

ભગવાન મહાવીરે પોતાની મોક્ષયાત્રા જ્યારે શરૂ કરી તેના ૪૮ કલાક પહેલાં જગતજીવો માટે અત્યંત હિતકારક ઉપદેશ આપીને, જેમ એક પિતા અંતિમ શૈય્યા પર સૂતા સૂતા પોતાના પુત્રોને અંતિમ શિખામણ આપે, તેમ ભગવાન મહાવીરે મોક્ષમાં જતાં જતાં ૩૬ અધ્યયન રૂપી અંતિમ શિખામણના શબ્દો, ઉત્તરાધ્યયન સૂત્રરૂપે વ્યક્ત કર્યા હતા.

જીવનના ઉત્તર ભાગમાં એટલે અંતભાગમાં જે પ્રગટ થયા તેથી ઉત્તરાધ્યયન કહેવાયા. ઉત્તરાધ્યયન સૂત્રમાં સાધકદશાની ઉત્કૃષ્ટતા કેવી રીતે પ્રગટ કરવી, કેવી રીતે પોતાનું આત્મબળ પ્રગટ કરવું, નબળા મનની વ્યક્તિ પણ કેવી રીતે સબળ બની શકે તેનું વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં અનેક પ્રકારની કથા સાહિત્યનું વર્ણન છે. ગેરસમજથી કોઈ સાધકો જ્યારે જૈન ધર્મથી દૂર થાય છે, ત્યારે ભગવાનના સાધકોનું આચરણ જ તેની ગેરસમજ દૂર કરી તેને જૈન ધર્મમાં સ્થિર કરે છે. તેનું વિશેષ વર્ણન પણ આ આગમમા આવે છે.

ઉત્કૃષ્ઠ કક્ષાના ધર્મની પ્રાપ્તિ પછી પણ જો, તે સાધક સંસારી વ્યક્તિના આકર્ષણમાં આવીને જરા પણ મોહમાં ફસાય છે, તો તેનું અધઃપતન કેવી રીતે થાય છે તેનું વર્ણન આવે છે. જ્યાં એક છે ત્યાં શાંતિ છે અને જ્યાં અનેક છે ત્યાં અશાંતિ છે તેવો બોધ પ્રાપ્ત કરતા નમિ રાજર્ષિ, પાંચસો રાણીઓને છોડીને સંયમ માર્ગ પર આવે છે ત્યારે, તે સંયમ માર્ગમાં આવવા યોગ્ય છે કે અયોગ્ય તેની પરીક્ષા ઇન્દ્ર દ્વારા લેવામાં આવે છે. કોઈ પણ દીક્ષાર્થીની યોગ્યતાને ચકાસવા માટેનું વર્ણન આ ઉત્તરાધ્યયન સૂત્રમાં કરેલ છે.

સાધક દશામાં ઉત્કૃષ્ઠ જ્ઞાનદશા કઈ રીતે પ્રગટ કરવી તેનું સુંદર નિરૂપણ છે. અલગ અલગ વિવિધ ૭૩ પ્રકારની સાધનાથી મોક્ષમાર્ગમાં કઈ રીતે આગળ વધવું તેની સમજણ આપેલ છે. સાથે સાથે સંપૂર્ણ મોક્ષમોર્ગના વહેવાર અને નિશ્ચયના બિંદુ પણ આ જ આગમમાં બતાવાયા છે.

વહેલામાં વહેલું મોક્ષમાર્ગ પ્રતિ પ્રયાણ કરવું હોય તેવી જિજ્ઞાસા જાગી હોય તેવા સાધકો માટે આ આગમ અત્યંત ઉપકારક છે.

****

## શ્રી નંદી સૂત્ર

जयइ जगजीवजोणीवियाणओ, जगगुरु जगाणंदो ।
जगणाहो जगबंधू, जयइ जगप्पियामहो भयवं ॥

ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય રૂપ સંસારના તથા જીવોની ઉત્પત્તિ સ્થાનના જ્ઞાતા, જગદ્‌ગુરુ (સન્માર્ગદાતા), ભવ્ય જીવોને આનંદ દેનારા, સ્થાવર અને જંગમ પ્રાણીઓના નાથ, વિશ્વબંધુ, ધર્મના ઉત્પાદક હોવાથી દરેક જીવોના ધર્મપિતામહ સમાન અરિહંત ઋષભદેવ ભગવાનનો સદા જય હો, સદા જય હો.

जयइ सुयाणं पभवो, तित्थयराणं अपच्छिमो जयइ ।
जयइ गुरु लोगाणं, जयइ महप्पा महावीरो ॥

સમગ્ર શ્રુતજ્ઞાનના ઉદ્‌ગમરૂપ મૂળસ્રોત(મહાવીર સ્વામી) જયવંત થાઓ. વર્તમાન અવસર્પિણી કાળના ચોવીસ તીર્થંકર પૈકી અંતિમ તીર્થંકર જયવંત થાઓ. જગદ્‌ગુરુ, મહાત્મા મહાવીર સદા જયવંત હો.

भद्दं सव्वजगुज्जोयगस्स, भद्दं जिणस्स वीरस्स ।
भद्दं सुराऽसुर णमंसियस्स, भद्दं धुयकम्मरयस्स ॥

વિશ્વમાં જ્ઞાનનો ઉદ્યોત કરનારા, પ્રભુનું કલ્યાણ થાઓ, રાગદ્વેષ રૂપ શત્રુઓના વિજેતા જિનેશ્વરનું કલ્યાણ થાઓ, દેવો અને દાનવો દ્વારા વંદિત પ્રભુનું કલ્યાણ થાઓ અને કર્મરૂપ રજથી વિમુક્ત એવા ભગવાન મહાવીર સ્વામીનું સદા કલ્યાણ થાઓ.

णिव्वुइपहसासणयं, जयइ सया सव्वभावदेसणयं ।
कुसमयमय णासणयं, जिणिंदवर वीरसासणयं ॥

સમ્યગ્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ અથવા પાપની નિવૃત્તિરૂપ નિર્વાણપથના પ્રદર્શક, જીવાદિ સર્વે પદાર્થોના પ્રરૂપક અર્થાત્ સર્વભાવોના પ્રરૂપક અને કુદર્શનીઓના અહંકારના નાશક, જિનેન્દ્ર ભગવાન મહાવીરનું શાસન સદા—સર્વદા જયવંતુ થાઓ.

# ત્રીજું મૂળ સૂત્ર શ્રી નંદી સૂત્ર

## જ્ઞાન અને સંઘભક્તિનું વર્ણન

સાધકો માટે જ્ઞાનદશાનું ખૂબ ઉચ્ચતમ મહત્ત્વ બતાવેલું છે અને તે જ્ઞાન કેવા પ્રકારે પ્રગટ થાય છે, કોણ પ્રગટ કરી શકે છે તેનું વિશેષ વર્ણન જે આગમમાં બતાવ્યું છે તેને નંદીસૂત્ર કહેવાય છે.

પાંચ પ્રકારના જ્ઞાનથી આત્મા કેવી રીતે આત્મજ્ઞાનથી કેવળજ્ઞાનની યાત્રા કરી શકે છે તેનું વર્ણન નંદીસૂત્રમાં છે.

જ્ઞાન જ આત્મા માટે પરમ આનંદનું કારણ છે, તેવા ભાવો વ્યક્ત કરતું આ આગમનું નામ જ નંદીસૂત્ર છે. નંદીસૂત્રમાં સંઘ અને સંઘની વ્યવસ્થાનું વર્ણન, ભગવાન મહાવીરની પાટ પરંપરાના સાધકોનું વર્ણન છે. ભગવાન મહાવીરની પરમ કરુણાના કારણે પ્રગટ થયેલું આત્મજ્ઞાન અને કેવળજ્ઞાન ઉચ્ચતમ આત્માની ભૂમિકા દર્શાવે છે તેનું નિરૂપણ છે.

બુદ્ધિ અને બુદ્ધિની ક્ષમતાના પ્રકારનું વર્ણન, કોઈ પણ વ્યક્તિ પોતાની સ્મૃતિ-યાદશક્તિને કેવી રીતે વધારી શકે અને જગતની કોઈ પણ સફળતાઓને કેવી રીતે પ્રાપ્ત કરી શકે તેનું વર્ણન છે.

આ સૂત્રમાં શ્રોતાઓ અને વક્તાઓથી કેવા પ્રકારે સભાઓ બને છે, અને કેવા પ્રકારના શ્રોતાઓ જ્ઞાનને પચાવીને આત્મશુદ્ધિ કરી શકે છે તેનું વર્ણન છે. જેમને જ્ઞાનના વિષયમાં ઊંડાણપૂર્વક રહસ્યો જાણવાં છે તેમને માટે નંદીસૂત્ર અત્યંત ઉપકારક બને છે.

જ્ઞાનના વિષયમાં કેવા પ્રકારની અવધારણા કરવી જોઈએ, તેનો દિશા-નિર્દેશ આ સૂત્રમાં મળે છે. આમ નંદીસૂત્ર જ્ઞાનના વિષયોનો અદ્ભુત ખજાનો છે.

* * * *

## શ્રી અનુયોગદ્વાર સૂત્ર

**सुय सुत्त गंथ सिद्धांत, सासणे आणा वयण वदेसे।**
**पण्णवण आगमे या एगट्ठा पज्जवा सुत्ते**

(૧) શ્રુત, (૨) સૂત્ર, (૩) ગ્રંથ, (૪) સિદ્ધાન્ત, (૫) શાસન, (૬) આજ્ઞા, (૭) વચન, (૮) ઉપદેશ, (૯) પ્રજ્ઞાપના, (૧૦) આગમ. આ બધા શ્રુતના પર્યાયવાચી નામ છે. આ રીતે શ્રુતની વક્તવ્યતા પૂર્ણ થઈ.

(૧) **શ્રુત :–** ગુરુ પાસેથી સાંભળવાના કારણે તે શ્રુત છે.

(૨) **સૂત્ર :–** અર્થોની સૂચના મળવાના કારણે તેનું નામ સૂત્ર છે.

(૩) **ગ્રંથ :–** તીર્થંકરરૂપી કલ્પવૃક્ષના, વચનોરૂપી પુષ્પોનું તેમાં ગ્રથન હોવાથી તે ગ્રંથ છે.

(૪) **સિદ્ધાન્ત :–** પ્રમાણસિદ્ધ અર્થને પ્રગટ કરનાર છે માટે તે સિદ્ધાન્ત છે.

(૫) **શાસન :–** શિખામણ આપનાર હોવાથી તથા મિથ્યાત્વીને શાસિત, સંયમિત કરનાર હોવાથી શાસન છે. વૃત્તિમાં શાસનના સ્થાને પ્રવચન શબ્દ છે. પ્રશસ્ત, પ્રધાન, શ્રેષ્ઠ, પ્રથમ વચન હોવાથી તે પ્રવચન છે.

(૬) **આજ્ઞા :–** મુક્તિ માટે આજ્ઞા આપનાર અથવા મોક્ષમાર્ગ પ્રદર્શક હોવાથી તે આજ્ઞા કહેવાય છે.

(૭) **વચન :–** વાણી દ્વારા પ્રગટ કરાય છે માટે વચન.

(૮) **ઉપદેશ :–** ઉપાદેયમાં પ્રવૃત્તિ અને હેયથી નિવૃત્તિનો ઉપદેશ (શિક્ષા) આપનાર હોવાથી તેને ઉપદેશ કહે છે.

(૯) **પ્રજ્ઞાપના :–** જીવાદિ પદાર્થનું યથાર્થ પ્રરૂપણ કરનાર છે માટે પ્રજ્ઞાપના કહેવાય છે.

(૧૦) **આગમ :–** આચાર્ય પરંપરાથી આવે છે તેથી અથવા આપ્ત વચન રૂપ હોવાથી આગમ કહેવાય છે.

# ચોથું મૂળ સત્ર અનુયોગદ્વાર સૂત્ર

## શબ્દની સાથે અર્થનો યોગ કરાવનાર શ્રુતજ્ઞાન વિકાસની પદ્ધતિ

ભગવાન મહાવીરના ઊંડાણપૂર્વકના જ્ઞાનને સહજતાથી સમજવા માટેની સમજણ શૈલી જે આગમમાં પ્રગટ થઈ છે તેને અનુયોગ દ્વાર કહેવાય છે.

કઠિનતમ રહસ્યોવાળા પરાત્માના જ્ઞાનને કઈ રીતે સહજતાથી અને સરળતાથી સમજી શકાય, તેની વ્યાખ્યા શૈલી આ આગમમાં બતાવવામાં આવી છે.

કઠિન વિષયોને પણ સહજ કરવાની દિશા આ આગમથી મળે છે. કોઈ પણ શબ્દના અનેક અર્થો હોઈ શકે, અનેક રહસ્યો હોઈ શકે છે. એ અર્થ અને રહસ્ય કઈ રીતે પ્રગટ કરવા, તે પ્રગટ કરવાની શૈલી તે અનુયોગ દ્વાર સૂત્ર છે.

અનુયોગની વ્યાખ્યા જ એ છે કે શબ્દની સાથે અર્થનો યોગ કરવો તેને અનુયોગ કહેવાય.

ડિક્ષનરી બનાવવાવાળા - શબ્દકોષની રચના કરવાવાળા દરેક જિજ્ઞાસુ સાધકો માટે અનુયોગ દ્વાર સૂત્રનું વાંચન કરવું અત્યંત જરૂરી છે.

શબ્દકોષ-ડિક્ષનરી બનાવવાની કળા કેવી હોવી જોઈએ, કોઈ પણ શબ્દનો અર્થ કઈ રીતે પ્રગટ કરવો, એક શબ્દના અનેક અર્થ કેવી રીતે પ્રગટ કરવા તે શૈલી અનુયોગ દ્વાર સૂત્રમાં બતાવી છે.

આમ કઠિનતમ વિષયોને સરળતાથી સમજાવવાની શૈલી આ સૂત્રમાં બતાવી છે. ભગવાને આ આગમમાં એક જ આવશ્યક સૂત્ર ઉપર હજારો રહસ્યસભર દૃષ્ટિબિંદુ આપેલ છે.

એક શબ્દ પર જો આટલાં રહસ્ય પ્રગટ થઈ શકે તો જગતમાં રહેલા અનેક શબ્દોનાં અનેક રહસ્યો કેવી રીતે પ્રગટ કરવાં તેનું જ્ઞાન પણ આ આગમમાંથી મળે છે.

આ જ અનુયોગ દ્વાર સૂત્રમાં મનની અપાર શક્તિઓને પ્રગટ કરવામાં આવી છે અને તેમાં મનની શક્તિના ઉપયોગ દ્વારા વ્યક્તિ કઈ રીતે વિકાસ કરી શકે તેનું વર્ણન પણ કરવમાં આવ્યું છે.

આમ, જેમને શબ્દ અને તેના અર્થમાં ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની રુચિ છે તેને માટે અનુયોગ દ્વાર સૂત્ર વિશેષ માર્ગદર્શન આપનાર છે. ****

**जे भिक्खू रयहरणं उस्सीसमूले ठवेइ,**
**ठवेंतं वा साइज्जइ । तं सेवमाणे आवज्जइ**
**मासियं परिहारट्ठाणं उग्घाइयं ।**

જે સાધુ કે સાધ્વી રજોહરણને ઓશીકે સ્થાપે કે તેમ કરનારનું અનુમોદન કરે છે, તેને લઘુમાસિક પ્રાયશ્ચિત્ત આવે છે.

**जे भिक्खु भदंतं आगाढं वयइ, वयंतं वा साइज्जइ ।**

જે સાધુ કે સાધ્વી ગુરુ-આચાર્યાદિ ભગવંતને રોષ યુક્ત વચન કહે કે કહેનારનું અનુમોદન કરે

**जे भिक्खु भदंतं फरुसं वयइ, वयंतं वा साइज्जइ ।**

જે સાધુ કે સાધ્વી આચાર્યાદિ ભગવંતને કઠોર વચન કહે કે કહેનારનું અનુમોદન કરે

**जे भिक्खु भदंतं आगाढं फरुसं वयइ,**
**वयंतं वा साइज्जइ ।**

જે સાધુ કે સાધ્વી આચાર્યાદિ ભગવંતને રોષયુક્ત કઠોર વચન કહે કે કહેનારનું અનુમોદન કરે

**जे भिक्खु भदंतं अण्णयरीए अच्चासायणाए**
**अच्चासाएइ, अच्चासाएंतं वा साइज्जइ ।**

જે સાધુ કે સાધ્વી આચાર્યાદિ ભગવંતની તેત્રીશ આશાતનાઓમાંથી કોઈ પણ પ્રકારની આશાતના કરે કે કરનારનું અનુમોદન કરે છે, તેને તથા ઉપરોક્ત પ્રવૃત્તિ કરનારને ગુરુચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

# છેદસૂત્રો

સાધક જ્યારે સાધનાના ક્ષેત્રમાં જોડાય છે ત્યારે તેનો ભૂતકાળ તેને દૂષિત કરતો હોય છે.

સાધક વર્તમાનમાં સાધના કરતો હોવા છતાં પણ તેનો ભૂતકાળ તેને વર્તમાનમાં ક્યાંક ને ક્યાંક વૃત્તિ અને પ્રવૃત્તિ કરાવતો હોય છે. પોતાનો ભૂતકાળ વર્તમાનમાં જ્યારે સાધક દશામાં કોઈ અશુભ વૃત્તિ કે અશુભ પ્રવૃત્તિ કરાવે તેનાથી કેવી રીતે મુક્ત થવું અને આત્માને કેવી રીતે શુદ્ધ કરવો તેના ઉપર વિશેષ વર્ણન છેદસૂત્રોમાં કરવામાં આવેલું છે.

ચાર પ્રકારના છેદસૂત્રો એ ભગવાન મહાવીરની ઉત્કૃષ્ઠ આત્મશુદ્ધિની પ્રેરણાનું કારણ છે. છેદ સૂત્રોમાં આત્મશુદ્ધિની સાધના કરતાં સાધકો કેવી રીતે પોતાનામાં આવતા દોષોથી મુક્ત થઈ શકે, પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત બે વિધિથી આત્માની વિશુદ્ધિ કઈ રીતે થઈ શકે, તેનું વર્ણન છેદ સૂત્રોમાં આવે છે.

સાધક દશા સ્વીકારનાર સાધકો માટે શુદ્ધિના જેટલા માર્ગ બતાવેલા છે, તે માર્ગમાં ક્યાંયથી પણ કોઈ રીતે અશુદ્ધિ ન આવે તેના પ્રયત્નરૂપે અનેક નિયમો, વિધિ, વિધાન બતાવેલાં છે. ભગવાન મહાવીરના સાધકો માટે નિયમો અને પ્રતિજ્ઞાઓ બતાવવામાં આવેલી છે તે નિયમો અને પ્રતિજ્ઞાઓ આત્માના ગુણોની વૃદ્ધિ કરાવે છે પણ પરિસ્થિતિવશ આ નિયમો અને પ્રતિજ્ઞાઓનો ભંગ થતો હોય ત્યારે તેનો ઉપાય શું છે તે દર્શાવતા આગમને છેદ સૂત્રો કહેવાય છે.

## પહેલું છેદસૂત્ર શ્રી નિશીથ સૂત્ર

### પ્રાયશ્ચિત દ્વારા આત્મવિશુદ્ધિકરણનું વર્ણન

ભગવાન મહાવીરના છેદ સૂત્રોમાંથી ઉત્તમ કક્ષાનું છેદ સૂત્ર નિશીથ સૂત્ર છે. નિશીથ એટલે રાત્રિ. જેમ રાત્રિનો અંધકાર એ અનેક દોષનું કારણ છે અને સૂર્યનો પ્રકાશ અનેક દોષનું નિવારણ છે તેવી રીતે ભગવાન મહાવીરે સાધકોના જીવનમાં કેવા પ્રકારે રાત્રિનો (દોષોનો) પ્રવેશ થઈ શકે છે તેની ચેતવણી (એલર્ટનેસ) બતાવી છે અને તેમાંથી કઈ રીતે વિશુદ્ધ થવું તેના અનેક વિષયો અને વિચારોનું નિરૂપણ નિશીથ સૂત્રમાં કરવામાં આવ્યું છે.

નિશીથ સૂત્રમાં સાધુજીવનમાં કેવા કેવા પ્રકારના દોષ લાગી શકે અને તેનું નિવારણ કઈ રીતે કરવું તેનું વિશિષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે.

સાધુજીવનની ઉત્કૃષ્ટ મર્યાદાના ભંગને સમયે તેમના પ્રાયશ્ચિત કેવા હોય અને પ્રાયશ્ચિતથી આત્માની વિશુદ્ધિ કેવી રીતે થાય છે, તેનું વર્ણન પણ કરવામાં આવેલું છે.

કોઈ સાધક જ્યારે ધર્મ વિરૂદ્ધની પ્રરૂપણા કરે છે, ત્યારે તેને ૧૨ વર્ષ સુધી ધર્મથી વિમુખ રાખી તે ધર્મ પ્રત્યેની ભક્તિ વધે તેવા ઉત્કૃષ્ટ ઉપાયો પણ આ જ સૂત્રમાં બતાવાયા છે. કોઈ સાધક જ્યારે ધર્મ વિરુધ્ધ પ્રરૂપણા કરે છે ત્યારે તેને હિંસા કરતાં પણ વધુ પાપ માનવામાં આવેલ છે તેનું વર્ણન છે એટલે ભગવાન મહાવીરની દૃષ્ટિએ અહિંસા કરતાં પણ ધર્મ શ્રદ્ધા અને ધર્મ ભક્તિનું મહત્ત્વ વધારે છે તે આ આગમમાં દર્શાવ્યું છે. નિશીથ સૂત્રમાં ૨૦ અધ્યયનોની અંદર સાધુમાં લાગતા દોષોથી નિવૃત્તિ લેવાના ઉપાયો બતાવ્યા છે. આમ પસ્તાવો, પ્રાયશ્ચિત અને વિશુદ્ધિકરણના ત્રણેય ઉપાયો નિશીથ સૂત્રમાં બતાવવામાં આવેલા છે. મુખ્યતઃ સૂત્ર સાધુ-સાધ્વી માટેનું છે.

****

* ગુરુનું સાન્નિધ્ય એ આત્મજ્ઞાન પ્રગટ કરવાનો પાવન અવસર છે.

**से किं तं वयणसंपया ? वयणसंपया चउव्विहा पण्णत्ता, तं जहा- आदेयवयणे यावि भवइ, महुरवयणे यावि भवइ, अणिस्सियवयणे यावि भवइ, असंदिद्धवयणे यावि भवइ ।**

**से तं वयणसंपया ।**

પ્રશ્ન– વચનસંપદાના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– વચનસંપદાના ચાર પ્રકારના છે, જેમકે– (૧) આદેય વચન – જેનું વચન સર્વને ગ્રાહ્ય હોય. (૨) મધુર વચન– મધુરભાષી હોય (૩) અનિશ્રિત વચન– રાગ-દ્વેષ રહિત વચન બોલનાર હોય (૪) અસંદિગ્ધ વચન– સંદેહરહિત વચન બોલનાર હોય, આ ચાર પ્રકારની વચનસંપદા છે.

ધર્મના પ્રચાર–પ્રસારનું મુખ્ય સાધન વાણી છે. સમસ્ત વ્યવહારનું કારણ વાણી છે. સત્ય, પ્રિય, હિતકારી વચનો ગણિની સંપત્તિ છે, તેથી તેને સંપદા કહે છે. વચન સંપદાના ચાર અંગ છે, યથા–

(૧) આદેય વચન :– ગુરુના આદેશ વચનો, આજ્ઞાકારી વચનો અને હિતશિક્ષાના વચનોને શિષ્ય હર્ષથી સ્વીકારે, લોકો પણ તેમના વચનોને પ્રમાણ રૂપ માને, તેવી પ્રભાવકતા જે વચનોમાં (વાણીમાં) હોય, તે આદેય વચન છે.

સુદીર્ઘકાલ પર્યંત સત્ય, હિત, મિત અને પરિમિત વાણી બોલનાર વચન-સંયમીની આરાધના કરે છે, તેમ જ મૌનની

આરાધના કરનાર વચનનું તપ કરે છે, આ પ્રકારની આરાધનાથી જીવ આદેય નામકર્મનો બંધ કરે છે. આચાર્યોએ પૂર્વભવમાં આ પ્રકારની આરાધના કરી હોવાથી તેમને આદેય વચન-વચન સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ગણિ આદેય વચનથી જ અનુશાસન કરી શકે છે.

(૨) મધુર વચન :– માધુર્ય પૂર્ણ, ગંભીર વચનો મધુર વચન કહેવાય છે. વચનની મધુરતા વ્યક્તિને સર્વજન પ્રિય બનાવે છે, તેવી વ્યક્તિ સહજતાથી, સરળતાથી અનુશાસન કરી શકે છે, તેથી ગણિ સાર ગર્ભિત, આગમ સંમત મધુર વચનો બોલે છે. તેઓ નિરર્થક, મોક્ષ માર્ગથી વિરોધી કર્કશ કે કઠોર વચનો બોલતા નથી.

(૩) અનિશ્રિત વચન :– નિશ્રિત એટલે રાગ-દ્વેષ યુક્ત વચનો અને અનિશ્રિત એટલે રાગ-દ્વેષમુક્ત વચનો. સર્વજનને હિતકારક, નિષ્પક્ષ વચનો શાંત ભાવે બોલવા. ગણિએ ચતુર્વિધ સંઘનું સંચાલન કરવાનું હોવાથી પક્ષપાત રહિત ભાષા બોલવી જોઈએ.

(૪) અસંદિગ્ધ વચન :– સંદિગ્ધ એટલે સંશય, સંદેહ કે શંકાયુક્ત વચનો અને અસંદિગ્ધ એટલે ઈષ્ટ અર્થને વ્યક્ત કરતાં અસંશયાત્મક, સ્પષ્ટ, સત્ય વચન બોલવા. સંદેહ રહિત, સ્પષ્ટ વચનથી શિષ્યો શાસત્રોના રહસ્યોને, શાસ્ત્રોની આજ્ઞાને કે આરાધનાના માર્ગને સમજી શકે છે, તેથી ગણિ સંદિગ્ધ-સંદેહાત્મક વચન ન બોલે.

સંક્ષેપમાં ગણિના વચનો સર્વજનોને ગ્રાહ્ય, મધુર, પક્ષપાતરહિત અને સ્પષ્ટ હોય છે. તેવા ગુણસંપન્ન વચનો જ ગણિની સંપદા છે.

# બીજું છેદસૂત્ર શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર

## શ્રમણજીવનની મર્યાદાઓ અને આચારશુદ્ધિનું વર્ણન

દસ અધ્યયનોના સમૂહરૂપ આ આગમમાં કેવી રીતે ગુરુનો વિનય કરવો જોઈએ, ગુરુની ઇચ્છાને કઈ રીતે જાણવી જોઈએ અને ગુરુને જે પ્રિય નથી તેને કેવી રીતે અટકાવું જોઈએ અને જો તે અટકાવતા નથી તો કેવી પ્રકારની અશાતનાઓ લાગે છે અને તે અશાતનાઓનું ફળ કેટલું ભયંકર હોય છે, તેનું વિશેષ વર્ણન આ સૂત્રમાં આપેલ છે.

આ આગમમાં મોહનીય કર્મબંધ જ્યારે ઉત્કૃષ્ઠ કક્ષાનું થાય છે, ત્યારે કેવા પ્રકારની વૃત્તિ અને પ્રવૃત્તિ જન્મે છે અને તેનાં પરિણામ સ્વરૂપે ભવિષ્યમાં વ્યક્તિ ધર્મથી અનંતકાળ દૂર થઈ શકે છે, તો તેવાં કારણોથી વ્યક્તિ ધર્મથી અનંતકાળ દૂર થઈ શકે. તે કારણો આ સૂત્રમાં દર્શાવાયાં છે.

આ જ આગમમાં, ભગવાન મહાવીરે સાધક જીવન સ્વીકાર્યા પછી ઉત્કૃષ્ટ કક્ષાના કેવા દોષો લાગે છે જેને સબલ દોષ કહેવાય છે, તો આવા સબલ દોષના પ્રકારોનું વર્ણન આ આગમમાં છે.

આમ તો આ આગમ શ્રાવકો માટે વાંચવાયોગ્ય નથી અને વાંચવાની આજ્ઞા સામાન્ય રીતે ગુરુજનો તરફથી આપવામાં આવતી નથી, પરંતુ જે શ્રેષ્ઠ, ઉચ્ચ કક્ષાના સાધકો આના વાંચન દ્વારા વિનય, ભક્તિ અને બહુમાનના ભાવોને પ્રગટ કરી શકે છે.

ભગવાન મહાવીરના ઉપકારભાવના અનેક દૃષ્ટિબિંદુઓ આ આગમમાં નિરુપ્યા છે, પરુંત આ આગમ સર્વ માટે વાંચવા યોગ્ય નથી.

કારણ કે સાધકોની સ્ખલના અને તેની શુદ્ધિ કેવી રીતે કરવી છે તે છેદસૂત્રોમાં બતાવ્યું હોવાથી છેદસૂત્રો શ્રાવકો માટે વાંચવા યોગ્ય હોતા નથી.

ઉચ્ચ કક્ષાના સાધક જીવોને ગુરુજનો આજ્ઞા આપે તો જ તે વાંચન કરી શકે છે.

****

**णो कप्पइ णिग्गंथाणं गाहावइ-कुलस्स मज्झंमज्झेणं गंतुं वत्थए ।**

સાધુઓને પ્રતિબદ્ધ માર્ગવાળા-ગૃહસ્થના ઘરની મધ્યમાં થઈને જવા આવવાનો રસ્તો હોય તેવા સ્થાનમાં રહેવું કલ્પતું નથી.

**कप्पइ णिग्गंथीणं गाहावइ-कुलस्स मज्झंमज्झेणं गंतुं वत्थए ।**

સાધ્વીઓને ગૃહસ્થના ઘરની મધ્યમાં થઈને આવવા-જવાનો રસ્તો હોય તેવા સ્થાનમાં રહેવું કલ્પે છે

**णो कप्पइ णिग्गंथीणं सविसाणंसि पीढंसि वा फलगंसि वा आसइत्तए वा तुयट्टित्तए वा ।**

સાધ્વીઓને સવિષાણ પીઠ(સિંહાસન) અથવા ફલક (સુવાની પાટ) પર બેસવું અથવા સુવું કલ્પતું નથી.

**कप्पइ णिग्गंथाणं सविसाणंसि पीढंसि वा फलगंसि वा आसइत्तए वा तुयट्टित्तए वा ।**

સાધુઓને સવિષાણ પીઠ(સિંહાસન) પર અથવા ફલક પર બેસવું અથવા સુવું કલ્પે છે.

# ત્રીજું છેદસૂત્ર શ્રી બૃહદ કલ્પસૂત્ર

## સાધુજીવનની વિશેષ મર્યાદાઓનું વર્ણન

ભગવાન મહાવીરના છેદ સૂત્રોમાં એક બૃહદ કલ્પસૂત્ર છે. કલ્પ એટલે મર્યાદાઓ, બૃહદ એટલે વિશેષ. જેમાં વિશેષ મર્યાદાઓનું વર્ણન આવે છે તેને બૃહદ કલ્પસૂત્ર કહે છે.

ભગવાન મહાવીરનાં કેવળજ્ઞાનમાં વ્યક્ત થતું હતું કે, આ કાળની અંદર દર્શન મોહનીય અને ચારિત્ર્ય મોહનીયનો ઉદય રહેશે જેને કારણે વ્યક્તિની શ્રદ્ધા અને આચરણમાં અનેક પ્રકારના પ્રશ્નો ઊભા થઈ શકે છે, ત્યારે તેનું નિરાકરણ કેમ કરવું, આચરણમાં વિશુદ્ધિ કેવી રીતે લાવવી અને જીવનવ્યવસ્થાઓને કેવી રીતે શ્રેષ્ઠ બનાવવી, તેનું વર્ણન બૃહદ કલ્પસૂત્રમાં આવે છે.

આ સૂત્રમાં ભગવાને એવાં અનેક વર્ણનો કરેલાં છે, અનેક નિયમો બતાવેલા છે જે વર્તમાન સાધક દશાને શ્રેષ્ઠ બનાવવા માટે ઉત્તમ ઉદાહરણો છે.

આમ તો બૃહદ કલ્પસૂત્ર સાધુજીવનની વ્યવસ્થાઓનું જ વર્ણન કરાવે છે તેથી તે જનસામાન્ય સાધકો માટે વાંચવા યોગ્ય હોતું નથી, પરંતુ ઉચ્ચ કક્ષાના જ્ઞાન સાધકો માટે બૃહદ કલ્પસૂત્રમાંથી અનેક પ્રકારની મનોવૈજ્ઞાનિક સ્થિતિઓમાં કેવા પ્રકારે વ્યક્તિએ ચિંતન-મનન કરી એ પરિસ્થિતિમાંથી પસાર થવું તેનું ઉપકારક વર્ણન આપવામાં આવેલ છે. ભગવાન મહાવીર ઉત્તમ કક્ષાના મનોવૈજ્ઞાનિક હતા એટલે માનવીય માનસિકતાઓને સમજીને તેમણે તેમના અનેક ઉપાયો આ આગમમાં બતાવેલા છે.

આ જ આગમની અંદર અડધી રાતે સર્પદંશ થાય તો મંત્રોચ્ચાર દ્વારા કેવી રીતે તેનું ઝેર ઉતારવું તેનું વર્ણન છે.

નદી પાર કરવી હોય તો કેવી રીતે પાણીમાં પગ મૂકીને નદી પાર કરી શકે તેનું વર્ણન આપ્યું છે. જો નાવમાં બેસવાનો સમય આવે તો કેવી રીતે નાવમાં નદી પાર કરી શકાય તેનું નિરૂપણ કરેલું છે.

આમ, વર્તમાનમાં જે પરંપરાઓ પ્રચલિત નથી પરંતુ ભગવાનના સમયમાં જે પ્રચલિત પરંપરાઓ હતી તેનું વર્ણન બૃહદ કલ્પસૂત્રમાં આપવામાં આવ્યું છે.

****

**भिक्खू य गणाओ अवक्कम्म ओहावेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए, णत्थि णं तस्स केई तप्पत्तियं छेए वा परिहारे वा, णण्णत्थ एगाए सेहोवट्ठावणियाए ।**

કોઈ સાધુ ગણમાંથી નીકળીને સંયમનો ત્યાગ કરે અને ત્યારપછી તેને ગણમાં પાછા આવવાની ઈચ્છા થાય, તો તેના માટે દીક્ષાછેદ કે તપ આદિ કોઈ પ્રાયશ્ચિત્ત નથી. તેને 'છેદોપસ્થાપના'– નવી દીક્ષા સિવાય અન્ય કોઈ માર્ગ નથી અર્થાત્ તેને પુનઃ દીક્ષા આપીને ગણમાં લેવામાં આવે છે.

પ્રસ્તુત સૂત્રમાં એકવાર સંયમનો સંપૂર્ણ ત્યાગ કરનાર સાધુને પુનઃ ગચ્છમાં લેવાની વિધિનું કથન છે. ભાષ્યકારે સંયમનો ત્યાગ કરવાના મુખ્ય ત્રણ કારણોનું કથન કર્યું છે. (૧) ઉપસર્ગ–પરીષહો સહન ન થવાથી (૨) સાધુઓની પરસ્પર કલહ આદિ સંયોગજન્ય પ્રતિકૂળતાથી (૩) મોહનીયકર્મના ઉદય જન્ય વિષયાસક્તિના આવેગથી, આ ત્રણ કારણોમાંથી કોઈ પણ કારણથી સાધુ સંયમનો ત્યાગ કરે અને ત્યાર પછી કદાચ તેને કોઈ પણ નિમિત્તથી પુનઃ સંયમ સ્વીકાર કરીને ગચ્છમાં રહેવાની ઈચ્છા થાય, તો તેને પુનઃ છેદોપસ્થાપનીય ચારિત્રનું આરોપણ કરીને અર્થાત્ નવી દીક્ષા આપીને ગચ્છમાં રાખી શકાય છે.

# ચોથું છેદસૂત્ર શ્રી વ્યવહારસૂત્ર

## સાધુ–સાધ્વી, શ્રાવકો અને પરિવાર વચ્ચે સંવાદનું સર્જન કરાવતું શાસ્ત્ર

જ્યાં એક છે ત્યાં વૈરાગ્ય છે તથા અનેક છે ત્યાં વ્યવહાર છે. અનેક હોય તો અનેકોની વચ્ચે કોમ્બીનેશન - લેવડદેવડ હોય, અનેકોની વચ્ચે વ્યવહારો ચાલતા હોય છે.

ભગવાને પોતાના સાધકોની વચ્ચે બે, સાધકો ભેગા મળે, બે શ્રાવકો કે બે આચાર્યો ભેગા મળે કે બે ગુરુ–શિષ્ય મળે, કોઈ પણ બે મળવા પર કેવા પ્રકારે એકબીજા વચ્ચે વહેવાર કરવો જોઈએ, તે વ્યવહાર સૂત્રમાં બતાવેલ છે.

ભગવાનને ખબર હતી કે જ્યાં એક છે ત્યાં શાંતિ છે અને અનેક છે ત્યાં અનેક પ્રકારની અશાંતિનાં કારણો હોય છે. તો અનેક પ્રકારની અશાંતિઓ સર્જાય નહીં અને વ્યવસ્થાઓ સર્જાય અને જે વ્યવસ્થાઓને કારણે વિવાદો ન થાય તેવી વ્યવસ્થા સર્જવાના ઉપાયો, ભગવાન મહાવીરે આ વ્યવહાર સૂત્રમાં નિરુપણ કર્યા છે.

જેમને જીવનવ્યવસ્થામાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન જોઈતું હોય તેમને માટે વ્યવહારસૂત્ર વાંચન યોગ્ય છે, પરંતુ આ પણ છેદસૂત્ર હોવાને કારણે શ્રાવકો માટે વાંચન યોગ્ય નથી. ઉચ્ચ કક્ષાના સાધકો જ આનું વાંચન કરી શકે છે. વ્યવહાર સૂત્રમાંથી ઉત્તમ કક્ષાના દૃષ્ટિબિંદુ મળે છે. પરિવાર વચ્ચે પ્રેમ, શાંતિ, સંવાદ કેમ સર્જાય તેના ઉત્તમ ઉપાયો વ્યવહાર સૂત્રમાં છે. વ્યવહાર સૂત્રમાં એવા દૃષ્ટિબિંદ મળે છે જે આપણી પારિવારિક, સામાજિક અને સામુદાયિક સુમેળતાનું સર્જન કરે છે. વહેવાર સૂત્ર સુમેળતા સર્જન કરવાનું શાસ્ત્ર છે. છેદસૂત્ર હોવાને કારણે સામાન્ય સાધકો માટે વાંચવા યોગ્ય નથી.

****

* જ્ઞાન : શુધ્ધિપૂર્વકની બુધ્ધિનો વૈભવ

**चत्तारि लोगुत्तमा-अरिहंता लोगुत्तमा, सिद्धा**
**लोगुत्तमा, साहू लोगुत्तमा,**
**केवलि-पण्णतो धम्मो लोगुत्तमो ।**

સંસારમાં ચાર ઉત્તમ– શ્રેષ્ઠ છે. અરિહંત ભગવાન લોકમાં ઉત્તમ છે, સિદ્ધ ભગવાન લોકમાં ઉત્તમ છે, સાધુ ભગવાન લોકમાં ઉત્તમ છે, સર્વજ્ઞ-કેવળી પ્રરૂપિત ધર્મ લોકમાં ઉત્તમ છે.

**चत्तारि सरणं पवज्जामि- अरिहंते सरणं पवज्जामि,**
**सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि,**
**केवलि पण्णत्तं धम्मं सरणं पवज्जामि ।**

ચાર શરણ સ્વીકારું છું. અરિહંતોનું શરણ સ્વીકારું છું, સિદ્ધોનું શરણ સ્વીકારું છું, સાધુઓનું શરણ સ્વીકારું છું, સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મનું શરણ સ્વીકારું છું.

# શ્રી આવશ્યક સૂત્ર

## આત્મશુદ્ધિ માટે અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાનો

સાધકો માટે જે અવશ્ય કરવા યોગ્ય છે તેને આવશ્યક સૂત્ર કહેવાય છે. લાગેલા દોષોને દરરોજ કેવી રીતે શુદ્ધ કરવા અને પશ્ચાતાપની વૃત્તિથી પ્રાયશ્ચિત સ્થાન સુધી કેવી રીતે પહોંચવું તેનું વર્ણન આવશ્યક સૂત્રમાં કરવામાં આવ્યું છે.

ગુરુનો વિનય, પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને જીવમાત્ર પ્રત્યે કરુણાનું વર્ણન આ સૂત્રમાં કરવામાં આવેલું છે.

આવશ્યક સૂત્રમાં રોજબરોજ થતા કેટલાય પ્રકારના પાપોનું ઉત્કૃષ્ટ નિવારણ કેવી રીતે કરવું તેનું વર્ણન આવે છે. આવશ્યક સૂત્ર શ્રાવકો માટે અને સાધકો માટે અવશ્ય કરવા યોગ્ય છે, જેને આજની ભાષામાં પ્રતિક્રમણ સૂત્ર કહેવામાં આલે છે.

એમ પ્રતિક્રમણ પણ સાધક અને શ્રાવક બન્ને માટે દરરોજ કરવા યોગ્ય એવી પ્રક્રિયા છે જેનાથી આત્માની શુદ્ધિ અને વિશુદ્ધિ થાય છે અને કર્મો જે દરરોજ બંધાતા હોય છે તે નિધ્ધત કક્ષાના બંધાય છે અને નિકાચિત કક્ષાના થતાં અટકી જાય છે, તેની પ્રક્રિયા પણ આ જ પ્રતિક્રમણ સૂત્રમાં બતાવેલી છે. જે કર્મને અવશ્ય ભોગવવા જ પડે છે તેને નિકાચિત કહેવાય છે અને જે કર્મો ભોગવ્યા વિના પણ ક્ષય કરી શકાય છે તે નિધ્ધત ક્હેવા દરરોજના પાપનું જ્યારે પ્રતિક્રમણ કરવામાં આવેછે ત્યારે પાપની કક્ષા નિધ્ધત બની જાય છે અને જ્યારે પ્રતિક્રમણ કરવામાં નથી આવતું ત્યારે તે જ કર્મો નિકાચિત બની જતાં હોય છે, તેનું ઉત્તમ વર્ણન આવશ્યક સૂત્રમાં આવે છે. આમ આવશ્યક સૂત્ર આપણા ભવિષ્યને સુધારવા માટેનો અમૂલ્ય દસ્તાવેજ છે. આવશ્યક દરેક સાધકો એ કરવા યોગ્ય છે. આવશ્યક સૂત્ર પ્રતિક્રમણ કરવા માટે આપણને પ્રેરણા જગાડે છે અને એ જ પ્રેરણા દ્વારા આપણે પરમાત્માના પદ સુધી પહોંચી શકીએ છીએ.

****

# આગમ ગ્રંથોનો સ્વાધ્યાય કરતાં પહેલાં...

આગમમાં ભગવાન મહાવીરે કહેલાં અદ્‌ભુત રહસ્યો છે. સામાન્ય પુસ્તક કરતાં અનેકગણા પવિત્ર અને અમૂલ્ય આગમ ગ્રંથો છે. એટલે જ તેના વાંચનની પણ કેટલીક તકેદારી રાખવાની વાત શાસ્ત્રોમાં કહેવાઈ છે. કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સમયે આગમોના મૂળ સૂત્રો વાંચી શકે નહીં. આગમ વાંચન પહેલાં ગુરુઆજ્ઞા લેવી આવશ્યક છે. આગમવાંચન પહેલાં વાંચનારની પાત્રતા હોવી પણ જરૂરી છે. એટલું જ નહીં, વાંચવાનો સમય-કાળમર્યાદા અંગે શાસ્ત્રોક્ત સૂચનો છે. અમુક આગમો અમુક સમયે જ વંચાય તેની સ્પષ્ટ વાત શાસ્ત્રોમાં છે. જેમ કે આકાશમાંથી ખરતો તારો દેખાય, કોઈ પણ દિશામાં આગ જેવું દેખાય, અકાળે વરસાદ થાય, અકાળે મેઘગર્જના કે વીજળી ચમકે, કરા પડે, ધુમ્મસ હોય, વાંચનની જગ્યાએ ૧૦૦ મીટરના અંતરમાં સ્મશાનભૂમિ હોય, સૂર્યગ્રહણ - ચંદ્રગ્રહણ હોય, મળ-મૂત્રની દુર્ગંધ આવતી હોય, રાજાનું અવસાન થયું હોય તેવી નગરીમાં, સવાર-સાંજ - મધ્યાહ્‌ન અને અર્ધરાત્રિ હોય જેવા અનેક સંજોગોમાં આગમોનું અધ્યયન કરી શકાતું નથી. આ બધી બાબતોનું સદ્‌ગુરુ પાસેથી પૂરતું માર્ગદર્શન મેળવીને પછી જ આગમના અધ્યયનનો આગ્રહ રાખવો જોઈએ.

સજ્ઝાય એટલે સૂત્રો ભણવાં કે શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો.

જ્ઞાનીઓએ અમુક દિવસ સૂત્રો-શાસ્ત્રો ભણવાનો કે શાસ્ત્ર સ્વાધ્યાય કરવાનો નિષેધ કર્યો છે તેને અકાળ કહેલ છે.

બાર અકાળની સમજણ - પ્રાતઃકાળ, મધ્યહ્‌નકાળ, સંધ્યાકાળ અને મધ્યરાત્રિ, સવારે અને સાંજ, સંધ્યાની એક ઘડી પહેલાં અને એક ઘડી પછી અને મધ્યાહ્‌નકાળે, મધ્યરાત્રિએ, પ્રાયઃ ૧૨થી ૧ વાગ્યા સુધી તેમ જ ચૈત્ર સુદ પૂનમ અને ચૈત્ર વદ એકમ, અષાઢ સુદ પૂનમ, વદ એકમ, ભાદરવા સુદ પૂનમ, વદ એકમ, આસો સુદ પૂનમ, વદ એકમ આટલા દિવસો અકાળના છે. તે સમયમાં સૂત્રના મૂળપાઠ વંચાય કે ભણાય નહીં. ફાગણ સુદ પૂનમ - હોળીની તથા ધૂળેટીની અસ્વાધ્યાય આગમમાં બતાવેલ નથી પરંતુ પરંપરાથી મનાય છે.

જ્ઞાનના દોષો લાગેલા હોય તો અંતઃકરણથી પ્રાયશ્ચિત કરી ગુરુજન સમક્ષ ક્ષમાપના કરવી જોઈએ. આગમ ગ્રંથોની અશાતના ન થાય તેની કાળજી લેવી જોઈએ.

* * *

# જૈન આગમના સંદર્ભે વિજ્ઞાન

## મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, પર્યાવરણ અને યોગ

**મ**નોવૈજ્ઞાનિકો, મનોચિકિત્સકો માનવીના મનની દશાનો અભ્યાસ કરી તેનું પૃથ્થકરણ કરી કેટલાંક તારણો કાઢે છે. મનોચિકિત્સકો દૈહિક અને મનૌદૈહિક રોગોનો પોતાની કાર્યપદ્ધતિ દ્વારા ઉપચાર કરે છે. કોઈપણ શારીરિક રોગ માનસિક રૂગ્ણતા સાથ સંબંધ ધરાવે છે. મનોચિકિત્સકો મન અને શરીરશુદ્ધિ સુધીના મર્યાદિત ઉપચાર કરે છે જ્યારે દાર્શનિકોએ શરીરશુદ્ધિમાં અટક્યા વિના આત્મશુદ્ધિની ઉપચાર પ્રક્રિયાને અનિવાર્યપણે જોડી દીધી છે, કારણ કે વીતરાગ પરમાત્મા ભવરોગ નિવારણવાળા પરમ વૈદ્યરાજ છે.

ફ્રોઇડવાદમાં જેમ શુભ વિચાર વિગેરેને શુભ સંકલ્પમાં પરિવર્તિત કરવામાં આવે છે એવી જ રીતે જૈનદર્શનમાં ભાવનાઓ અને લેશ્યાનું વર્ણન થયું છે. કર્મવાદના ચિંતનમાં ઉદવર્તન, ઉદીરણાથી સંક્રમણ વિગેરે અવસ્થાઓમાં કર્મનિર્ઝરા થાય છે. દ્રવ્ય અથવા ભાવમન દ્વારા અજાણતા પાપોનું સેવન થઈ જાય, અજાણતા અથવા અજાગ્રત અવસ્થામાં, સ્વપ્નમાં પાપોનું સેવન થઈ જાય તેવા સૂક્ષ્મ પાપોના પ્રાયશ્ચિત માટે પણ જૈન આગમોમાં આવશ્યક સૂત્રમાં વિસ્તારથી માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ફ્રોઈડવાદના અચેતન મનની તુલના આપણે કાર્મણ શરીર સાથે કરી શકીએ. આપણાં દમિત મન, વચન અને કાયાના વ્યાપારોનો સંબંધ કાર્મણ શરીર સાથે હોય છે. આજે મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં જેટલાં પણ શોધકાર્યો થઈ રહ્યાં છે તે કાર્મણ શરીર સુધી જ સીમિત છે જ્યારે જૈનદર્શનના સૂત્રો અનુસાર ઔદારિક, તેજસ અને કાર્મણ શરીરથી આગળ છે જીવાત્મા - શુદ્ધાત્મા.

જૈનદર્શનમાં સંમોહનની વાત આવે છે પણ તે આદર્શ સંમોહનના રૂપમાં આવે છે. મનોચિકિત્સક રોગીના શરીરને શિથિલ કરી અચેતન મનમાં ઘર કરી ગયેલી ચિંતા અને વિકારની જડ સુધી પહોંચે છે. જૈન આગમમાં આવશ્યક સૂત્ર અને અંતરતપમાં કાર્યોત્સર્ગની વિધિ બતાવવામાં આવી છે. કાયોત્સર્ગ એટલે કાયાને શિથિલ કરવી. આત્મસંમોહનની ક્રિયા, ધ્યાન સાથેની આ ક્રિયા દ્વારા, નીડરતા, વ્યસનમુક્તિ, એકાગ્રતા સાથે નિર્ણયશક્તિનો વિકાસ થાય છે. લોગ્ગસ પણ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે જે આત્માથી પરમાત્મા સુધી પહોંચવાની શુદ્ધિકરણની પ્રક્રિયા દર્શાવે છે. લોગ્ગસ આપણા અજાગૃત મનની શક્તિઓ જાગૃત કરી

આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચવામાં મદદ કરે છે.

જૈનોના અનુષ્ઠાનોમાં વંદનની ક્રિયા કરવાની હોય છે. જૈનાચાર્યોએ નમન કરવાનું કહ્યું છે તેની પાછળ શરીરવિજ્ઞાન, યોગવિજ્ઞાન અને મનોવિજ્ઞાનનાં પરિબળો કામ કરે છે.

નમવાથી આપણું પેટ દબાશે અને પેટ નીચેની પેન્ક્રિયાસમાંથી જે રસ ઝરશે જે તામસી તત્ત્વોને શાંત કરશે. આ શરીરવિજ્ઞાનની પ્રક્રિયા થઈ. સાષ્ટાંગ પ્રણામની સ્થિતિમાં વંદન કરવું એટલે સમગ્ર ક્રિયાથી સમથળ પૃથ્વીના સાન્નિધ્યે સમાંતરપણે અપાણે દંડવત થઈએ ત્યારે વૈશ્વિક ચેતનાનું આપણી સાથે અનુસંધાન થતાં જગતની શક્તિનો સહજ પ્રવેશ થાય છે. બાહ્યકૃતિ સાથે આંતરપરિવર્તન થતાં, પ્રણામ માટે આપણે જ્યારે નમીએ છીએ ત્યારે ભીતરસ્થિત અહંકાર પણ નમી જાય છે, ઝૂકી જાય છે. આપણામાંથી આપણી ચોપાસ સતત નીકળતું, સર્જતું અહમ્‌ની સુરક્ષાનું વર્તુળ ભાંગી પડે છે. આ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાથી આપણે રચેલ અહમ્ અને મમની દીવાલોમાં તિરાડ પડે છે તે શરણાગતિના અભ્યંતરભાવોના પ્રવેશ માટે સહાયક બને છે. ભાવના અભિપ્રેત થતાં લોકોત્તર વંદનની યાત્રા શરણગતિમાં પરણિમે છે. આગમના આવશ્યક સૂત્ર અને અન્ય આગમ ગ્રંથોમાં વંદના વિશે વિગતો જાણવા મળે છે.

આધુનિક મનોવિજ્ઞાનના નિરીક્ષણ પ્રમાણે કોઈપણ વ્યક્તિના ચિત્તની એકાગ્રતા સામાન્ય સંજોગોમાં ૪૮ મિનિટથી વધુ ન રહી શકે. જૈન ધર્મના ગણધર ભગવંતોએ સામાયિક અનુષ્ઠાનની અવધિ બે ઘડી એટલે ૪૮ મિનિટ રાખી છે.

સૂત્રકૃતાંગ આગમમાં આર્દ્રક નામે અધ્યાય છે, જેમાં હસ્તિતાપસો એમ માને છે કે આહાર માટે અનેક વનસ્પતિ એકેન્દ્રીય જીવોની હિંસાની અપેક્ષાએ એક મહાકાય હાથી મારવો અલ્પહિંસા છે અને એ પ્રકારે તેઓ પોતાનો અધિક અહિંસક સિદ્ધ કરે છે, પરંતુ જૈન મત અનુસાર હિંસા અહિંસાના વિવેકમાં કેટલાં પ્રાણીઓની હિંસા થઈ છે તે મહત્ત્વનું નથી, પરંતુ કયા પ્રાણીની હિંસા થઈ તે મહત્ત્વનું છે. ભગવતી સૂત્રમાં આ પ્રશ્ન વિશે છણાવટ કરતાં દર્શાવાયું છે કે સ્થાવર જીવોની અપેક્ષાએ ત્રસજીવોની અને ત્રસ જીવોમાં મનુષ્યની અને મનુષ્યમાં ઋષિની હિંસા વિશેષ નિકૃષ્ઠ માનવામાં આવી છે. આગમ મનીષીઓએ પ્રાણીઓની પ્રાણસંખ્યા અર્થાત જૈવિકશક્તિના વિકાસનું વિશિષ્ટ સંશોધન રજૂ કરી હિંસા, આત્માની નહિ પ્રાણોની થાય છે તેનું પ્રતિપાદન કર્યું છે. આથી

હિંસા-અહિંસાના વિવેકમાં સંખ્યાનું મહત્ત્વ નથી, મહત્ત્વ છે પ્રાણીની ઔન્દ્રિક અને આધ્યાત્મિક ક્ષમતાના વિકાસનું.

હિંસા – અહિંસાના વિવેકપૂર્ણ વ્યવહારમાં હિંસકભાવો, કષાયની તીવ્રતા, બાહ્ય ઘટના ઉપરાંત કર્તાની મનોવૃત્તિ પર હિંસાનો આધાર છે. આ વિશ્લેષણમાં સમાજચિંતન અને અનેકાંતવાદ અભિપ્રેત છે.

જૈન સૂત્રોએ તપને કર્મનિર્ઝરાના સાધન રૂપે જ ગણ્યું છે. છતાંય બાહ્યાભ્યંતર તપમાં વૈજ્ઞાનિક અભિગમને અવગણી શકાય નહીં. ઉપવાસ ઉણોદરી કે આયંબિલ આરોગ્ય માટે પણ ઉત્તમ છે. ઉપવાસ દરમિયાન ભોજન ન લેવાથી સમગ્ર પાચનતંત્રને પાચનક્રિયાના કાર્યમાં ખંડસમયની મુક્તિ મળવાથી પાચનતંત્રમાં શુદ્ધિકાર્ય આરંભાય છે અને આખા શરીરમાં સ્વશુદ્ધિકરણની પ્રક્રિયા આરંભાય છે. શરીરમાં કોઈ જગાએ વિષદ્રવ્યનો જમાવ થયો હોય તો ઉપવાસ દરમિયાન તે ઓટોલિસિસની પ્રક્રિયા દ્વારા વિસર્જિત થવા માંડે છે. તેમનામાં રહેલો ઉપયોગી ભાગ શરીરના મહત્ત્વનાં અંગો હૃદય, મગજ વિગેરેને પોષણ આપવામાં કામ આવે છે. ઝેર શરીરમાંથી બહાર ફેંકાય છે. ગાંઠો અને ઓછી ઉપયોગી પેશીઓનું વિસર્જન થાય, શરીર નિર્મળ અને નીરોગી બને છે.

જૈન ધર્મમાં કરવામાં આવતાં અનુષ્ઠાનોનાં આસનો અને મુદ્રાઓમાં પણ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ અભિપ્રેત છે.

નમ્મોથુણં, ઇચ્છામી ખમાસણા, ચત્તારી મંગલમ અને ખામણા બોલતી વખતે થતી મુદ્રા અને આસનોમાં એક્યુપ્રેસરની ક્રિયાઓ સહજ રીતે થઈ જાય છે.

નમ્મોથુણં વખતની મુદ્રા અને આસનને કારણે થતી શારીરિક ક્રિયાઓ બ્રહ્મચર્ય પાલનમાં સહાયક બને છે.

દંડાપતિક આસન, ઉત્તાશયન આસન, અવમશયત આસન, ગૈદૌહિકા આસન ધ્યાન અને નિર્જરામાં સહાયક છે. સાથે સાથે અંતઃસ્ત્રાવથી ગ્રંથિના સંતુલન અને રૂધિરાભિષરણ માટે પણ ઉપકારી છે.

કંદમૂળમાં અનંતા જીવ છે તે વર્તમાન વૈજ્ઞાનિકોએ શોધ્યું છે, પરંતુ જૈન આગમોમાં હજારો વર્ષ પહેલાં એ જણાવાયું છે કે કંદમૂળમાં અનંત જીવો હોવાથી તે અભક્ષ્ય છે.

જૈન ધર્મ પ્રમાણે કોઈ પણ જીવનો જન્મ ત્રણમાંથી એક પ્રકારે થાય છે. (૧) સંમુચ્છિર્મ જન્મઃ નર-માદાના સંબંધ વિના જ ઉત્પત્તિસ્થાનમાં જીવોની ઉત્પત્તિ થાય છે, જે વિજ્ઞાનીઓએ છેક ઈ.સ.ની ૧૮મી સદી અને ૧૯મી

સદીમાં શોધ્યું અને બતાવ્યું કે નર-માદાના સંબંધ વિના પણ જીવો ઉત્પન્ન થઈ શકે છે, વંશવૃદ્ધિ થઈ શકે છે તેને અજાતીય પ્રજનન કહે છે. પરંતુ પ્રજનનનો અર્થ સજીવ પદાર્થમાંથી સજીવ પદાર્થનું ઉત્પન્ન થવું તે છે. જ્યારે જૈન ધર્મ પ્રમાણે તો ફક્ત જીવોની, કર્મ ફિલોસોફીના આધારે ઉત્પત્તિજ થાય છે અને પ્રજનન એ પછીનું પગથિયું છે. (૨) ગર્ભજ જન્મઃ આમાં સ્ત્રી-પુરુષ (નર-માદા)ના સંયોગ પછી ઉત્પત્તિસ્થાનમાં શુક્ર (વીર્ય) અને શોણિત (લોહી)ના પુદ્ગલોમાંથી જીવ ઉત્પન્ન થાય છે, પછી જુદા જુદા પ્રાણીઓના શરીરમાં જુદા જુદા સમય સુધીનો તેઓનો વિકાસ થાય છે અને યોનિ મારફતે જન્મ થાય છે જેને વિજ્ઞાની જાતીય પ્રજનન કહે છે. (૩) ઉપપાત જન્મઃ આવો જન્મ ફક્ત દેવો અને નારકીમાં જ થાય છે.

વૈજ્ઞાનિકોએ જે ૧૮-૧૯મી સદીમાં શોધ્યું તે વાત હજારો વર્ષ પહેલાં જૈનશાસ્ત્રોમાં અંકિત છે. સંમુચ્છિર્મ જન્મ એટલે માતા-પિતા (નર-માદા)ના સંયોગ વગર જીવોનું ઉત્પન્ન થવૂં તે સંમુચ્છિર્મ જન્મ એકેન્દ્રિય (પાંચ સ્થાવર) જીવો તથા હાલમાં ચાલતાં એટલે કે બે ઈન્દ્રિય, તે ઈન્દ્રિય, ચઉરેન્દ્રિય અને મનુષ્યોમાં પણ થાય છે.

બ્રહ્મચર્યપાલન માટે જૈન ધર્મમાં નિયમ બતાવેલ છે કે સાધુએ સ્ત્રી, નપુસંક અને તિર્યંચ (પશુ) રહિત વસતિ અર્થાત ઉપાશ્રયોમાં વિગેરે સ્થાનોમાં રહેવાનું છે. આ નિયમ ખૂબ જ અગત્યનો તેમ જ વૈજ્ઞાનિક રહસ્યથી ભરપૂર છે.

દરેક જીવમાં સૂક્ષ્મ પ્રમાણમાં વીજશક્તિ (ઇલેક્ટ્રિસિટી) રહેલી છે. દા.ત. સમુદ્રમાં ઈલેક્ટ્રિકઈલ નામની માછલી હોય છે અને તે સારા પ્રમાણમાં વીજપ્રવાહ પેદા કરે છે. જ્યાં વીજશક્તિ હોય છે ત્યાં ચુંબકિયશક્તિ પણ હોય જ. આમ આપણા સૌમાં જૈવિક વીજ ચુંબકિયશક્તિ છે, તેથી દરેક જીવને પોતાનું જૈવિક વીજ ચુંબકિય ક્ષેત્ર પણ હોય છે. આ હકીકત પશ્ચિમના વિજ્ઞાનીઓએ સાબિત કરી છે અને ચુંબકનો એક સામાન્ય નિયમ છે કે તેમાં સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ થાય છે તથા અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે પરંતુ જો તે એકબીજાના ચુંબકિય ક્ષેત્રમાં હોય તો.

આ કારણે જ બ્રહ્મચર્ય પાલનના નિયમમાં સ્ત્રીએ પુરુષના અને પુરુષે સ્ત્રીના નેત્ર, મુખ વિગેરે અંગો સ્થિર દૃષ્ટિએ ન જોવાં. સ્ત્રી પુરુષે એક આસન પર ન બેસવું. બ્રહ્મચારી પુરુષ ૪૮ મિનિટ સુધી સ્ત્રી બેસી હોય તે સ્થાને ન બેસવું અને સ્ત્રીએ પુરુષ બેઠો હોય તે સ્થાને એક પ્રહર (ત્રણ કલાક) ન બેસવું.

સમયના સાંપ્રત પ્રવાહમાં પર્યાવરણ અસંતુલન અને ગ્લોબલ વોર્મિંગ - વૈશ્વિક તાપમાન વિશ્વ માટે એક સમસ્યા બની ગઈ છે.

જૈન આગમોમાં પર્યાવરણ અંગે સીધા ઉલ્લેખો જોવા મળતા નથી, પરંતુ આગમમાં જે જૈન જીવનશૈલીનું નિરૂપણ થયું છે અને જૈન ધર્મના પાયાના અહિંસા, અપરિગ્રહ અને સંયમ માટે જે નિયમોનું નિર્દેશન કરવામાં આવ્યું છે તે પર્યાવરણ સંતુલન પોષક છે.

જૈન ધર્મે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ છે તેમ સ્વીકાર્યું છે, તેનો વેડફાટ ન કરવા જણાવ્યું છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે परस्परोपग्रह जीवानाम् । આ સૂત્ર દર્શાવે છે કે જીવોને જીવન જીવવા માટે એકબીજાના આલંબનની જરૂર પડે છે. આ સૂત્ર પર્યાવરણની રક્ષા માટે અતિઉપયોગી છે. 'ઇરિયાવહી સૂત્ર' જીવ વિરાધનાનું સૂત્ર છે, એટલે કે એમાં જાણતા - અજાણતા કોઈ જીવને પીડા ઉપજાવી હોય તો એની માફી માગવામાં આવે છે.

વધુપડતો ભોગ-ઉપભોગ અને અસંયમ વિશ્વની કુદરતી સંપત્તિનો દુર્વ્યય કરે છે માટે જ જૈન ધર્મ ઉપભોગથી ઉપયોગની સંસ્કૃતિ તરફ વળવા જણાવે છે.

બેફામ ભોગ-ઉપભોગ વિશ્વમાં વધારાનો કચરો ઠાલવે છે તેથી વેસ્ટ મૅનેજમેન્ટ એ સમગ્ર વિશ્વ માટે પીડાદાયક બન્યું છે. જૈન ધર્મમાં, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતાને દર્શાવવમાં આવી છે. તેમાં 'પારિષ્ઠવિનિકા સમિતિ' આજના સંદર્ભે નોંધપાત્ર છે, જે વધારાની વસ્તુ - કચરાનો નિકાલ એટલે કઈ રીતે પરઠવું તે સમજાવે છે.

આજ માનવ પ્રકૃતિથી બહુ દૂર થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના સંદેશા ઝીલી શકતો નથી. થોડા વખત પહેલાં આવેલા વિનાશકારી સુનામીના મોજાની ઉત્પત્તિસ્થાનના ધરતીના ધબકારનો સંદેશ થાઈલૅન્ડના હાથીઓને કયા ઇલેક્ટ્રિક ઉપકરણ દ્વારા સંભળાયો હશે ? પ્રકૃતિના સંદેશા ઝીલવા પ્રકૃતિએ જીવનની સાથે શરીરમાં ચેતના કે પ્રકૃતિના તાર જોડાયા છે. ફોટો રિસેપ્નીશ ગ્રંથિઓ માનવમાં નિર્બળ થતી જાય છે. ઉપાશ્રયની કોઈ એક નાનકડી ઓરડીના એકાંતમાં, હિમાલયની કોઈ ગુફામાં કે પર્વતોની ટોચે એકાંતમાં સાધના કરતા સંતોએ ન તો સંદર્ભ માટે લાયબ્રેરી કે ગ્રંથાલયો ફંફોળી હતી કે ન તો પ્રયોગશાળામાં પ્રયોગો કર્યા હતા. છતાંય સૃષ્ટિના કેટલાંય રહસ્યોનું ઉદ્દ્ઘાટન કર્યું છે. જે ઊંડાણમાં અભ્યાસ કરીએ તો વિશ્વની કોઈ પણ સમસ્યાનું સમાધાન આગમગ્રંથોમાંથી મળી રહે. જ્ઞાનનાં આવરણો દૂર કરનાર જ્ઞાનાવરણીય કર્મનો નાશ કરી અંતર્ચેનામાં જ

પ્રકૃતિનાં રહસ્યો ઉઘાડ્યાં છે. ભગવાન મહાવીરે આપેલા જ્ઞાનનો આજ વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિકો પણ આદર કરે છે. આઈસ્ટાઈન જેવા વૈજ્ઞાનિક એટલે જ કહે છે કે, 'જો મારો પુનર્જન્મ હોય તો હું ભારતમાં સંત બની આત્મતત્વનું સંશોધન કરીશ.'

## જૈનદર્શનની દૃષ્ટિએ વિશ્વનું સ્વરૂપ :

એક બાજુ જૈન ભૂગોળ-ખગોળ તથા વર્તમાન ભૂગોળ-ખગોળના સિદ્ધાંતોમાં આકાશ-પાતાળ જેટલો તફાવત જોવા મળે છે અને જૈન શાસ્ત્રીય વિચારધારાઓ તરફ અનેકાનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જ્યારે બીજી તરફ ભૌતિકશાસ્ત્ર **(Physics)**ના ક્ષેત્રમાં જૈન શાસ્ત્રકારોએ પ્રરૂપેલા સિદ્ધાંતો સંપૂર્ણ સાચા પુરવાર થાય છૈ. જૈનગ્રંથોમાં દર્શાવેલ સમય **(Time)**, અવકાશ **(Space)** અને પુદ્‌ગલ **(Matter)** સંબંધી સિદ્ધાંતોનું વર્તમાન વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે અદ્‌ભુત સામ્ય જોવા મળે છે. કાળના સંદર્ભમાં પ્રાચીનકાળના મહાન ઋષિમુનિઓથી લઈને અત્યારના મહાન વિજ્ઞાનીઓએ ખૂબ જ ચિંતન કર્યું છે. જૈનદર્શનમાં કાળ (સમય), અવકાશ અને પુદ્‌ગલ વિશે ઘણું ઘણું લખ્યું છે અને આજે પણ આ વિષયમાં નવાં નવાં સંશોધન થઈ રહ્યાં છે.

સર્વ વિશ્વનું સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર એવા અનંતજ્ઞાની તીર્થંકર પરાત્માઓએ પોતાના જ્ઞાન દ્વારા જાણીને જગતમાં સૂર્ય-ચંદ્ર એક બે નહીં પરંતુ અસંખ્યની સંખ્યામાં જણાવ્યા છે અને જગતની સામે રજૂ કર્યા છે. આ સૂર્ય-ચંદ્રનું વિસ્તૃત વર્ણન અનેક આગમો કે તદનુસારી ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. જેમ કે - ભગવતીજી -જીવાભિગમ - સૂર્યપ્રજ્ઞપ્તિ - ચંદ્રપ્રજ્ઞપ્તિ - જ્યોતિષકરંડક - ક્ષેત્રલોકપ્રકાશ - બૃહદ્ સંગ્રહણી ક્ષેત્રસમાસ વિગેરે વિગરે.

## Consciousness and Cosmos as giant computer

હવે જ્યારે વિજ્ઞાન ચેતન વિશે ચર્ચા કરતું થયું ત્યારે વૈજ્ઞાનિકોનો વિશ્વના સ્વરૂપ વિશેનો અદ્યતન અભિગમ આપણી સામે આવે છે.

હવૈ વૈજ્ઞાનિકો અભિપ્રાય આપે છે કે વિશ્વ એક વિશાળ કૉમ્પ્યુટર છે. વિશ્વના સર્જન સમયે મહાવિસ્ફોટ થયો ત્યારે વિશ્વ એક સૂક્ષ્માતિસૂક્ષ્મ બિંદુ હતું. ત્યારે જ તેની કાયામાં તેના ભવિષ્યનો કાર્યક્રમ નોંધાઈ ગયો હતો. એ કાર્યક્રમને વિશ્વ આજ સુધી વફાદારીથી અમલમાં મૂકી રહ્યું છે. એ સૂક્ષ્માતિસૂક્ષ્મ બિંદુ વિશ્વના વિસ્તાર સાથે તેના ઘટકો અને નિયમો ક્રમ પ્રમાણે અસ્તિત્વમાં આવતા ગયા અને વિકસતા ગયા. પદાર્થ અને ઊર્જાના વિકાસ પછી વિશાળ તારા અને

આકાશગંગા અસ્તિત્વમાં આવ્યા. તેની સાથે કૉમ્પ્યુટરના કાર્યક્રમ પ્રમાણે ચેતનતત્ત્વ પણ અંકુરિત થયું. આ ચેતનતત્ત્વ પ્રાથમિક પદાર્થોમાં સર્વવ્યાપી રૂપે અવિકસિત અવસ્થામાં અબજો વર્ષ રહ્યા પછી ધીરે ધીરે ઉત્ક્રાંતિ પામતું ગયું છે અને છેવટે બુદ્ધિશાળી પ્રજ્ઞાશીલ જીવન અસ્તિત્વમાં આવ્યું છે.

આ અનુમાન (Hypothesis)માં થોડા શબ્દોના ક્રમબદ્ધ પર્યાય ફેરફાર કરવામાં આવે અને પૂરા વિશ્વમાં ફેલાયેલા નિગોદના જીવો, તેમાંથી વિકસેલા પૃથ્વીકાયના જીવો અને પછી અપ્કાય, વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય વગેરે શબ્દોને સ્થાપવામાં આવે તો આ વૈજ્ઞાનિક ચિત્ર જૈન જીવ-જગતના આલેખનથી જુદું પડે ખરું ?

જૈન આગમોમાં પાંચ ભરત, પાંચ ઈરવત અને પાંચ મહાવિદેહ એમ ૧૫ ક્રમે ભૂમિના વર્ણનો મળે છે.

હિંદુસ્તાન ટાઈમ્સની ઑક્બોટરના અંકમાં એક રશિયન વૈજ્ઞાનિકે લખ્યું છે કે –

''આપણે જે પૃથ્વી પર રહીએ છીએ, ને જાણીએ છીએ તેના કરતાં એક કરોડગણી વસ્તી વધુ છે.''

''ઈ.સ. ૧૯૬૫ના યુનાઈટેડ ઇન્ફર્મેશનમાં પણ કેટલાક વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે – ''આપણા બ્રહ્માંડ જેવું બીજું બ્રહ્માંડ અસ્તિત્વ ધરાવે છે, જેમાં અબજો લોકો વસે છે.''

એક રશિયન ખગોળશાસ્ત્રીનું મંતવ્ય છે કે – ''અત્યારના પરિચિત ગ્રહો કરતાં બીજા સાત હજાર ગ્રહો પર બુદ્ધિશાળી માનવો વસે છે.''

ટૂંકમાં વિજ્ઞાનની જુદી જુદી શાખાઓ, જેવી કે ભૂસ્તરશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, પરમાણુંવિજ્ઞાન, ભૂગોળ, ખગોળશાસ્ત્રના ભારતીય વિજ્ઞાનીઓએ, ભારતીય પ્રાચીન દાર્શનિક તેમ જ અન્ય ગ્રંથોનો ઊંડો અભ્યસ કરી, તેના આધારે યોગ્ય સંશોધન કરવાની અનિવાર્ય જરૂરિયાત છે અને એ પ્રમાણે થશે તો ભારતે વિજ્ઞાનના ક્ષેત્રમાં અમૂલ્ય ભેટ આપી ગણાશે.

છેલ્લા સૈકામાં રશિયાના કિર્લીયન દંપતી અને ભારતના ડૉ. દત્તએ ઓરા અંગે ફોટોગ્રાફ અને સંશોધન દ્વારા જણાવ્યું કે ૨૫૦૦ વર્ષ પહેલાં (ઓરા) આભામંડળની વાત ભગવાને કરી છે, જેમાં પ્રત્યેક પ્રાણી અને પદાર્થોના આભામંડળ વિશે કહેવાયું છે.

આજે સામાન્ય માનવી ભલે ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓ જોઈને વિજ્ઞાનથી

અંજાઈ જતો હોય અને સર્વ વિષયોમાં વિજ્ઞાનને જ પ્રમાણભૂત - ઓથોરિટી ગણીને પોતાનાં મંતવ્યો નક્કી કરતો હોય, પણ વિજ્ઞાન પોતે તો આધ્યાત્મિક જગત પ્રત્યે જિજ્ઞાસુભાવે મીટ માંડી રહ્યું છે અને આધ્યાત્મિક જગતના જ્યોતિર્ધરોનાં કથનોને તે પોતાની પ્રયોગાત્મક શૈલીથી ચકાસી જોવા ઉત્સુક છે. એ જિજ્ઞાસામાંથી જન્મેલાં સંશોધનો આજે વિજ્ઞાનજગતમાં એ સત્યને ગુંજતું કરી રહ્યા છે કે ''શરીરના નાશ પછી પણ કંઈક કાયમ રહે છે.''

'ધ ફાઈન્ડિંગ ઑફ ધ થર્ડ આઈ'માં વેરા સ્ટેન્લી એલ્ડર (Vera stanley Alder) લખે છે કે, ''થોડા સંશોધાનેએ શક્યતા ઊભી કરી દીધી છે કે વિજ્ઞાનની શોધો એ પૂર્વકાળના જ્ઞાની પુરુષોનાં વચનો એકબીજામાં સમાઈ જશે. એ બેમાં જે ફરક દેખાય છે તે માત્ર શાબ્દિક અને રજૂઆતનો જ છે.'' પ્રાકૃતિક જગતનાં રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેના ઉપર માનવીનું પ્રભુત્વ સ્થાપિત કરતી વિજ્ઞાનની નિતનવી શોધખોળોથી પ્રભાવિત થઈ આજનો ભણેલોગણેલો ગણાતો માનવી જ્યારે આધ્યાત્મિક જગતથી દૂર ખસી રહ્યો છે, ત્યારે ઉપર્યુક્ત ઉદ્‌ગારો કોઈનું પણ ધ્યાન ખેંચે એ સહજ છે.

દાર્શનિકોએ આલેખેલાં સત્યો વિજ્ઞાનની કસોટી પર ચડાવી પાર ઉતારવાથી નવી પેઢીને ધર્મ-દર્શનમાં શ્રદ્ધા વધશે.

વિજ્ઞાનને એક ચણોઠી જેવું ગણીએ તો ધર્મ-દર્શન સુવર્ણ જેવું છે પરંતુ પૂર્વકાળમાં સુવર્ણનું વજન કરવા પણ ચણોઠીની મદદ લેવી પડતી હતી. આચાર્ય વિનોબા ભાવે કહેતા, વિજ્ઞાન જીવનની પ્રાણશક્તિ છે અને અધ્યાત્મ જીવનનું ચિત્ત છે. ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય માનવજાતનું કલ્યાણ કરી શકે. અંધશ્રદ્ધાનો છેદ ઉડાડી વિવેકપૂર્ણ શ્રદ્ધાસહ ધર્મનું આચરણ જ આપણું કલ્યાણ કરી શકે.

* * *

**પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ**
**લખાયું હોય, કે ઉત્સૂત્ર પ્રરૂપણા**
**થઈ હોય તો ત્રિવિધે**
**મિચ્છામિ દુક્કડં.**